PREFACE.

The following pages have been published to supply a want long felt by students of Sanskrit Primer.

This book contains:-1 All rules translated in to Gujarati with numerous important additions and alterations 2 Extracts instead of rules from Kaumudi and new easy rules framed by its aid. 3. Special forms of nouns and verbs in whose declension and conjugation respectively majority of boys usually commit mistakes. 4 Numerous forms of Grammar not given in the the Primer. 5 Transla tion into Gujarati and English and into Gujarati and Sanskrit of Sanskrit and English sentences respectively.

A few words about each of the five points mentioned above:—

1 During the seven years that I have been 'orking as a Sanskrit Teacher I have been orally ictating the Gujarati translation of rules to my :udents and have been examining their Exercise ooks in the important time of school that would therwise bo better spent. By experience I have 'arnt and every Sanskrit teacher would admit ıat boys make a very good application of rules hen they have grasped them in their vernacular. ı many a school I have known, teachers have

been dictating translation of rules. For this purpose all the rules are translated in this book. In some places they are split up in order that young men can readily grasp and recollect. Vide rules of Lessons V, VI, VII & others.

Boys remember extracts of poetry more easily than those of prose. In like manner they remember Sutras & Vartikas of our sanskrit Grammar more easily than rules in prose form. For this purpose I have given in some lessons extracts from Kaumudi. *Vide* Page 1. New rules are also formed by its aid See lesson 16, 17 on the forms न्यसूव्रयम् न्यषीदम्.

Even students of higher classes of our High Schools commit the foolish mistake of saying वनौकसी and सुखभाजी as feminine bases of वनौकस् and सुखभाज् respectively. So some light is thrown on the formation of these bases also by framing rules.

3 Forms of अध्यूषिवस्, चकृवस्, जगन्वस्, अद् to eat, very often puzzle students, so they with many others are given ready-made.

4 Necessary important rules on the Passive Voice, the irregular forms of अम्बा, अक्का, नरी, अवी etc. the forms of किम् with चित्, important additions in the lesson of verbal derivatives and much other useful matter have been given.

5 Owing to the stiffness of examiners the Sanskrit standard of the Matriculation is every year being raised and consequently many Sanskrit

teachers of our High Schools have been trying to raise the Sanskrit standards.Some schools teach 27 to 30 lessons, instead of 22 in Std. IV. In the class, teachers have not sufficient time for revision. For these reasons boys write exercise books of translation and teachers manage to correct them. In such a case the translation in this book will be no small help. In some schools, teachers desire their students to write out translation from other reasons also. To them also this book will be of no little use.

One marked feature of the translation in this book is that each and every sentence is translated into Gujarati. Boys translate from Sanskrit into English and from English into Sanskrit, but many have not the idea of the exact purport of the sentences. This shortcoming will be removed by this book.

6 Lastly, in discharging my duty as a teacher to my satisfaction, I have often to give tuition to those good students who remain absent for a couple of days, and who join the school after some progress is done in the Vacation-time of school.

For such and many other private men fond of studying the old language of our Rishis, this book will serve the purpose of an able private teacher.

Haripura, Surat. }
21-1-1869 }

J. G. BHAKTA.

PREFACE TO THE FIFTH EDITION.

The popularity of these Guides is established among students and teachers. The rapid sale of the fourth Edition has necessitated the publication of the 5th Edition very soon and nothing more need be said here except thanks to the Sanskrit reading public for their appreciation.

Surat October 1911.

The Author.

A GUIDE TO SANSKRIT PRIMER

સંસ્કૃત માર્ગોપદેશિકા.

પ્રત્યેક સ્થાનમાં અક્ષરો સહેલથી યાદ રાખવા માટે આરંભમાં કૌમુદીમાંથી કટકા આપ્યા છે.

अकुहविसर्जनीयानांकण्ठः । अ अ, आ, कु–क् ख् ग् घ् ङ् ह् અને વિસર્ગ એટલા કંઠસ્થાની અક્ષરો છે.

इचुयशानां तालु । इ=इ, ई, चु=च् छ् ज् झ् ञ्, य् श् એટલા તાલુસ્થાની છે.

ऋटुरषाणांमूर्धा । ऋ=ऋ, ॠ, टु=ट् ठ् ड् ढ् ण् र् અને ष् એટલા મૂર્ધસ્થાની છે.

लृतुलसानां दन्ताः । लृ, तु=त् थ् द् ध् न् ल् અને स् એટલા દંતસ્થાની છે. સંસ્કૃતમાં દીર્ઘ ॡ નથી.

उपूपध्मानीयानामोष्ठौ । उ=उ, ऊ पु=प् फ् ब् भ् અને ⌣प्⌣ फ् એ ઉપધ્માનીય એટલા ઓષ્ઠસ્થાની છે.

यरलवा अन्तःस्थाः । य् र् ल् અને व् એટલા અંતઃસ્થ અથવા અર્ધસ્વર કહેવાય છે.

ञमङणनानांनासिका । ञ् म् ङ् ण् न् એ અક્ષરોનું નાસિકાસ્થાનછે.

नासिकानुस्वारस्य । અને અનુસ્વરનું પણ નાસિકાસ્થાન છે.

वकारस्य दन्तोष्ठम् । વકારનું સ્થાન દંતોષ્ઠ છે.

क् ख् च् छ् ट् ठ् त् थ् प् फ् श् ष् અને स् આતેર વ્યંજન **अघोष** વ્યંજન કહેવાય છે અને બાકીના **घोष** વ્યંજન કહેવાય છે.

क्થી શરૂ થતા પાંચ વ્યંજન**क्** વર્ગના અથવા **कु** કહેવાય છે. એજ પ્રમાણે **च** વર્ગ અથવા **चु**, **ट** વર્ગ અથવા **टु** વગેરે માટે સમજવું. દરેક વર્ગનો પહેલો, ત્રીજો, પાંચમો અને **य् र् ल्** અને **व्** એ **अल्पप्राण** કહેવાય છે. દરેક વર્ગનો બીજો, ચોથો અને **श् ष् स्** અને **ह्** એ **महाप्राण** કહેવાય છે.

૧ બહુ ઉતાવળથી નહિ તેમજ બહુ ધીરેથી નહીં એવી રીતે ઘુંટણની આસપાસ ફરી વળી હાથથી ટુચકી વગાડવામાં જેટલો વખત જાય તેને **मात्रा** કહે છે.

૨ જે સ્વરોનો ઉચ્ચાર કરવામાં એક માત્રા જેટલો વખત જાય તે **ह्रस्व स्वर** કહેવાય છે, તે નીચે પ્રમાણે છે.

अ, इ, उ, ऋ, ऌ,

૩ જે સ્વરનો ઉચ્ચાર કરવામાં બે માત્રા જેટલો વખત જાય તે **दीर्घस्वर** કહેવાય છે. ઉપર કહેલા હ્રસ્વસ્વરના દીર્ઘસ્વર નીચે પ્રમાણે છે:—

आ, ई, ऊ, ॠ, ऌ દીર્ઘ નથી એ પૂર્વે કહ્યું છે.

૪ **ए** અને **ऐ** એ સ્વરોનું સ્થાન **कण्ठतालु** છે.

ओ અને **औ** ——— **कण्ठोष्ठ छे.**

આ સ્વરો સંધિસ્વર કહેવાય છે તથા દીર્ઘ ગણાય છે.

૫ આઘેથી કોઇને બોલાવવામાં, તથા ગાવા રડવા વગેરે ક્રિયામાં સ્વર વધારે લંબાય છે ત્યારે તેને **प्लुत** કહે છે.

कृष्ण ३ अत्र पश्य કૃષ્ણ અહીં જો.

આમાં **कृष्ण** શબ્દનો છેલ્લો **अ** પ્લુત છે, અને **३** નિશાનીથી જણાવ્યો છે.

૬ એકજ સ્થાનના સ્વરો **सवर्ण** કહેવાય છે અથવા જે સ્વરો એકજ હોય અથવા જેમાં હ્રસ્વ દીર્ઘ માત્રાનોજ ફેર હોય તે **सवर्ण** સ્વર કહેવાય છે. નીચેનાં જોડકાં સવર્ણ છે. **अअ, अआ, आअ, आआ. इइ, ईई, उउ, ऊऊ, ऋऋ, ऌऌ** એ શિવાયનાં જે જોડકાં થાય તે **असवर्ण** કહેવાય છે. જેમકે **अइ, इउ, ऋअ, ऌउ, ऋओ** વગેરે.

પાઠ ૧ લો.

अस् to be નાં રૂપો.

अस्मि હું છું **स्वः** અમે બે છીએ. **स्मः** અમે છીએ.

असि તું છે. **स्थः** તમે બે છો. **स्थ** તમે છો.

अस्ति તે છે. **स्तः** તેઓ બે છે. **सन्ति** તેઓ છે.

अद् to eat નાં રૂપો.

अद्मि હું ખાઉં છું. **अद्वः** અમે બે ખાઇએ છીએ. **अद्मः** અમે ખાઇએ છીએ.

अत्सि તું ખાય છે. **अत्थः** તમે બે ખાઓ છો. **अत्थ** તમે ખાઓ છો.

अत्ति તે ખાય છે. **अत्तः** તેઓ બે ખાય છે. **अदन्ति** તેઓ ખાય છે.

સંસ્કૃતમાં ધાતુઓના ૧૦ વર્ગ પાડ્યા છે. જે '**गण**' કહેવાય છે. તથા તે ધાતુઓ બે જાતના પ્રત્યયો લે છે. **परस्मैपदना** પ્રત્યયો અને **आत्मनेपद** ના પ્રત્યયો. આ પરથી પરસ્મૈપદના પ્રત્યયો લેનાર ધાતુઓ પરસ્મૈપદી કહેવાય છે અને આત્મનેપદના પ્રત્યયો લેનાર ધાતુઓ આત્મનેપદી કહેવાય છે.

પાઠ ૧ થી ૪

વર્તમાનકાળમાં પરસ્મૈપદી ધાતુનાં રૂપો સધાવનાર નિયમો.

૧ કોઈ ધાતુનુ રૂપ તૈયાર કરવું હોય તો પહેલાં ધાતુ આવે છે, પછી ગણની નિશાની અને પછી પ્રત્યય આવે છે.

ગણની નિશાનીને સંસ્કૃતમાં **विकरणप्रत्यय** કહે છે.

૨ પ્રાઇમિરમાં કાટખુણાકૃતિ કૌંસમાં આપેલા રૂપને **आदेश** કહે છે. જેમકે [**गच्छ्**] [**मुञ्च्**] [**तिष्ठ्**] [**पश्य्**] [**पिब्**] [**यच्छ्**] વગેરે.

જો ધાતુનો **आदेश** આપેલો હોય છે તો ધાતુને બદલે **आदेशने** નિશાની તથા પ્રત્યયો લાગે છે. જેમકે **गच्छसि, मुञ्चसि, जायसे, विन्दते.**

आदेशो એ ગણની નિશાની લગાડતાં પૂર્વે **गुण, वृद्धि** કરવાના નિયમ પ્રમાણે ફેરવાઇને બનેલાં રૂપ નથી.

૩ પહેલા ગણની નિશાની **अ** છે.

બીજા ,, ,, નથી.

ચોથા ,, ,, **य** છે.

છઠ્ઠા ,, ,, **अ** છે.

દશમા ,, ,, **अय** છે.

૪ પહેલા ગણની નિશાની **अ** ઉમેરતાં પહેલાં જે ધાતુને છેડે સ્વર હોય તેના છેલ્લા સ્વરનો અને જે ધાતુને છેડે વ્યંજન હોય તેના છેલ્લા વ્યંજનની પહેલાના હ્રસ્વ સ્વરનો **गुण** થાય છે.

इ કે **ई** નો **गुण** **ए**.

उ ,, **ऊ** ,, ,, **ओ**.

ऋ ,, **ॠ** ,, ,, **अर्**.

ऌ, ,, **अल्** **ऌ** પરથી દીર્ઘ **ॡ** સંસ્કૃત ભાષામાં નથી.

જેમકે **नी+अ+ने+अ**	**वृत्+अ=वर्त्+अ=वर्त**
स्मि+अ+स्मे+अ	**स्मृ+अ=स्मर्+अ=स्मर.**
बुध्+अ=बोध्+अ=बोध.	
मुद्+अ=मोद्+अ=मोद.	**सृ+अ=सर्+अ=सर.**
वृध्+अ=वर्ध्+अ=वर्ध	**तॄ+अ=तर्+अ=तर.**

रक्ष् ના છેલ્લા **ष्** ની પહેલાં **क्** છે તે હ્રસ્વ સ્વર નથી. છેલ્લા અક્ષરની પહેલાનો=ઉપાંત્ય. **जीव्** નો ઉપાંત્ય દીર્ઘ **ई** છે માટે **गुण** થતો નથી. ૫ **ए**ની પછી કોઇ પણ સ્વર આવે તો **ए** નો **अय्** થાય છે.

ऐ ,, ,, ,, **ऐ** ,, **आय्** ,,

ओ ,, ,, ,, **ओ** ,, **अव्** ,,

औ ,, ,, ,, **औ** ,, **आव्** ,,

જેમકે **ने+अ=नय्+अ=नय, स्मे+अ=स्मय्+अ=स्मय, ह्वे+अ=ह्वय्+अ=ह्वय, गै+अ=गाय्+अ=गाय, ध्यै+अ=ध्याय्+अ+ध्याय, भो+अ=भव्+अ=भव, अश्वौ+उत्पततः=अश्वावुत्पततः; क्रोशौ+अस्ति=क्रोशावस्ति, बालौ+उद्याने+बालावुद्याने.**

Join the following by Sandhi.

ग्रामे+आसनम्, दास्यै+आधारः, हे गुरो+ईश्वर, जनौ+ईक्षे+इह.

૬ વર્તમાનકાલને શ્રીપાણિનિમુનિના સંસ્કૃત વ્યાકરણમાં **लट्** કહ્યો છે. એ કાલનાં ત્રણે પુરૂષોનાં વચનોના પ્રત્યયો.

પુ. Per.	એ. વ. Sing	દ્વિ. વ. Dual.	બ. વ. Plural
૧	**मि**	**वस्**	**मस्**
૨	**सि**	**थस्**	**थ**
૩	**ति**	**तस्**	**अन्ति**

ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં એક વચન અને બહુવચન એવાં બે વચનો છે અને સંસ્કૃતમાં ત્રણ વચનો છે. એકવચન, દ્વિવચન અને બહુવચન.

૭ **अ**ની પછી પહેલા પુરૂષનો **म्** કે **व्** થી શરૂ થતો પ્રત્યય આવે તો **अ** નો **आ** થાય છે. જેમકે **नय+मि=नयामि.**

૮ શબ્દને છેડે **स्** આવે તો તેનો વિસર્ગ થાય છે. જેમકે **वदामस्=वदामः; गच्छामस्=गच्छामः; नृपस्=नृपः**

શબ્દને છેડે **र्** આવે અને તેની પછી કોઈ **अघोष** વ્યંજન આવે અથવા કંઈ ન આવે તો તેનો વિસર્ગ થાય છે. જેમકે **चतुर्+पञ्चाशत्=चतुःपञ्चाशत्,पुनर्+करोति=पुनःकरोति,पुनर्+पतति=पुनः पतति, पुनर्+पुनर्=पुनः पुनः, अजागर्=अजागः, अवेर्=अवेः, हे मातर्=हे मातः, हे पितर्=हे पितः,**

૯ **अ** ની પછી **अ** થી શરૂ થતો પ્રત્યય આવે તો પહેલો **अ** ઉડી જાય છે. જેમકે **वद्+अन्ति= वदन्ति.**

૧૦ **ख् ग्** કે **घ्** ની પછી કોઈ **अघोष** વ્યંજન આવે તો **ख् ग्** કે **घ्** ને બદલે **क्** મૂકાય છે.

छ् ज् કે **झ्** ની પછી કોઈ **अघोष** વ્યંજન આવે તો **छ् ज्** કે **झ्** ને બદલે **च्** મૂકાય છે.

ठ् ड् કે **ढ्** ની પછી કોઈ **अघोष** વ્યંજન આવે તો **ठ् ड्** કે **ढ्** ને બદલે **ट्** મૂકાય છે.

थ् द् કે **ध्** ની પછી કોઈ **अघोष** વ્યંજન આવે તો **थ् द्** કે **ध्** ને બદલે **त्** મૂકાય છે.

फ् ब् કે **भ्** ની પછી કોઈ **अघोष** વ્યંજન આવે તો **फ् ब्** કે **भ्** ને બદલે **प्** મૂકાય છે.

જેમકે **जग्+सिव=जक्+सिव, अद्+ति=अत्ति, उद्+तिष्ठन्ति =उत्तिष्ठन्ति, उपानध्+सु=उपानत्सु, क्षुध्+पिपासा=क्षुत्पिपासा, तद्+त्वम्=तत्त्वम्, शरद्+सु=शरत्सु, ककुभ्+प्रान्तः=ककुप्प्रान्तः**

૧૧ ચોથા અને છઠ્ઠા ગણના ધાતુઓમાં પહેલાં ગણની માફક **गुण** થતો નથી.

જેમકે **क्षिप्** નું **क्षेप्** નહીં થાય. તેમજ **तुद्** નું **तोद्**, **कुप्** નું **कोप्** અને **श्लिष्** નું **श्लेष्** નહીં થાય.

૧૨ દશમા ગણની નિશાની **अय** ઉમેરતાં પહેલાં ધાતુઓનો છેલ્લો અક્ષર સ્વર હોય તો તે સ્વરની અથવા ઉપાંત્ય **अ** હોય તો તે **अ** ની **वृद्धि** થાય છે, પણ **कथ, गण्, रच्, वस्**, to scent ખુશબોદાર, સુગંધી કરવું, વગેરે ધાતુના **अ** ની વૃદ્ધિ થતી નથી.

अ ની **वृद्धि आ, इ** કે **ई** ની **वृद्धि ऐ, उ** કે **ऊ** ની **औ, ऋ** કે **ॠ** ની **आर्** અને **ऌ** ની **आल्**.

चि+अय=चै+अय=चाय्+अय=चायय,
धृ+अय=धार्+अय=धारय.
दृ+अय=दार्+अय=दारय.
तड्+अय=ताड्+अय=ताडय.

प्री ધાતુને માટે **प्रीण्** આદેશ આપ્યો છે માટે એની **ई** ની વૃદ્ધિ ન થાય **स्कन्द्** તથા **लङ्घ्** આ બે ધાતુમાં છેલ્લો અક્ષર તેમજ ઉપાંત્યાક્ષર સ્વર નથી માટે કંઈ ફેરફાર થાય નહીં.

૧૩ દશમા ગણની નિશાની **अय** ઉમેરતાં પહેલાં ધાતુઓના **अ** શિવાયના ઉપાંત્ય હ્રસ્વ સ્વરનો **गुण** થાય છે પણ **स्पृह्, मृग्** વગેરે ધાતુમાં થતો નથી. જેમકે **चुर्+अय=चोरय, घुष्+अय=घोषय.**

भूष् અને **पूज्** આ બે ધાતુઓમાં ઉપાંત્ય દીર્ઘ સ્વર **ऊ** હોવાથી તેનો ગુણ થતો નથી.

૧૪ પ્રાઇમિરમાં ચોથો પાઠ પૂરો થાય છે ત્યાર પછી પહેલા, ચોથા છઠ્ઠા તથા દશમાં એમ દરેક ગણના એકેક ધાતુના વર્તમાનકાળનાં રૂપ આપ્યાં છે. તે નમુના પ્રમાણે ચારે પાઠના ધાતુનાં રૂપ લેવાં.

उख्, भू, जि આ ધાતુઓ પહેલા ગણના છે. તેઓના વર્તમાન કાળના રૂપ ઉપરના નિયમોની મદદથી તૈયાર કરો. **ओखामि......, भवामि,......जयामि,...**

युज्, पृच्, सह्, वृज्, वृ, जॄ, रिच्, तप्, तृप्, दृभ् અને **अर्ह्** આટલા ધાતુઓ પહેલા તથા દશમા બંને ગણના છે. તેથી પહેલા તથા દશમા ગણના ધાતુઓ તરીકે એમનાં રૂપ તૈયાર કરો.

योजामि—योजयामि......जरामि—जारयामि...
पर्चामि—पर्चयामि.........रेचामि—रेचयामि...
सहामि—साहयामि........तपामि—तापयामि...
वर्जामि—वर्जयामि.........तर्पामि—तर्पयामि...
वरामि—वारयामि..........दर्भामि—दर्भयामि...
अर्हामि—अर्हयामि...

વાક્યો.

પાઠ ૧ લો.

હું બોલું છું. I Speak.
તું રક્ષણ કરે છે. Thou Protectest.
તે પડે છે. He falls.
તું જાણે છે. Thou knowest.
તું હાલે છે. Thou movest.
હું દોરવું-લઈ જાઉં છું. I lead.
તું રહે છે. Thou livest.
હું હાલું છું. I move.
તે જાય છે. He goes.
હું ખાઉં છું. I eat.
તે દોરવે છે. He leads.
હું જાણું છું. I know.
તે છે, થાય છે. He is.
તે ખાય છે. He eats.
તે છે. He is.

તું બોલે છે. **वदसि।**
તે બોલે છે. **वदति।**
તું જાય છે. **गच्छसि।**
હું જાઉં છું. **गच्छामि**
તે રહે છે. **वसति।**
હું રહું છું. **वसामि।**
તું પડે છે. **पतसि।**
તું ચાલે છે. **चरसि।**
તે જાણે છે. **बोधति।**

તું દોરવે છે. **नयसि ।**
તે હાલે છે. **सरति ।**
હું થાઉં છું. **भवामि ।**
તું ખાય છે. **अत्सि ।**
હું છું. **अस्मि ।**
તું છે. **असि ।**
તે જીવે છે. **जीवति ।**
તે તજે છે. **त्यजति ।**
તું નમે છે. **नमसि ।**
હું રાંધું છું. **पचामि ।**
તું બાળે છે. **दहसि ।**
હું રક્ષું છું. **रक्षामि ।**
તે ચાલે છે. **चरति ।**
હું જીવું છું. **जीवामि ।**
તે રાંધે છે. **पचति ।**
હું તજું છું. **त्यजामि ।**

પાઠ ૨ જો.

આપણે બોલીએ છીએ. We speak.
તેઓ જાય છે. They go.
તમે જાણો છો. You know.
અમે દોરવીએ છીએ. We lead.
તમે છો. You are.
તેઓ ખાય છે. They eat.
આપણે બાળીએ છીએ. We burn.
તેઓ છે. They are.
તમે જીવો છો. You liv[e].
તેઓ નમે છે. They bo[w].
આપણે પોષીએ છીએ. [We] nourish.
તેઓ નાશ પામે છે. T[hey] perish.
તમે નાચો છો. You danc[e].
આપણે મૂર્છા ખાઇએ છીએ. [We] faint.
તેઓ લોભ કરે છે. Th[ey] covet.
આપણે અડકીએ છીએ. [We] touch.
તમે ત્યજો–સજો છો. Y[ou] abandon, create.
તેઓ ઇચ્છે છે. They wish.
તમે પૂછો છો. You ask.
આપણે છોડીએ છીએ. We leav[e].
તેઓ પેસે છે. They enter

તમે બોલો છો. **वदथ ।**
અમે જઇએ છીએ. **गच्छाम[:]**
તેઓ જાણે છે. **बोधन्ति ।**
તમે લઇ જાઓ છો. **नयथ ।**
તેઓ થાય છે. **भवन्ति ।**
અમે રહીએ છીએ. **वसाम: ।**

ે ખાઓ છો. **अत्थ ।**
મે છીએ. **स्मः ।**
ઓ બાળે છે. **दहन्ति ।**
મે જીવીએ છીએ. **जीवामः ।**
ઓ દુઃખ દે છે. **तुदन्ति ।**
મે જીવો છો. **जीवथ ।**
ઓ પોષે છે. **पुष्यन्ति ।**
અમો નાશ પામીએ છીએ. **नश्यामः ।**
તેઓ નાચે છે. **नृत्यन्ति ।**
મે મૂઢ છો–ભૂલો છો. **मुह्यथ ।**
અમે લોભ કરીએ છીએ. **लुभ्यामः ।**
તેઓ અડકે છે. **स्पृशन्ति ।**
અમે જીતીએ છીએ. **जयामः ।**
મે લઈ જાઓ છો. **हरथ ।**
તેઓ જુએ છે. **पश्यन्ति ।**
અમે નાંખીએ છીએ. **अस्यामः ।**
આપણે પીએ છીએ. **पिबामः ।**
તમે યજો–પૂજો–ભજો છો. **यजथ ।**
તેઓ લઈ–વહી જાય છે. **वहन्ति ।**
અમે યાદ રાખીએ છીએ. **स्मरामः ।**
મે નાંખો છો. **अस्यथ ।**
ઓ ભેટે છે. **कुस्यन्ति ।**
અમે સંતોષ પામ્યા છીએ. **तुष्यामः ।**
તેઓ શોષાય–સૂકાય છે. **शुष्यन्ति ।**
તમે ગભડો છો. **लुठ्यथ ।**
મો સિંચો–છાંટો છો. **सिञ्चथ ।**

પાઠ ૩ જો.

અમે બે ચોરીએ છીએ. We two steal.

તમે બે દુઃખ દો છો. You two give pain.

તે બે કહે છે. They two tell.

અમે બે ગણીએ છીએ. We two count.

અમે બે પ્રકટ કરીએ છીએ. We two publish.

તે બે રચે છે. They two arrange.

અમે બે ખાઇએ છીએ. We two eat.

તમે બે ઢંઢેરો પીટો છો. You two proclaim.

અમે બે ઇચ્છીએ છીએ. We two desire.

તે બે ચિંતન કરે છે. They two think.

તમે બે રાજી કરો છો. You two please.

તે બે જાય છે. They two go.

અમે બે લઈ જઇએ છીએ. We two carry.

તે બે પ્રવેશે છે. They two enter.

તમે બે નમો છો. You two bow.

તે બે છે. They two are.

અમે બે સંભારીએ છીએ. We two remember,

તમે બે જિતો છો. You two conquer.

તે બે નાશ પામે છે. They two perish.

અમે બે નાચીએ છીએ. We two dance.

તે બે ઇચ્છે છે. They two wish.

તમે બે ચોરો છો. **चोरयथः ।**
તે બે દુઃખ દે છે. **पीडयतः ।**
અમે બે કહીએ છીએ. **कथयावः ।**
તમે બે ગણો છો. **गणयथः ।**
તે બે જુએ છે. **पश्यतः ।**
અમે બે રચીએ છીએ. **रचयावः ।**
તમે બે ઇચ્છો છો. **स्पृहयथः ।**
તે બે પ્રસિદ્ધ કરે છે. **घोषयतः ।**
અમે બે વિચારીએ છીએ. **चिन्तयावः ।**
તમે બે પ્રકટ કરો છો. **प्रथयथः ।**
તે બે પ્રસન્ન કરે છે. **प्रीणयतः ।**
અમે બે વખોડીએ છીએ. **निन्दावः ।**
તમે બે કોપો છો. **कुप्यथः ।**
તે બે ખેડે છે. **कृषतः ।**
અમે બે પૂજીએ છીએ. **पूजयावः ।**
તમે બે રવડો છો. **अटथः ।**
તે બે ઉછળે—અકળાય છે. **क्षुभ्यतः ।**
અમે બે વીણીએ છીએ. **उञ्छावः ।**
તે બે વર્ણવે છે. **वर्णयतः ।**
અમે બે ભેટીએ છીએ. **श्लिष्यावः ।**
તમે બે બબડો છો. **जल्पथः ।**
તે બે શાંત કરે છે. **सान्त्वयतः ।**
અમે બે વખાણીએ છીએ. **शंसावः ।**
તમે બે બોલો છો. **वदथः ।**
તે બે થાય છે. **भवतः ।**
તમે બે રાંધો છો. **पचथः ।**
અમે બે સમજીએ છીએ. **बोधावः ।**
તે બે ખાય છે. **अत्तः ।**
અમે બે સંતાપ પામીએ છીએ. **तुष्यावः ।**
તમે બે લોભ કરો છો. **लुभ्यथः ।**
તે બે ગબડે છે. **लुठ्यतः ।**
અમે બે અડકીએ છીએ. **स्पृशावः ।**
તમે બને પૂછો છો. **पृच्छथः ।**

પાઠ ૪ થો.

તું બોલે છે. Thou speakest.
તમે રહો છો. You dwell.
અમે જાણીએ છીએ We know.
તે સંભાળે છે. He protects.
હું પડું છું. I fall.
તેઓ લઇ જાય છે They lead.
તમે બે ખાઓ છો. You two eat.
તેઓ છે. They are.
તું નાશ પામે છે. Thou perishest.
તે નાચે છે. He dances.
અમે પેંસીએ છીએ We enter.
તમે બે પૂછો છો. You two ask.
તે મોહ પામે છે. He is silly.
હું ઇચ્છું છું. I wish.
તમે છોડો છો. You leave.
તે અડકે છે. He touches.
તમને સ્મરણ છે. You remember.
તે બે લઇ જાય છે—વહે છે They two bear or–flow.
તે છાંટે છે He sprinkles.
તેઓ ગબડે છે. They wallow.
હું સંતોષ પામું છું. I am satisfied.
તમે બે નાંખો છો. You two throw.
હું કહું છું. I tell.
તમે વખાણો છો. You praise.
તું મારે છે. Thou beatest.
તેઓ ઉગે છે. They grow.
તેઓ પૂજે છે. They worship.
હું ઉભો રહું છું. I stand.
તમે ઇચ્છો છો. You desire.
તે ધુએ છે. He washes off.
તે બે ક્ષીણ થાય છે–ક્ષય પામે છે-ઘટે છે. They two waste away.
હું ખાઉં છું. I eat.
અમે જીવીએ છીએ. We live.
તમે છોડો છો. You abandon.
તેઓ રાંધે છે. They cook.
હું પોષું છું. I nourish.
તે બે લઇ જાય છે. They two take away.
તું જીતે છે. Thou conquerest.
તેઓ પીએ છે. They drink.
અમે બે જોઇએ છીએ. We two see.

તે બોલાવે છે. He calls.

તેઓ દુઃખ દે છે. They give pain.

અમે ભજીએ છીએ. We worship

હું થાક્યો છું. I am weary.

તમે દાંડી પીટો છો. You pr-o claim.

તે ગણે છે. He counts.

આપણે ખેડીએ છીએ. We plough.

તેઓ પીગાળે છે. They melt.

તે ચિંતવે છે. He thinks.

તે પોષે છે. **पुष्यति ।**

હું નાચું છું. **नृत्यामि ।**

તમે લોભ કરો છો. **लुभ्यथ ।**

તે પેસે છે. **विशति ।**

તું ઇચ્છે છે. **इच्छसि ।**

હું પૂજું છું. **यजामि-पूजयामि ।**

તું દુઃખ દે છે. **पीडयसि ।**

તે ઉગે છે. **रोहति ।**

અમે બોલાવીએ છીએ. **ह्वयामः ।**

તે મૂઢ છે. **मुह्यति ।**

તેઓ સંતોષાયા છે. **तुष्यन्ति ।**

હું જિતું છું. **जयामि ।**

તમે જાઓ છો. **गच्छथ ।**

તું થાક્યો છે. **श्राम्यसि ।**

હું ઇચ્છું છું. **स्पृहामि ।**

અમે બે પીએ છીએ. **पिबावः ।**

તમે બાળો છો. **दहय ।**

તેઓ ધુએ છે. **क्षालयन्ति ।**

તે ઘટે છે. **क्षयति ।**

તું કહે છે. **कथयसि ।**

તે તોળે છે. **तोलयति ।**

તેઓ ચોરે છે. **चोरयन्ति ।**

તમે ગોઠવો છો. **रचयथ ।**

તે ઢંઢેરો પીટે છે. **घोषयति ।**

મને સાંભરે છે. **स्मरामि ।**

તે બે રહે છે. **वसतः ।**

અમે લઇએ છીએ. **हरामः ।**

તમે કહો છો. **कथयथ ।**

તું અડકે છે. **स्पृशसि ।**

તેઓ ઇચ્છે છે. **वाञ्छन्ति ।**

તમે બે જાઓ છો. **गच्छथः ।**

તે ચોરે છે. **चोरयति ।**

અમે બે છઇએ. **स्वः ।**

તું પ્રસન્ન કરે છે. **प्रीणयसि ।**

હું પેસું છું. **विशामि ।**

તેઓ મારે છે. **ताडयन्ति ।**

અમે બે રાંધીએ છીએ. **पचावः ।**

તમે ભજો છો. **यजथ ।**

ધાતુઓની પૂર્વે ઉપસર્ગ લગાડવાથી તેમના મૂળ અર્થમાં ઘણી વખત ફેરફાર થાય છે, જેમ કે—

करोति=કરે છે. does.
अनुकरोति=નકલ કરે છે. imitates.
क्राम्यति=જાય છે, goes.
अतिक्राम्यति=ને ઓળંગી જાય છે. transgresses.
प्रक्राम्यति=નીકળે છે Proceeds
गच्छति=જાય છે. goes.
अधिगच्छति=મેળવે છે, obtains જાણે છે. knows.
अनुगच्छति=ની પાછળ જાય છે, follows.
अपगच्छति=જાય છે. goes away
अपिगच्छति } ની સમીપ
अभिगच्छति } જાય છે, approaches
आगच्छति=આવે છે, comes.
उद्गच्छति=ચઢે છે, rises.
उपगच्छति=ની પાસે જાય છે. appreacbes.
संगच्छते=મળે છે, unites.
तरति=ઓળંગે છે. crosses.
अवतरति=ઉતરે છે, descends
दधाति=મૂકે છે, places.

अपिदधाति } =ઢાંકે છે, બંધ કરે
पिदधाति } છે. shuts.
नयति=લઈ જાય છે, leads.
परिणयति=પરણે છે, marries.
रोहति=ઉગે છે, grows.
अधिरोहति=ચઢે છે, ascends.
आरोहति=પર ચઢે છે, ascends.
वर्तते=છે, is.
परावर्तते=પાછા ફરે છે, turns back.
पतति=પડે છે, falls.
उत्पतति કુદે છે, jumps.
सीदति= { બેસે છે. sits.
દબાઈ રહે છે, sinks down.
રહે છે, despairs ચીમળાય છે. perishes.
નાશ પામે છે, perishes. }
निषीदति=બેસે છે, sits down.
भाषते=બોલે છે, speaks.
प्रतिभाषते=જવાબ આપે છે, replies.
श्लिष्यति=ભેટે છે, embraces.
विश्लिष्यति=છુટા પાડે છે, separates.

કોઈ વખત ઉપસર્ગ લાગવાથી ધાતુનો અર્થ બદ્લુ ફરતો નથી. પણ કાયમ જેવો રહે છે,

ईक्षते=જુએ છે. **प्रेक्षते**=જુએ છે.

नमति=નમે છે. **प्रणमति**=નમે છે.

ધાતુની પહેલાં એક કરતાં વધારે ઉપસર્ગ પણ આવી શકે છે.

अभि+उप+गच्छति+अभ्युपगच्छति ।

सम्+उप+सरति=समुपसरति ।

वि+अव+हरति=व्यवहरति ।

सम्+अधि=गच्छति=समधिगच्छति ।

શબ્દને છેડે **म्** આવે અને તેની પછી **श् ष् स् र्** કે **ह्** આવે તો **म्** નો અનુસ્વાર જરૂર થાય છે. આ શિવાયનો બીજો વ્યંજન આવે તો વિકલ્પે કરીને થાય છે. જો અનુસ્વાર ન કરીએ તો **म्** ની પછીનો વ્યંજન જે વર્ગનો હોય તે વર્ગનો અનુનાસિક **म्** ને બદલે મૂકાય છે અને **म्** ની પછીનો વ્યંજન જો **य् व्** કે **ल्** હોય તો **म्** ને બદલે અનુનાસિક **य् व्** કે **ल्** અનુક્રમે મુકાય છે. (ઘણું ખરૂં **म्** નો અનુસ્વરજ કરાય છે.) જેમ કેઃ—

जनम्+शंसति=जनं शंसति ।

अहम्+शिवपुत्रम्+षण्मुखम्+स्तौमि=शिवपुत्रं षण्मुखं स्तौमि ॥

नित्यम्+रमते=नित्यं रमते ।

अजाम्+हरति=अजां हरति ।

त्वम्+करोषि=त्वं or **त्वङ्करोषि ।**

सम्+गच्छते=संगच्छते or **सङ्गच्छते ।**

धनम्+चिनोति=धनं चिनोति or **धनञ्चिनोति ।**

वनम्+टीकते=वनं टीकते or **वनण्टीकते ।**

धनम्+नश्यति=धनं नश्यति ।

सुखम्+प्रीणयति=सुखं प्रीणयति or **सुखम् प्रीणयति ।**

सम्+यच्छति=संयच्छति or **सँय्यच्छति ।**

વિકલ્પે કરીને થાય=થાય અથવા નહીં થાય.

सम्+यन्ता=संयन्ता or सँय्यन्ता ।
सम्+वत्सरः=संवत्सरः or सँव्वत्सरः ।
भारम्+वहति=भारं वहति or भारँव्वहति ।
द्रव्यम्+लभते=द्रव्यं लभते or द्रव्यँल्लभते ।
यम्+लोकम्=यं लोकम् or यँल्लोकम् ।

પાઠ ૫ મો.

નિયમો.

જો अ કે आनी પછી ए કે ऐ આવે તો બંનેને બદલે ऐ મુકાય છે. તેથી अ+ए=ऐ. अ+ऐ=ऐ. आ+ए=ऐ आ+ऐ=ऐ દાખલા:-कृष्ण+एकत्वम्=कृष्णैकत्वम्, देव+ऐश्वर्यम्, देवैश्वर्यम् तव+एव=तवैव.

જો अ કે आनी પછી ओ કે औ આવે તો બંનેને બદલે औ મુકાય છે. તેથી अ+ओ=औ अ+औ=औ आ+ओ=औ आ+औ=औ.

દાખલા:-वन+औषधिः=वनौषधिः नृप+औ=नृपौ.

જો अ કે आनी પછી अ કે आ આવે તો બંનેને બદલે आ મુકાય છે. જેમકે क+अस्ति=कास्ति, न+आशासे=नाशासे, शरण+आगतः=शरणागतः, विश्व+आधार=विश्वाधारः

જો इ કે ईनी પછી इ કે ई આવે તો બંનેને બદલે ई મુકાય છે. જેમકે परि+ईक्षे=परीक्षे, गिरि+ईशः=गिरीशः,

જો उ કે ऊनी પછી उ કે ऊ આવે તો બંનેને બદલે ऊ મુકાય છે. જેમકે आसनेषु+उपविशन्ति=आसनेषूपविशन्ति, भानु+उदयः=भानूदयः

જો ऋ કે ॠनी પછી ऋ કે ॠ આવે તો બંનેને બદલે ॠ મુકાય છે. જેમકે होतृ+ऋकारः=होतॄकारः, कर्तृ+ऋजुः=कर्तॄजुः.

જો ऌनी પછી ऌ આવે તો બંનેને બદલે ऋ દીર્ઘ મુકાય છે. જેમકે होतॢ+ऌकारः=होतॄकारः, कर्तॄ ऋजु=कर्तॄजुः

જો अ કે आनी પછી इ કે ई આવે તો બંનેને બદલે ए મુકાય છે. જેમકે फल+इ=फले, देव+ईशः=देवेशः

જો **अ** કે **आ**ની પછી **उ** કે **ऊ** આવે તો બંનેને બદલે **ओ** મુકાય છે જેમકે **गङ्गा+उदकम्=गङ्गोदकम्.**

સંસ્કૃતમાં પ્રત્યયો બે જાતના છે. **सुप्** અને **तिङ्**; **सुप्** એ નામ, સર્વનામ તથા વિશેષણને લાગે છે અને **तिङ्**, એ ધાતુને લાગે છે. પ્રત્યયો લાગવાથી થયલા રૂપને પદ કહે છે. જેમકે **नृपः, अश्वौ, सर्वः, अन्यः, गच्छति, चरतः, यजामि** વગેરે.

જો પદની અંદર **अ** કે **आ**ની પછી **ऋ** કે **ॠ** આવે તો બંનેને બદલે **अर्** મુકાય છે. જેમકે **प्र+ऋषभः=प्रर्षभः**

જો **अ** કે **आ**ની પછી **ऌ** આવે તો બંનેને બદલે **अल्** મુકાય છે. જેમકે **तव+ऌकारः=तवल्कारः**

Join by sandhi:—**पूर्ण+इन्दु, परम+ईश्वर, ज्ञान+इन्द्रिय, भाग्य+उदय, हित+उपदेश, सूर्य+उदय.**

વિસર્ગની પૂર્વે **अ** હોય અને તેની પછી **अ** કે ઘોષ વ્યંજન હોય તો વિસર્ગ અને તેની પૂર્વનો **अ** બંનેને બદલે **ओ** મુકાય છે. જેમકે **रामः+अश्वम्=रामो अश्वम्, योधः+असिम्=योधो असिम्, हस्तः+अस्यति=हस्तो अस्यति, नृपः+जयति=नृपो जयति, वक्षः+भिः=वक्षोभिः**

Join by sandhi:—**नरः अस्ति; जनः गच्छति, मनुष्यः वदति, व्याधयः नश्यन्ति** and **पुत्रः जनकम्.**

પદને અંતે **ए** કે **ओ** આવે અને તેની પછી **अ** આવે તો તે **अ** પૂર્વના **ए** કે **ओ** ને રૂપે થઈ જાય છે, એટલે **ए+अ=ए**, અને **ओ+अ=ओ.** આ **अ** ને સ્થાને ઘણું ખરૂં અવગ્રહ મુકાય છે. જેમકે **रामो+अश्वम्=रामोऽश्वम्** અથવા **रामोश्वम्, कौशिको+अस्मि=कौशिकोऽस्मि** અથવા **कौशिकोस्मि, ने+अति+नयति,** એમાં **ए** પદને અંતે નથી માટે **अ, ए** માં મળી ગયો નહીં.

વિસર્ગની પૂર્વે **आ** હોય અને તેની પછી સ્વર કે ઘોષ વ્યંજન હોય તો વિસર્ગનો લોપ થાય છે જેમકે **जनाः+वदन्ति=जना वदन्ति अश्वाः उत्पतन्ति=अश्वा उत्पतन्ति, माः+भिः=माभिः**

Join by sandhi:—

नराः अटन्ति, नृपाः इच्छन्ति, भिक्षुकाः वदन्ति, मूर्खाः जल्पन्ति, विहंगाः डयन्ते, शिष्या नमन्ति.

વિસર્ગની પૂર્વે **अ** હોય અને પછી **अ** શિવાયનો સ્વર આવે તો વિસર્ગનો લોપ થાય છે. જેમકે **कवयः+ऋषीन्=कवय ऋषीन्, धर्मः+उपदिश्यते=धर्म उपदिश्यते.**

Join by sandhi:—

पुरुषः आधारः, नरः इच्छति, जनः उच्छति, जीवः ऋच्छति नृपः एधते, कुमारः ओदनम्.

વિસર્ગનો લોપ થવાથી બે સ્વર સાથે આવે તો તેમની સંધિ થતી નથી જેમકે **अश्वा उत्पतन्ति, नृपा उपहारैः ।**

Join by sandhi:—

मनुष्याः आस्ते, धर्मः इह, देवाः अत्र, हराः ऋषिः, नृपाः आदिशन्ति, नराः एधन्ते.

એકજ પદમાં **ऋ, र्,** કે **ष्** ની પછી તરતજ **न्** આવે તો તે **न्** નો **ण्** થાય છે. જેમકે **मृन्+मय=मृण्मय, दीर्+न=दीर्ण, स्निष्+नेह=स्निष्णेह.**

એ **ऋ, र्** કે **ष्** ની પછી વચ્ચે સ્વર, **ल** શિવાયના અર્ધસ્વર, કંઠસ્થાની, ઓષ્ઠસ્થાની અને **ह्** એમાંનો એક કે વધારે આવે તોપણ **न्** નો **ण** થાય છે. જેમકે **गृहानि=गृहाणि, वारिना=वारिणा, इन्द्रानी=इन्द्राणी, नृपेन,=नृपेण, गुरूनाम=गुरूणाम्, बहुना, कायेन** આ શબ્દમાં **ऋ, र्** કે **ष्** કોઇપણ નથી માટે **न्** નો **ण्** થાય નહીં. **वर्जेन** એમાં **र्** છે પણ **र्** અને **न्** ની વચ્ચે આવેલા **ण्** અને **ए** એમાંનો **ण्** વચ્ચે આવી શકે તેવો નથી.

શબ્દની છેડેના **न्** નો અથવા પદમાં **न्** ની પછી **त्, थ्, द्,** કે **ध्** આવે તો તે **न्** નો **ण्** થતો નથી. દાખલા:—

1 **पृ+ना+मि=पृणामि, वृ+ना+मि,। वृणामि, नृ+नाम=नृणाम्, गन्तृ+मृ+इ=गन्तृणि,** આ શબ્દમાં એકજ પદમાં **ऋ** અથવા **ॠ** ની પછી તરતજ **न्** આવ્યો છે તેથી તેનો **ण्** થયો છે.

2 **तीर्+न+तीर्ण, पूर्+न+पूर्ण, जीर्+न=जीर्ण.** આમાં એકજ શબ્દમાં **र्** પછી તરતજ **न्** આવ્યો તેથી તેનો **ण्** થયો છે.

3 **कृष्+न=कृष्ण, तृष्+ना=तृष्णा,** આ શબ્દમાં એકજ પદમાં **ष्** ની પછી તરતજ **न्** આવ્યો છે તેથી તેનો **ण्** થયો છે.

4 **नृपेन=न्+ऋ=प्+ए+न्+अ=नृपेण.** આમાં **ऋ** અને **न्** ની વચ્ચે **प्+ए**, **प्** વર્ગનો અક્ષર અને સ્વર **ए** આવેલા છે તે આવી શકે એવા છે.

गृहानि=ग्+ऋ+ह्+आ+न्+इ=गृहाणि. આમાં **ऋ** અને **न्** ની વચ્ચે **ह्** અને **आ** એ આવી શકે એવા અક્ષરો છે, **रामेण=र्+आ+म्+ए+न्+अ=रामेण.** આમાં **र्** અને **न्** ની વચ્ચે બે સ્વર અને એક **प** વર્ગનો વ્યંજન આવેલા છે. **सुरभि+ना=सुरभिणा, ऋषि+ना=ऋषिणा, सर्वा+नि=सर्वाणि.**

5 **बहुना' कायेन. फलेन, लघुना** અને **बन्धुना** આ શબ્દોમાં **न्** છે પણ તેની પહેલાં **ऋ र्** કે **ष** નથી, તેથી **न्** નો **ण्** થયો નથી.

6 **पर्णेन, राक्षसेन, कृशीवलेन, अरण्यानि, गच्छन्ति, चलन्ति वन्दन्ते, विन्दन्ते, नृपान्, गुरून्** આ શબ્દોમાં **न्** નો **ण्** થયો નથી. તેના કારણો ઉપરના નિયમોમાંથી શોધી કાઢો.

7 **हे पितर् नमः ॥ पुनर्+नयति ॥** આમાં **र्** અને **न्** જુદા જુદા પદમાં છે. તેથી **न्** નો **ण्** થયો નથી. પણ **परि+नयति=परिणयति** અને **प्र+नमति=प्रणमति** આમાં **न्** નો **ण्** થયો છે. કારણ કે **परि** અને **प्र** એ ઉપસર્ગો લાગવાથી પદ તો એકજ રહે છે.

Indeclinable. જેમના રૂપ ન લેવાય તે શબ્દો અવ્યયો, જેમકે **न, विना, स्वस्ति, नमः, प्र, परा** વિગેરે.

स् અથવા વિસર્ગની પૂર્વે **अ** કે **आ** આ શિવાયનો સ્વર આવે અને તેની પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે તો તેનો **र्** થાય છે. જેમકે **नृपतिः यजति=नृपतिर्यजति, नृपतिः अरीन्=नृपतिररीन् वीरयोः युद्धम्=वीरयोर्युद्धम्.**

Join by sandhi:—

कविः+वर्णयति, रत्नैः+भूषयति, यतिः+अरण्यम्, शीर्षैः+ भारान्, मुहुस्+मुहुस्, बहिस्+गच्छति, निस्+आचार, दुस्+ आचार, पत्तिभिः+गच्छति.

र् ની પછી **र्** આવે તો આગલો **र्** ઉડી જાય છે, અને તેની પૂર્વે હ્રસ્વ **अ, इ** કે **उ** હોય તો દીર્ઘ થાય છે. **धूर्जटिर् रक्षति= धूर्जटी रक्षति हरिर् राशीन्=हरी राशीन्, बालकैर्, रमते= बालकै रमते, पुनर्+रमते=पुना रमते.**

વિસર્ગની પછી **श्, ष्, स्**, આવે અને તેની પછી અઘોષ વ્યંજન આવે તો વિસર્ગ કાયમ રહે છે અથવા તેને બદલે **श, ष्,** કે **स** અનુક્રમે મુકાય છે. જેમકે **ऋषयः शाम्यन्ति=ऋषयः शाम्यन्ति** અથવા **ऋषयश्शाम्यन्ति, चन्द्रमः+ सु=चन्द्रमःसु** અથવા **चन्द्रमस्सु.**

વિસર્ગની પછી **श्, ष्, स्**, આવે અને તેની પછી કોઈ અઘોષ વ્યંજન આવે તો વિસર્ગ ઉડી જાય છે અથવા કાયમ રહે છે અથવા તેની પછી **श्** હોય તો વિસર્ગને સ્થાને **श्** મુકાય છે. **ष्** હોય તો **ष्** મુકાય છે અને **स्** હોય તો **स्** મુકાય છે. જેમકે **जलबिन्दुः श्च्योतति= जलबिन्दु श्च्योतति, जलबिन्दुः श्च्योतति जलबिन्दुश्श्च्योतति । बालःस्पृहयति=बाल स्पृहयति, बालःस्पृहयति, बालस्स्पृहयति । दण्डैःस्तेनम्=दण्डै स्तेनम्, दण्डैःस्तेनम्, दण्डैस्स्तेनम् । शिरोभिः स्तृणाति=शिरोभि स्तृणाति,शिरोभिःस्तृणाति,शिरोभिस्स्तृणाति। रामःस्थाता=राम स्थाता, रामः स्थाता, रामस्स्थाता. ।**

પદને અન્તે=પદાન્ત.

प्रशान् શબ્દ શિવાયના પદાન્ત **न्** ની પછી **च्, छ, ट्, ठ्, त्,** કે **थ्** આવે તો આગલા **न्** ને બદલે અનુસ્વાર અને વિસર્ગ મુકાય છે. જેમકે **बिडालान्+ताडयति=बिडालांः ताडयति,** પણ **प्रशान्+ तनोति प्रशान्तनोति**

વિસર્ગની પછી **च्,** કે **छ्**, આવે તો તે વિસર્ગને બદલે **श्** મુકાય છે. જેમકે **प्रकाशः+चण्डः=प्रकाशश्चण्डः**

વિસર્ગની પછી ट् કે ठ् આવે તો વિસર્ગને બદલે ष् મુકાય છે જેમકે बालः+टीकते=बालष्टीकते.

વિસર્ગની પછી त् કે थ् આવે અને તેની પછી श् ष् કે स् ન હોય તો વિસર્ગને બદલે स् મુકાય છે. જેમકે बिडालाः+त्रायति=बिडालास्त्रायति, व्याधिः+तुदति=व्याधिस्तुदति.

વિસર્ગની પછી त् કે थ् આવે અને તે त् કે थ् ની પછી श ष् કે स् હોય તો વિસર્ગ કાયમ રહે છે. જેમ કે कः त्सरुः

વિસર્ગની પછી क्, ख्, पं કે ष् આવે તો ઘણું ખરૂં વિસર્ગ કાયમ રહે છે. नरः पतति, जनः खनति. व्याधिः, पीडयति, शिशुः क्रामति, वृक्षः फलति, व्याधिः शिशुः આ શબ્દોમાં વિસર્ગ પ્રત્યયના स् ને બદલે આવેલો છે. પણ પ્રત્યયને ન લાગતા વિસર્ગની પૂર્વે હ્રસ્વ इ કે उ આવ્યો હોય અને તેની પછી क्, ख् प् આવે તો તે વિસર્ગનો ष् થાય છે. જેમકે निस्+कारणम्=निष्कारणम्, दुस्+कालः=दुष्कालः, निस्+फलम्=निष्फलम्, निस्+पीडनम्=निष्पीडनम्. दुस्+पूरः=दुष्पूरः

વાકયો.

नृपः जयति । રાજા જીતે છે. A king conquers.
अश्वौ उत्पततः । બે ઘોડા કુદે છે. Two horses jump.
जनाः वदन्ति । માણસો બોલે છે. Men speak.
बालः स्पृहति । બાળક ઇચ્છે છે. A child desires.
गृहाणि रक्षन्ति । ઘરો રક્ષણ કરે છે. Houses protect.
नेत्रे पश्यतः । બે આંખે જુએ છે. Two eyes see.
मेघः सिञ्चति । વાદળું છાંટે છે. A cloud sprinkles.
बुधौ मुञ्चतः । બે ડાહ્યા માણસ છોડે છે. Two wise men release.
पवनः हरति । વાયુ લઇ જાય છે. The wind carries away.
सुखम् प्रीणयति સુખ પ્રસન્ન કરે છે. Happiness pleases.
जीवो मुह्यति । પ્રાણી મુર્ચ્છા ખાય છે. The animal faints.

हस्तौ हरतः બે હાથ લઈ જાય છે. Two hands take away.
मुखानि द्रवन्ति । મ્હોંડા ગળે છે. Mouths water.
दुःखम् पीडयति । દુઃખ પીડે છે. Misery gives pain.
रामः पूजयति । રામ પૂજન કરે છે. Rama worships.
पुत्रौ तुष्यतः। બે છોકરા સંતોષ પામે છે. Two sons are satisfied.
जलम् शुष्यति । પાણી સુકાય છે. Water dries.
मूर्खौ कुप्यतः । બે મૂર્ખ ક્રોધે ભરાય છે. Two fools become angry.
कूर्मः सरति । કાચબો હાલે છે. A tortoise moves.
फले पततः । બે ફળ પડે છે. Two fruits fall.
धनम् नश्यति । પૈસો નાશ પામે છે. Wealth perishes.
नरा गच्छन्ति । મનુષ્યો જાય છે. Men go.
कमले नृत्यतः । બે કમળો ઝોલ્લા ખાય છે. Two lotuses dance.
मित्राणि कथयन्ति । મિત્રો કહે છે. Friends tell.
सूदः विशति । રસોઇઓ પેસે છે. A cook enters.
समुद्रः शाम्यति । દરિયો શાંત છે. The sea is calm.

રાજાઓ રક્ષણ કરે છે. **नृपाः रक्षन्ति । नृपा रक्षन्ति ।**
બે છોકરાં ગબડે છે. **बालौ लुठ्यतः ।**
છોકરો રાજી કરે છે. **पुत्रः प्रीणयति ।**
ઘોડા ખુડુક ખુડુક દોડે છે. **अश्वाः उत्पतन्ति अश्वा उत्पतन्ति.**
પવનો લઈ જાય છે. **पवनाः वहन्ति । पवना वहन्ति ।**
ઇશ્વર સર્જે છે. **ईश्वरः सृजति ।**
वृक्षाः रोहन्ति । वृक्षा रोहन्ति । ઝાડો ઉગે છે.
બે કાચબા સરે છે. **कूर्मौ सरतः ।**
પ્રાણીઓ નાશ પામે છે. **जीवाः नश्यन्ति । जीवा नश्यन्ति ।**
હાથ ફેંકે છે. **हस्तः अस्यति । हस्तोऽस्यति ।**

દેવતા બાળે છે **अग्निः दहति । अग्निर्दहति ।**
આંખ ફરકે છે. **नेत्रम् स्फुरति । नेत्रं स्फुरति ।**
બે સમુદ્ર ઉછળે છે. **समुद्रौ क्षुभ्यतः ।**
ડાહ્યો પુરૂષ શાંત છે. **बुधः शाम्यति । बुधश्शाम्यति ।**
મૂર્ખાઓ બબડે છે. **मूर्खाः जल्पन्ति । मूर्खा जल्पन्ति ।**
મિત્ર પૂછે છે. **मित्रम् पृच्छति । मित्रं पृच्छति ।**
પાંદડાં પડે છે. **पर्णानि पतन्ति ।**
હૈયું ઠરે છે. **हृदयम् तुष्यति । हृदयं तुष्यति ।**
રસોઇઆઓ રાંધે છે. **सूदाः पचन्ति ।**
લોકો નિંદે છે. **जनाः निन्दन्ति । जना निन्दन्ति ।**
માણસ કહે છે. **जनः शंसति । जनश्शंसति ।**
કમળ શોભાવે છે. **कमलम् भूषयति ।**
મ્હોડું બોલે છે. **मुखम् वदति । मुखं वदति ।**

उदधिः क्षुभ्यति । મહાસાગર ઉછળે છે. The ocean is agitated.
कपयः क्षिपन्ति । વાંદરાં ફેંકે છે. Monkeys throw.
ऋषी चिन्तयतः । બે ઋષિ ચિંતન કરે છે. Two sages think.
अरिः पीडयति । શત્રુ પીડે છે. An enemy gives pain.
पाणी हरतः । બે હાથ લઇ જાય છે. Two hands take away.
नृपतिः यजति । રાજા પૂજન કરે છે. The king worships.
वारीणि शुष्यन्ति । જળ સુકાય છે. Waters dry.
अग्निः दहति । દેવતા બાળે છે. Fire burns.
कवयः शंसन्ति । કવિઓ વખાણે છે. Poets praise.
वारि न अस्ति । પાણી નથી. There is no water.
गिरिः वहति । પર્વત ધારણ કરે છે. A mountain bears.
व्याधयः नश्यन्ति । રોગો નાશ પામે છે. Diseases perish.
पविः पतति । ઈંદ્રનું વજ્ર પડે છે. Indra's thunderbolt falls.

असयः पतन्ति । તરવારો પડે છે. Swords fall.
यती चिन्तयतः । બે યોગી ચિંતવે છે. Two ascetics think:-
શિવ રક્ષે છે. **धूर्जटिः रक्षति । धूर्जटी रक्षति ।**
ઋષિઓ શાંત હોય છે. **ऋषयः शाम्यन्ति । ऋषयश्शाम्यन्ति ।**
વાનરો દોડે છે. **कपयः धावन्ति । कपयो धावन्ति ।**
કવિ વર્ણે છે. **कविः वर्णयति । कविर्वर्णयति ।**
રાજાઓ દોરવે છે. **नृपतयः नयन्ति । नृपतयो नयन्ति ।**
બે અગ્નિ શાંત થાય છે. **अग्नी शाम्यतः ।**
વ્યાધિ પીડે છે. **व्याधिः तुदति । व्याधिस्तुदति ।**
યોગીઓ ઇચ્છતા નથી. **यतयः न स्पृहयन्ति । यतयो न स्पृहयन्ति ।**
તરવાર પડે છે. **असिः पतति ।**
બે શત્રુઓ જીતે છે. **अरी जयतः ।**
હરિ ક્રોધે ભરાય છે. **हरिः कुप्यति ।**
હાથ છાંટે છે. **पाणिः सिञ्चति ।**
પર્વત ઉભો છે. **पर्वतः तिष्ठति । पर्वतस्तिष्ठति ।**

પાઠ ૬ ઠો.

નિયમો.

ગતિવાચક ક્રિયાપદોની સાથે જે સ્થાન તરફ ગતિ થાય છે તેના નામની બીજી અને કોઇક વખતે ચોથી વિભક્તિ આવે છે. જેમકે ગામમાં જાય છે **ग्रामे** નહીં પણ **ग्रामं गच्छति,** તેજ પ્રમાણે **ग्रामेषु** નહીં પણ **ग्रामान् अटति, ग्रामयोः** નહીં પણ **ग्रामौ विशामः ।**

જો **इ** કે **ई** ની પછી કોઈ અસવર્ણ સ્વર આવે તો **इ** કે **ई** ને બદલે **य्** મુકાય છે. જેમકે **तृणानि+अत्ति=तृणान्यत्ति, अत्ति+अश्वः =अत्त्यश्वः, इति+उच्यते=इत्युच्यते, प्रति+उत्तर=प्रत्युत्तर.**

જો **उ** કે **ऊ** ની પછી કોઈ અસવર્ણ સ્વર આવે તો **उ** કે **ऊ** ને બદલે, **व्** મુકાય છે. જેમકે **मधु+अरिः=मध्वरिः, वसु+ईश्वर= वस्वीश्वर.**

જો ऋ કે ॠની પછી કોઈ અસવર્ણ સ્વર આવે તો ऋ કે ॠને બદલે र् મુકાય છે. જેમકે धातृ+अंश=धात्रंशः, पितृ+आज्ञा=पित्राज्ञा.

જો ऌની પછી કોઈ અસવર્ણ સ્વર આવે તો ऌ ને બદલે ल् મુકાય છે. જેમકે ऌ+आकृतिः=लाकृतिः गम्ऌ+ए=गम्ले.

इ+आ=या	उ+ऋ=वृ	ऋ+इ=रि
इ+ऐ=यै	उ+ए=वे	ऋ+उ=रु
उ+इ=वि	ऋ+आ=रा	ऌ+ए=ले

Join by sandhi:—

इति+उच्यते, वारि+उदधिः, जगति+अधर्मः, गुरु+ओस्, धेनु+आस्, वधू+ऐ, मातृ+ओस्, भ्रातृ+आ, गम्ऌ+ए, श्वश्रू+आस्, शकऌ+ओस्

જો स्‌ની પછી श्, च्, छ्, ज्, झ् કે ञ् આવે તો स् ને બદલે श् મુકાય છે. જો त् ની પછી એવા અક્ષર આવે તો त् ને બદલે च् મુકાય છે, द् ની પછી આવે તો द् ને બદલે ज् મુકાય છે. અને પદની અંદરના न् ની પછી આવે તો न् ને બદલે ञ् મુકાય છે. પદાન્ત न् ની પછી श्, ज्, झ् કે ञ् આવે તો તે न् ને બદલે ञ् મુકાય છે, પણ પદાન્ત न् ની પછી च् કે छ् આવે ત્યારે તો તેનો અનુસ્વાર અને વિસર્ગજ મુકાય છે જેમકે हविस्+चयः=हविश्चयः समुद्रात्+चन्द्रः=समुद्राच्चन्द्रः, प्रासादाद्+जनम्=प्रासादाज्जनम् अरीन्+जयति=अरीञ्जयति, नृपान्+शंसन्ति=नृपाञ्शंसन्ति, तन्+च्=तञ्च्, પણ रूपकान्+चिनोति=रूपकांश्चिनोति કારણ કે रूपकान् નો न् પદાન્ત છે.

જો स् ની પછી ष् કે ट् આવે તો स् ને બદલે ष् મુકાય છે, જો त् ની પછી ट्, ड्, ढ् કે ण् એમાંનો કોઈ આવે તો त् ને બદલે ट् મુકાય છે, એજ પ્રમાણે द् ध् કે न् ની પછી આવે તો द् ને માટે ड्, ध् ને માટે ढ् અને પદની અંદરના न् ને માટે ण् મુકાય

છે. પદાન્ત **न्** ની પછી **ड्**, **ढ्** કે **ण्** આવે તો તે **न्** ને બદલે **ण्** મુકાય છે. પણ જ્યારે **ट्** કે **ठ्** આવે ત્યારે તો અનુસ્વાર અને વિસર્ગજ થાય છે.

જેમકે **रामस्+षष्ठः=रामष्षष्ठः, तत्+टीका=तट्टीका, चक्रिन्+ढौकसे=चक्रिण्ढौकसे, रामस्+टीकते=रामष्टीकते** Rama moves. **तत्+टीका=तट्टीका, मरुत्+डयते=मरुड्डयते** આમાં **त्** નો **ट्** આ નિયમથી થયો છે, त નો **ड्** કરવાનો નિયમ આગળ આવશે; **उद्+डयते=उड्+डयते, जनान्+टीकते=जनांष्टीकते.**

જો **ष्** ની પછી **त्** આવે તો તે **त्** ને બદલે **ट्** મૂકાય છે અને **थ्** આવે તો તે **थ्** ને બદલે **ठ्** મુકાય છે **द्वेष्+ति=द्वेष्+टि=द्वेष्टि- द्विष्+थः द्विष्+ठः=द्विष्ठः, संतोष्+तुम्=संतोष्+टुम्=संतोष्टुम्.**

શબ્દનાં પેટમાં **ट्** વર્ગના અક્ષરો પછી **त्** વર્ગના અક્ષરો આવે તો તે **त्** વર્ગના અક્ષરો બદલાઇને **ट्** વર્ગના અક્ષરો થાય છે. એટલે **त्** ને બદલે **थ्**, **ठ्** ને બદલે **ठ्** **द्** ને બદલે **ड्**, **ध्**, ને બદલે **ढ्** અને **न्** ને બદલે **ण्** મુકાય છે. જેમકે **ईट्+तेइट्टे. लिढ्+धि=लिढ्+ढि.**

પદાન્ત **त्** વર્ગના અક્ષરો પછી **नाम् नवति** । અને **नगरी** આવે તો તેના અનુક્રમે **णाम्, णवति** અને **णगरी** થાય છે. **षण्=नाम्=षण्णाम, षण्+णवति=षण्णवति षण्+नगर्यः=षण्णगर्यः**

દ્વિવચનના નામ અથવા ક્રિયાપદને છેડે **ई ऊ ए** આવે અને તેની પછી કોઈ બીજો સ્વર આવે તો તે સ્વરોની સંધિ થતી નથી જેમકે

गिरी two mountains+**आरोहन्ति=गिरी आरोहन्ति.**

यती two ascetics+**अरण्यं गच्छतः=यती अरण्यं गच्छतः**

इषू two arrows+**अस्यति=इषू अस्यति.**

फले two fruits+**अद्येते=फले अद्येते.**

जनौ वन्देते (two men salute)+**अरीन्=जनौ वन्देते अरीन्.** પણ **गृहे+अनलोऽस्ति=गृहेनलोस्ति. गृहे**=ઘરમાં.

स्पृह ની સાથે ઇચ્છેલા પદાર્થની ચોથી વિભક્તિ આવે છે જેમકે **मणिभ्यः स्पृहयति.**

ईश्वरम् जनः पूजयति। ઇશ્વરને મનુષ્ય પુજે છે. Men worship God.

नृपः शठान् दण्डयति। રાજા લુચ્ચાઓને શિક્ષા કરે છે. The king punishes rogues.

रामः अश्वम् आरोहति। રામ ઘોડે ચઢે છે. Rama mounts a horse.

व्याघ्रः मांसम् अत्ति। વાઘ માંસ ખાય છે. A tiger eats flesh.

हरिः हस्तौ क्षालयति। હરિ બે હાથ ધુએ છે. Hari washes his two hands.

योधः शरान् क्षिपति। યોદ્ધો બાણો ફેંકે છે. A warrior throws arrows.

धनम् लुभ्यति। તે ધનનો લોભ કરે છે. He covets wealth.

स्तेनः धान्यम् चोरयति। ચોર અનાજ ચોરે છે. A thief steals corn.

नगरम् गच्छामि। હું નગરમાં જાઉં છું. I go to a town.

पापम् वदसि। તું પાપ વદે છે. Thou speakest sin.

स्मरसि मित्राणि। તું મિત્રોને સંભારે છે. Thou rememberest friends.

बुधः मोक्षम् इच्छति। ડાહ્યો માણસ મોક્ષને ઇચ્છે છે. A wise man wishes absolution.

व्याधयः नरान् पीडयन्ति। રોગો માણસોને પીડે છે. Diseases give pain to men.

जलम् पिबथ। તમે પાણી પીઓ છો. You drink water.

कविः बुधौ शंसति। કવિ બે ડાહ્યા માણસોને વખાણે છે. A poet praises two wise men.

पुत्रः जनकम् सान्त्वयति। છોકરો બાપને શાંત કરે છે. A son appeases father.

पुत्र। પુત્ નામના નરકમાંથી તારે તે પુત્ર.

पुस्तकम् मार्गयामः । હું પુસ્તક શોધું છું. I seek a book.
सुवर्णम् तोलयामि । સોનું તોળીએ છીએ. We weigh gold.
ग्रामान् अटावः । ગામોમાં અમે બે ભટકીએ છીએ. We two wander through villages.
फले भक्षयामि । હું બે ફળો ખાઉં છું. I eat two fruits.
कमलानि पश्यति । તે કમળો જુએ છે. He sees lotuses.
भारम् वहति किंकरः । નોકર બોજો લઇ જાય છે. A servant bears a burden.
प्राज्ञान् वर्णयन्ति जनाः । માણસો ડાહ્યા પુરૂષોને વર્ણવે છે. Men describe wise men.
वस्त्रे त्यजति मूर्खः । મૂર્ખ બે વસ્ત્રોને છોડી દે છે. A fool abandons his two clothes.
वस्त्र—वस् to dress+त्र પ્રત્યય.
तृणानि अत्ति अश्वः । ઘોડો ઘાસ ખાય છે. A horse eats blades of grass.
यतिः देहम् मुञ्चति । યોગી દેહને ત્યજે છે. An ascetic leaves his body.
बिडालान् ताडयति पुरुषः । માણસ બીલાડાને મારે છે. A man beats cats.
गृहम् प्रविशामः । અમે ઘરમાં પ્રવેશીએ છીએ. We enter the house.

રામ વાઘો જુએ છે. रामः व्याघ्रान् पश्यति । रामो व्याघ्रान् पश्यति ।
ઘોડા ખજાનો લઇ જાય છે. अश्वाः कोशम् वहन्ति । अश्वाः कोशं वहन्ति ।
ડાહ્યો માણસ સ્વર્ગે ચઢે છે. बुधः स्वर्गम् आरोहति । बुधस्स्वर्गमारोहति ।

સિંહો હાથીઓને ખાય છે. सिंहाः गजान् अदन्ति । सिंहा गजानदन्ति ।
તે ફળો ગણે છે. फलानि गणयति ।
જોગી વનમાં જાય છે. यतिः वनम् गच्छति । यतिर्वनं गच्छति ।
યોદ્ધો બે બાણો ફેંકે છે. योधः बाणौ अस्यति । योधो बाणावस्यति ।
ઈશ્વર માણસોને રક્ષે છે. ईश्वरः जनान् रक्षति । ईश्वरो जनान् रक्षति ।
અમે બે ગામોમાં પેસીએ છીએ. ग्रामौ विशामः ।
છોકરો બાપને પ્રસન્ન કરે છે. पुत्रः जनकम् प्रीणयाति । पुत्रो जनकं
    प्रीणयात ।

માણસો કાચબા ખાય છે. पुरुषाः कूर्मान् अदन्ति । पुरुषाः कूर्मानदन्ति ।
વાંદરા ઝાડોપર ચઢે છે. कपयः वृक्षान् आरोहन्ति । कपयो
    वृक्षानारोहन्ति ।

તે ચાકરોને પૂછે છે. किंकरान् पृच्छति ।
તેઓ પોતાના પગ ધુએ છે. पादौ or पादान् क्षालयन्ति ।
બે મૂર્ખાઓ ઝેર પીએ છે. मूर्खौ विषम् पिबतः । मूर्खौ विषं पिबतः ।
રાજાઓ ચોરને શિક્ષા કરે છે. नृपाः स्तेनान् (नृपा स्तेनान् or
    नृपास्स्तेनान्) दण्डयन्ति ।
તેઓ પુસ્તકો રચે છે. पुस्तकानि रचयन्ति ।
તમે ભાત ખાઓ છો. ओदनम् अत्थ । ओदनमत्थ ।
તેના મિત્રો રામને સંભારે છે. मित्राणि रामम् स्मरन्ति । मित्राणि
    रामं स्मरन्ति ।

માણસો તેઓના રાજાને વખાણે છે. जनाः नृपान् शंसन्ति । जना
    नृपाञ् शंसन्ति ।

ડાહ્યા માણસો લોકોને દોરવે છે. प्रज्ञाः जनान् नयन्ति । प्रज्ञा जनान्
    नयन्ति ।

હું સત્ય સમજું છું. तत्त्वम् बोधामि । तत्त्वं बोधामि ।
વેદો સૂર્યને વખાણે છે. वेदाः सूर्यम् शंसन्ति । वेदाः सूर्यं शंसन्ति ।

બાપ પોતાના બે છોકરાને બોલાવે છે. **जनकः बालौ ह्वयति । जनको बालौ ह्वयति ।**

મૂર્ખાઓ ડાહ્યા માણસોને નિંદે છે. **मूर्खाः बुधान् निन्दन्ति । मूर्खा बुधान् निन्दन्ति ।**

રાજા યોદ્ધાને કહે છે. **नृपः योधम् वदति । नृपो योधं वदति ।**

वायसः बलिम् भक्षयति । કાગડો બળિદાન ખાય છે. A crow eats an oblation.

नृपतिः अरीन् जयति । રાજા દુશ્મનોને જીતે છે. A king conquers his enemies.

हरिम् पीडयति व्याधिः । હરિને રોગ પીડે છે. Sickness gives pain to Hari.

मेघः वारि सिञ्चति । વાદળું પાણી છાંટે છે. A cloud sprinkles water.

कमलम् अलीन् प्रीणयति । કમળ ભમરાને પ્રસન્ન કરે છે. A lotus pleases bees.

रामः रविम् नमति । રામ સૂર્યને નમે છે. Rama bows to the sun.

पाणी प्रक्षालयामः । અમે હાથ ધોઈએ છીએ. We wash our hands.

असीन् वहन्ति योधाः । લડવૈયા તરવારો રાખે છે. Warriors bear swords

कपिम् मुञ्चामि । હું વાંદરાને છોડું છું. I leave a monkey.

नृपतिम् वर्णयन्ति कवयः । કવિઓ રાજાને વર્ણવે છે. Poets describe the king.

मणिम् चोरयति स्तेनः । ચોર રત્ન ચોરે છે. A thief steals a jewel.

अधिपतीन् किंकराः अनुसरन्ति । સ્વામિઓને ચાકરો અનુસરે છે. Servants follow their masters.

उदधिम् गच्छावः । અમે બે મહાસાગર જઈએ છીએ. We two go to the ocean.

ऋषी नमामः । અમે બે ઋષિને નમીએ છીએ. We bow to the two sages.

व्याघ्रः किरीन् अत्ति । વાઘ ડુક્કરોને ખાય છે. A tiger devours boars.

सारथीन् आह्वयामः । અમે સારથિઓને બોલાવીએ છીએ. We call charioteers.

ईश्वरः विधिम् जयति । ઈશ્વર દૈવને જિતે છે. (ઈશ્વર નસીબથી પડતાં સુખ દુઃખને અટકાવે છે) God controls fate.

राशिम् नयतः । તે બે જથ્થો લઈ જાય છે. They two carry a heap.

व्रीहीन् उञ्छति भिक्षुकः । ભિખારી ચોખાના દાણા વીણે છે. A beggar gleans grains of rice.

गिरी आरोहन्ति । તેઓ, બે પર્વતોપર ચઢે છે. They ascend the two mountains.

कविम् जनः पूजयति । કવિને માણસ પૂજે છે. The man worships a poet.

यतिम् पृच्छन्ति शिष्याः । શિષ્યો યોગિને પૂછે છે. Pupils ask an ascetic

व्याधिम् न गणयामि । વ્યાધિને હું ગણતો નથી. I do not mind sickness.

अतिथीन् पूजयन्ति ब्राह्मणाः । બ્રાહ્મણો અતિથિઓને પૂજે છે. Brahmans worship guests.

कलीन् न अभिनन्दति बुधः । ડાહ્યો માણસ કંકાસને ચહાતો નથી. A wise man does not like quarrels.

કવિઓ ઋષિઓને વખાણે છે. **कवयः ऋषीन् शंसन्ति । कवय ऋषीञ् शंसन्ति ।**

રામ કવિઓને નમે છે. **रामः कवीन् नमति ।**

યોગી પહાડપર જાય છે. **यतिः गिरिम् गच्छति । यतिर्गिरिं गच्छति ।**

હું બે વાંદરાઓને મારૂં છું, **कपी ताडयामि ।**

હરી જથ્થા આણે છે. **हरिः राशीन् आनयति । हरी राशीनानयति ।**

તે હાથને અડકે છે. **पाणिम् स्पृशति । पाणिं स्पृशति ।**

ઔષધો રોગોને દુર કરે છે. **अगदाः व्याधीन् अपनयन्ति । अगदा व्याधीनपनयन्ति ।**

શિકારી બે ડુક્કરોને જુએ છે. **व्याधः किरी पश्यति ।**

હરિ પોતાના શત્રુને મારે છે. **हरिः अरिम् ताडयति । हरिररिं ताडयति ।**

યોદ્ધો તલવાર ફેંકે છે. **योधः असिम् अस्यति । योधोऽसिमस्यति ।**

હું રત્નોને ઇચ્છું છું. **रत्नेभ्यः स्पृहयामि, रत्नेभ्यस्स्पृहयामि । or रत्नेभ्य स्पृहयामि ।**

તે સમુદ્રોપર ભટકે છે. **समुद्रान् अटति । समुद्रानटति ।**

માણસ અગ્નિમાં પેસે છે. **जनः अग्निम् विशति । जनोऽग्निं विशति ।**

તે બે સારથીઓને પુછે છે. **सारथी पृच्छति ।**

લોકો રાજાઓને રાજી કરે છે. **जनाः नृपान् प्रीणयन्ति । जना नृपान् प्रीणयन्ति ।**

રાજાઓ પણ યોગિઓને નમે છે. **नृपाः अपि यतीन् नमन्ति । नृपा अपि यतीन् नमन्ति ।**

ઘોડા પાણી પીએ છે. **अश्वाः जलम् पिबन्ति । अश्वा जलं पिबन्ति ।**

માણસો બળિદાન આપે છે **मनुष्याः बलीन् यच्छन्ति । मनुष्या बलीन् यच्छन्ति ।**

પાઠ ૭ મો.

નિયમો.

सहની સાથે છઠ્ઠીને બદલે ત્રીજી વિભક્તિ આવે છે. જેમકે પુત્રોની સાથે **पुत्रैः सह.**

પદાન્ત **अ** કે **आ**ની પછી **ऋ** કે **ॠ** આવે તો તે બે સ્વરની સંધિ વિકલ્પે કરીને થાય છે અને તે વખતે આગલો સ્વર **आ** હોય તો **अ** થાય છે. જેમકે **अर्ध्येण+ऋषिम्=अर्ध्येणर्षिम्** અથવા **अर्ध्येण ऋषिम्** **ब्रह्म+ऋषिः=ब्रह्मर्षिः** અથવા **ब्रह्मऋषिः**, **सप्त+ऋषीणाम्=सप्तर्षीणाम्** અથવા **सप्त ऋषीणाम्**, **कृष्ण+ऋद्धिः=कृष्णर्द्धिः कृष्ण ऋद्धिः**

ઉપસર્ગને છેડે **अ** કે **आ** અને હ્રસ્વ **ऋ** થી શરૂ થતો ધાતુ આવે તો **अ** કે **आ** અને **ऋ** ને બદલે **आर्** જરૂર મુકાય છે **प्र+ऋच्छति=प्रार्च्छति उप+ऋच्छति=उपार्च्छति, आ+ऋच्छति=आर्च्छति** આ ઉપસર્ગ અને ધાતુ મળીને એકજ પદ થાય છે. તેથી જેમ **ब्रह्मा+ऋषिः=ब्रह्मर्षिः** અને **ब्रह्म ऋषिः** વગેરે સમાસમાં વિકલ્પે કરીને બે સંધિ થઈ છે તેમ થતી નથી. સમાસનો દરેક શબ્દ 'પદ' છે. પણ ઉપસર્ગ છૂટો પદ નથી.

જ્યારે 'થી' પ્રત્યય કર્તા અથવા કરણ–સાધનને સૂચવે છે એટલે જ્યારે એનો તરજુમો અંગ્રેજીમાં by, by means of થી થાય છે, ત્યારે એ પ્રત્યય જે નામને છેડે હોય તે નામનું સંસ્કૃતમાં ત્રીજી વિભક્તિનું રૂપ વપરાય છે. જ્યારે થીનો અર્થ 'માંથી=from' જેવા થાય છે ત્યારે એ પ્રત્યય જે નામને છેડે હોય તે નામ પાંચમી વિભક્તિમાં આવે છે, જેમકે ગામથી=**नगरात्** દરિયેથી=**समुद्रात्**.

શરીરના અંગની ખોડ સૂચવનાર વિશેષણ, ખોડવાળા અંગની ત્રીજી વિભક્તિ લે છે. જેમકે,

Blind of one eye **नेत्रेण काणः** (કાણો),

Deaf in one ear **कर्णेन बधिरः** (બહેરો).

Lame in one leg **पादेन खञ्जः** (લંગડો).

સંસ્કૃત ત્રીજી વિભક્તિનો તરજુમો અંગ્રેમાં by, by means of અથવા with થી થાય છે.

(આ પાઠથી જરૂર જણાય ત્યાં સંસ્કૃત વાક્યોના શબ્દોને ગુજરાતીમાં તરજુમો જે ક્રમમાં થાય તેમ ગોઠવ્યા છે)

વાક્યો.

पुरुषः स्तेनम् दण्डेन ताडयति । માણસ ચોરને લાકડીથી મારે છે. The man beats a thief with a stick.

शरीरम् अलंकारैः भूषयति । શરીરને ઘરેણાથી શણગારે છે. He adorns the body with ornaments.

नाविकाः नद्येन समुद्रम् प्रविशन्ति । ખલાસિઓ નદીથી સમુદ્રમાં પેસે છે. Sailors enter the sea by river.

योधः बाणैः अरिम जयति । યોધ્ધો બાણોવડે શત્રુને જીતે છે. A warrior conquers the enemy by arrows.

पादेन खञ्जः । પગે લંગડો. Lame by one foot.

हरिः पुत्रैः सह ग्रामम् गच्छति । હરિ છોકરાની સાથે ગામ જાય છે. Hari goes to a village with his sons.

चक्राभ्याम् रथः चलति । એ પૈડાંથી ગાડી ચાલે છે. The chariot moves by two wheels.

खनित्रेण खनति । તે પાવડાથી ખોદે છે. He digs with a spade.

रामः अर्घ्येण ऋषिम् पूजयति । રામ અર્ઘ્ય વડે ઋષિને પૂજે છે. Rama worships the sage with materials of worship.

कवयः श्लोकैः नृपम् वर्णयन्ति । કવિઓ શ્લોકોથી રાજાને વર્ણવે છે. Poets extol a king by verses.

बुधाः सुखेन जीवन्ति । ડાહ્યા મનુષ્યો સુખથી જીવે છે. Wise men live in happiness.

जनः नेत्राभ्याम् पश्यति । માણસ એ આંખથી જુએ છે. Man sees with two eyes.

वारिणा हस्तौ क्षालयति । જળથી એ હાથ ધુએ છે. He washes his two hands with water.

पाणिभ्याम् शीर्षम् स्पृशति । બંને હાથે માથાને અડકે છે. He touches his head with two hands.

सिंहः नखैः गजान् दारयति। સિંહ નખોવતી હાથીઓને ફાડે છે.
A lion tears elephants by means of nails.

अग्निना गृहम् दहति। દેવતાથી ઘરને બાળે છે. He burns the house with fire.

बुधः शास्त्रैः तत्त्वम् अवगच्छति। ડાહ્યો માણસ શાસ્ત્રોથી સત્ય જાણે છે.
A wise man knows the truth by the Shastras.

योधः पत्तिभिः गच्छति। યોદ્ધો પાળાઓ સાથે જાય છે. A warrior goes with foot-soldiers.

बालाः पादाभ्याम् धावन्ति। બાળકો પોતાના બે પગવતી દોડે છે.
Children run with their feet.

पुण्येन हरिम् पश्यति। પુણ્યવડે ઈશ્વરને જુએ છે. He sees God by merit.

हरिः रामं करेण आह्वयति। હરિ રામને હાથવતી બોલાવે છે.
Hari calls Rama by the hand.

रामः कपिभिः रावणम् जयति। રામ વાંદરાવડે રાવણને જીતે છે.
Rama conquers Ravana by the help of monkeys.

गोत्रेण कौशिकः अस्मि। ગોત્રથી હું કુશના કુળનો છું. I am a descendant of Kusha by race.

जीवः दुःखेन मुह्यति। પ્રાણી દુઃખથી મોહ પામે છે. A man faints with misery.

इन्धनैः ओदनम् पचति। બળતણથી ભાત રાંધે છે. He cooks rice with fuel.

રામ શરીરને જવાહીરથી શણગારે છે. **रामः शरीरम् मणिभिः भूषयति रामः शरीरं मणिभिर्भूषयति।**

માણસ મ્હોડેથી બોલે છે. **जनः मुखेन वदति। जनो मुखेन वदति।**

મનુષ્યો શરીરોને અન્નવડે પોષે છે. **मनुष्याः शरीराणि अन्नेन पुष्यन्ति। मनुष्याः शरीराण्यन्नेन पुष्यन्ति।**

તેઓ માથે બોજા લઈ જાય છે. **शीर्षैः भारान् वहन्ति । शीर्षैर्भारान् वहन्ति ।**

હરિ યત્નોથી ઋષિને પ્રસન્ન કરે છે. **हरिः यत्नैःऋषिम् प्रीणयति । हरिर्यत्नैर्ऋर्षिं प्रीणयति ।**

રાજા ભેટોથી પ્રસન્ન થાય છે. **नृपाः उपहारैः तुष्यन्ति । नृपा उपहारैस्तुष्यन्ति ।**

રથો સાંચાથી ચાલે છે. **रथाः यन्त्रैः चलन्ति । रथा यन्त्रैश्चलन्ति ।**

બ્રાહ્મણો દેવને બે મંત્રોથી આવાહન કરે છે. **ब्राह्मणाः देवम् सूक्ताभ्याम् आह्वयन्ति । ब्राह्मणा देवं सूक्ताभ्यामाह्वयन्ति ।**

વિધિ પ્રમાણે ઇશ્વરને પૂજે છે. **विधिना ईश्वरम् यजति । विधिनेश्वरं यजति ।**

રામને બે શ્લોકોથી પ્રાર્થે છે. **रामम् श्लोकाभ्याम् शंसति । रामं श्लोकाभ्यां शंसति ।**

માણસ શત્રુને તરવારથી મારે છે. **जनः अरिम् असिना ताडयति । जनोऽरिमासिना ताडयति ।**

રામ સારથિ સાથે જાય છે. **रामः सारथिना सह गच्छति ।**

સરોવર કમળોથી શોભે છે. **कासारः कमलैः विराजति । कासारः कमलैर्विराजति ।**

લોક ઘણા જવાહિરથી પણ રાજી થતા નથી. **जनाः प्रभूतैः मणिभिः अपि न तुष्यन्ति । जनाः प्रभूतैर्मणिभिरपि न तुष्यन्ति ।**

અમે રથે ગામ જઇએ છીએ. **रथेन ग्रामम् गच्छामः । रथेन ग्रामं गच्छामः ।**

દેવોને બલિઓથી પ્રસન્ન કરે છે. **देवान् बलिभिः प्रीणयति ।**

વાઘ માંસપર જીવે છે. **व्याघ्रः मांसेन जीवति । व्याघ्रो मांसेन जीवति ।**

તે મનથી ઇશ્વરને ચિંતવે છે. **चित्तेन ईश्वरम् चिन्तयति । चित्तेनेश्वरं चिन्तयति ।**

ઇંદ્ર વજ્રવતી પર્વતોને પ્રહારે છે. **इन्द्रः वज्रेण पर्वतान् प्रहरति । इन्द्रो वज्रेण पर्वतान् प्रहरति ।** **पर्वतान्**ને બદલે **पर्वतेषु** પણ થાય છે.

ઝાડ પાણીથી ઉગે છે. **वृक्षाः जलेन रोहन्ति । वृक्षा जलेन रोहन्ति ।**

વાંદરા ફળથી સંતોષ પામે છે. **कपयः फलैः तुष्यन्ति । कपयः फलैस्तुष्यन्ति ।**

વસંત વૃક્ષોને પાંદડાંથી શોભાવે છે. **वसन्तः वृक्षान् पर्णैः भूषयति । वसन्तो वृक्षान् पर्णैर्भूषयति ।**

તળાવો સૂર્યથી શોષાય છે. **कासाराः रविणा शुष्यन्ति । कासारा रविणा शुष्यन्ति ।**

માથું ભારથી નમી જાય છે. **शीर्षम् भारेण नमति । शीर्षं भारेण नमति ।**

પાઠ ૮ મો.

નિયમો.

क्रोध, द्रोह, ईर्ष्या અને **असूया**નાં વાચક ક્રિયાપદોની સાથે જે મનુષ્ય અથવા વસ્તુ પ્રતિ ક્રોધ વગેરે દર્શાવવામાં આવે છે તેની ચોથી વિભક્તિ આવે છે; જેમકે તે હરિપર ક્રોધે ભરાય છે. **हरये कुप्यति.**

दा (यच्छ्)ની સાથે જેને અપાતું હોય તેની ચોથી વિભક્તિ આવે છે; જેમકે બ્રાહ્મણોને નિષ્ક આપું છું. **ब्राह्मणेभ्यो निष्कान् यच्छामि ।**

क् ख् કે **घ्**	ની પછી કોઈ ઘોષ વ્યંજન કે સ્વરથી શરૂ થતો શબ્દ આવે તો	**क् ख्** કે **घ्**ને બદલે **ग्** મુકાય છે.
च् छ् કે **झ्**	,, ,,	**च् छ्** કે **झ्** ,, **ज्** ,,
ट् ठ् કે **ढ्**	,, ,,	**ट् ठ्** કે **ढ्** ,, **ड्** ,,
त् थ् કે **ध्**	,, ,,	**त् थ्** કે **ध्** ,, **द्** ,,
प् फ् કે **भ्**	,, ,,	**प् फ्** કે **भ्** ,, **ब्** ,,

(આમાં **त्** ને બદલે **द्** થાય એવા દાખલા ઘણીવાર આવે છે.)

જેમકે **दोघ्+धि=दोग्धि, आच्+झलौ=आज्झलौ, सृट्+भ्याम्=सृड्भ्याम, उपानध्+भिः=उपनद्भिः, नगरात्+आगच्छति=नगरादागच्छति, द्वीपात्+द्वीपम्=द्विपाद्द्वीपम, गुप्+भ्याम्=गुब्भ्याम्.**

પણ

भगवत्+आ=भगवता } આ શબ્દોમાં **आ औ** અને **ई** એ
मरुत्+औ=मरुतौ } છે પણ સ્વરથી શરૂ થતા શબ્દો નથી
जगत्+ई=जगती } માટે **त्** નો **द्** થયો નથી.

જેના પ્રતિ **नमः** અથવા **स्वस्ति** બોલીએ તેના નામની ચોથી વિભક્તિ આવે છે. જેમકે **देवेभ्यो नमः स्वस्ति हरये.**

विनाની સાથે છઠ્ઠી વિભક્તિને બદલે બીજી, ત્રીજી કે પાંચમી વિભક્તિ આવે છે.

धृ ક્રિયાપદની સાથે જે પૈસાનો માગનાર હોય તેના નામની ચોથી વિભક્તિ આવે છે. જેમકે **रामाय निष्कान् धारयति ।**

(૧) **याच्, पच्, दण्ड्, प्रच्छ्** અને **जि** આટલા ધાતુઓને બે કર્મ આવે છે.

(૨) તેમજ **नी, हृ, कृष्** અને **वह्** આ ધાતુઓને પણ બે કર્મ આવે છે. **याच्** વગેરે ધાતુઓનો સત્વભેદ **नी, हृ** વગેરે ધાતુઓના સત્વભેદથી જુદી રીતે થાય છે તે માટે ૧૨મા પાઠના સત્વભેદના નિયમોમાં નિયમ છે.

વાક્યો.

हरिः ब्राह्मणेभ्यः निष्कान् यच्छति । હરિ બ્રાહ્મણોને નિષ્ક આપે છે. Hari gives Nishkas to Brahmanas.

मनुष्यः ग्रामाय गच्छति । માણસ ગામ જાય છે. The man goes to a village.

कल्याणाय हरिम् भजति । કલ્યાણને માટે હરિને ભજે છે. He worships Vishnu (or Indra) for welfare.

फलेभ्यः गच्छामि । ફળો માટે જાઉં. I go for fruits.

हरये नृपतिः कुप्यति । હરિપર રાજા કોપે છે. A king becomes angry with Hari.

मोदकेभ्यः बालः स्पृहयति । લાડુની બાળક સ્પૃહા કરે છે. A child desires sweet balls.

नगरात् आगच्छति । તે શહેરમાંથી આવે છે. He comes from the town.

अश्वात् पतति । તે ઘોડા પરથી પડે છે. He falls from the horse

अतिथिभ्यः अन्नम् यच्छति । પરોણાઓને અન્ન આપે છે. He gives food to the guests.

तिलेभ्यः माषान् प्रतियच्छति । તલને બદલે અડદ આપે છે. He exchanges pulse for sesamum.

आचार्याः आसनेभ्यः उत्तिष्ठन्ति । આચાર્યો આસનપરથી ઉઠે છે. Preceptors get up from their seats.

वधात् विना अरिः न शाम्यति । માર્યા વિના શત્રુ શાંત થતા નથી. The enemy is not calm without killing

रवेः लोकः सुखम् अधिगच्छति । સૂર્યથી લોક સુખને મેળવે છે. The world obtains happiness from the sun

नृपः प्रासादात् जनम् पश्यति । રાજા મહેલપરથી લોકને જુએ છે. The king sees people from the palace.

शिष्याय शास्त्रम् उपदिशति । તે શિષ્યને શાસ્ત્ર શિખવે છે. He teaches science to his pupil.

कलिभ्यः दुःखानि उद्भवन्ति । કજીયાથી દુઃખો ઉપજે છે. Miseries are produced from quarrels.

गजाः शिखरात् पतन्ति । હાથીઓ શિખરપરથી પડે છે. Elephants fall from the top.

सार्थः द्वीपात् द्वीपम् अटति । વ્યાપારીનું ટોળું બેટે બેટ ભટકે છે. A caravan wanders from island to island

रामः भृत्यम् क्रोधात् ताडयति । રામ ચાકરને ક્રોધથી મારે છે. Rama beats the servant through anger.

नगरम् वनात् योजनम् । શહેર જંગલથી આઠ માઇલ છે. The town is eight miles from the forest.

देवेभ्यः नमः । દેવોને પ્રણામ. Bow to the gods.

स्वस्ति हरये । હરિને સ્વસ્તિ. હરિનું કલ્યાણ થાઓ. Fare it well with Hari.

वराहाः पल्वलेभ्यः उत्तिष्ठन्ति । ડુક્કરો ખાબોચીયામાંથી નીકળે છે. Hogs rise from puddles.

विनयः सुखाय भवति । વિવેક સુખને માટે છે. વિનયથી સુખ થાય છે. Modesty leads to happiness.

हरिः रामाय निष्कान् धारयति । હરિને રામનું નિષ્કોનુ દેવું છે. Hari owes niskas to Rama.

(હવેથી ઈંગ્રેજી વાક્યોનું સંસ્કૃત કરતી વખતે જેમાં રહેલી સંધિ થતી હોય તે વાક્યને સંધિ સાથેજ આપીશું.

રામ જમવા માટે ઘેર જાય છે. **रामो भोजनाय गृहं गच्छति ।**

ઝાડપરથી ફળો પડે છે. **वृक्षेभ्यः फलानि पतन्ति ।**

હું જાચકોને પૈસા આપું છું. **याचकेभ्यो द्रव्यं यच्छामि ।**

હરિને અશ્વપતિનું સોનું દેવું છે. હરિ અશ્વપતિને સો ધારે છે. **हरिः अश्वपतये शतम् धारयति । हरिरश्वपतये शतं धारयति ।**

ડાહ્યો માણસ મોક્ષ માટે ઈશ્વરને ભજે છે. **प्रज्ञः मोक्षाय ईश्वरम् यजति । प्रज्ञो मोक्षाय ईश्वरं यजति ।**

સેનાપતિ સિપાઈઓને ગામોગામ લઈ જાય છે. **सेनापतिः सैनिकान् ग्रामात् ग्रामम् नयति । सेनापतिः सैनिकान् ग्रामाद् ग्रामं नयति ।**

બ્રાહ્મણો રાજાઓકનેથીદ્રવ્યમેળવેછે. **ब्राह्मणा नृपेभ्यो धनमधिगच्छन्ति ।**

પહાડ દરિયાપરથી બે કોશ પર છે. **पर्वतः समुद्रात् क्रोशौ अस्ति । पर्वतः समुद्रात् क्रोशावस्ति ।**

क्रोशौ (પહેલી વિભક્તિ) અથવા **क्रोशयोः** (સાતમી વિભક્તિ) બંને ચાલે છે.

હરિ ફુલો માટે વાડીએ જાય છે. **हरिः पुष्पेभ्यः उद्यानम् गच्छति । हरिः पुष्पेभ्य उद्यानं गच्छति ।**

દુઃખ પાપથી નિપજે છે. **दुःखं पापादुद्भवति ।**

દેવો પાપીઓને સ્વર્ગમાંથી ફેંકે છે. **देवाः पापान् स्वर्गात् क्षिपन्ति ।**

રામ પોતાના કામથી ચુકે છે. **रामः स्वकृत्येभ्यः प्रमाद्यति ।**

તે બે ઢગલામાંથી ચોખા આણે છે. **राशिभ्यां तण्डुलमानयति ।**

શિષ્યો આચાર્યોથી જ્ઞાન મેળવે છે. **शिष्या आचार्येभ्यो ज्ञानमधिगच्छन्ति ।**

રાજા રાજ્યોને શત્રુઓથી રક્ષે છે. **नृपा राज्यानि अरिभ्यः रक्षन्ति।**
नृपा राज्यान्यरिभ्यो रक्षन्ति।
રાજાગાદીપરથી સેનાપતિનેકહે છે. **नृपः आसनात् सेनापतिं कथयति॥**
તે આળસમાંથી પગલું પણ ખસતો નથી. **जाड्यात्पदमपि न चलति॥**
તે વિનયથી મૂગો ઉભો છે. **विनयात् मूकः तिष्ठति। विनयाद्**
मूकस्तिष्ठति। विनयान्मौनं भजति।
હું વાડીમાંથી પાછો આવું છું. **उद्यानात् प्रत्यागच्छामि।**
ખેડુતો અનાજ માટે ખેતર ખેડે છે. **कृषीवला धान्याय क्षेत्रं कृषन्ति।**
છોકરો પિતા કનેથી પૈસા મેળવે છે **पुत्रो जनकाद्धनमधिगच्छति।**
મૂર્ખો અજ્ઞાનને લીધે બબડે છે **मूर्खाः अज्ञानात् जल्पन्ति। मूर्खा**
अज्ञानाज्जल्पन्ति।
ડુક્કરો તળાવમાંથી પાણી પીએ છે. **वराहाः कासारात् जलम्**
पिबन्ति। वराहाः कासाराज्जलं पिबन्ति।
આકાશમાંથી તારા ખરે છે. **आकाशात् तारकाणि पतन्ति।**
કવિઓનું કલ્યાણ થાઓ **स्वस्ति कविभ्यः।**

પાઠ ૯ મો.

प्रिय dear તથા **पश्चात्** after ની સાથે છઠ્ઠી વિભક્તિ આવે છે.

Rama is dear to Krishna. **रामः कृष्णस्य प्रियः।**
Govind is dear to Laxmana **गोविन्दो लक्ष्मणस्य प्रियः।**
After a day **दिवसस्य पश्चात्**
After a mouth. **मासस्य पश्चात्**
After childhood. **बाल्यस्य पश्चात्**

વાક્યો.

नृपः नराणाम् पालकः। રાજા માણસોને પાળનાર છે. A king is the protector of men

समुद्रस्य जलम् लवणम् દરિયાનું પાણી ખારૂં હોય છે. The water of the sea is salt.

ईश्वरस्य प्रसादेन जीवामि। હું ઈશ્વરની કૃપાથી જીવું છું. I live by the grace of God.

शास्त्राणाम् तत्त्वम् प्राज्ञः बोधति। શાસ્ત્રોનું તત્ત્વ ડાહ્યો માણસ જાણે છે. A wise man knows the truth of the sciences.

वीरयोः युद्धम् भवति। બે જોદ્ધા વચ્ચે લડાઈ થાય છે. There is a fight between the two warriors.

वारीणाम् निधिः उदधिः। જળનો ભંડાર મહાસાગર છે. The ocean is the store of waters.

आसनेषु उपविशन्ति। તેઓ પોતાનાં આસનોપર બેસે છે. They sit on their seats.

गिरेः शिखरात् वृषः पतति। પર્વતની ટોચ પરથી બળદ પડે છે. The bullock falls from the top of the mountain.

कासारे कमलानि उद्भवन्ति। તળાવમાં કમળો થાય છે. Lotuses are produced in a lake.

गजानाम् यूथम् चरति। હાથીઓનું ટોળું જાય છે. A herd of elephants goes.

ग्रीष्मे सूर्यस्य प्रकाशः चण्डः भवति। ઉન્હાળામાં સૂર્યનો તાપ સખત હોય છે. The light of the sun becomes fierce in the summer.

वर्णानाम् ब्राह्मणः श्रेष्ठः। વર્ણોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. Brahmin is the best of all castes.

ऋषीणाम् वचनम् प्रमाणम्। ઋષિઓનું કહેવું પ્રમાણ છે. The saying of sages is an authority.

शठानाम् चरितम् गर्ह्यम्। લુચ્ચાઓનું આચરણ નિન્દવા જેવું છે. The conduct of rogues is censurable.

कवयः लोकेषु वीराणाम् पराक्रमान् प्रथयन्ति। કવિઓ લોકોમાં યોદ્ધાના પરાક્રમો પ્રકટ કરે છે. Poets publish the exploits of warriors among the people.

हरेः पुस्तकम् क्व अस्ति । હરિનું પુસ્તક ક્યાં છે ? Where is Hari's book ?

नगरे जनाः वसन्ति । શહેરમાં લોકો રહે છે. People dwell in a town.

रामस्य पुत्राः ग्रामम् गच्छन्ति । રામના છોકરા ગામ જાય છે. Rama's sons go to a village.

वनेषु श्वापदाः सन्ति । જંગલોમાં શિકારી પશુઓ હોય છે. There are beasts of prey in forests.

आचार्याः शिष्याणाम् धर्मम् कथयन्ति । આચાર્યો શિષ્યોનો ધર્મ કહે છે. Preceptors tell the duty of their pupils.

मनुष्याणाम् व्याधयः अगदेन नश्यन्ति । માણસોના રોગો ઔષધથી નાશ પામે છે. Diseases of men perish by medicine.

रामस्य सारथिः सुमन्त्रः वनम् रथम् नयति । રામનો સારથી સુમન્ત્ર વનમાં રથ લઇ જાય છે. Rama's charioteer suma-ntra leads the chariot to the forest.

चन्द्रस्य प्रकाशः जनानाम् आह्लादकः भवति । ચંદ્રનું અજવાળું માણસોને આનંદ આપનારૂં હોય છે. The light of the moon is delighting to men.

गिरिषु सिंहाः वसन्ति । પહાડોપર સિંહો રહે છે. Lions dwell on mountains.

नृपतिः अरीणाम् सैनिकान् जयति । રાજા શત્રુઓના સિપાઇઓને જિતે છે. The king conquers the soldiers of his enemies:

योधस्य पाणौ खड्गः अस्ति । યોદ્ધાના હાથમાં તરવાર છે. There is a sword in the hand of the warrior.

यतीनाम् चित्तम् धूर्जटौ । યોગિઓનું ચિત્ત શિવમાં છે. The mind of ascetics is in God Siva.

હરિના બે છોકરાઓની ચાલ વખાણવા લાયક છે. **हरेः पुत्रयोराचारः प्रशस्यः ।**

(સંસ્કૃતમાં વિશેષણને વિશેષ્યની જાતિ વિભક્તિ અને વચન લાગે છે. તે પ્રમાણે **आचारः** નરજાતિ પહેલી વિભક્તિનુ એક વચન છે. તેથી **प्रशस्य** નું નરજાતિ પહેલીનું એક વચન **प्रशस्यः** વાપર્યું છે.)

ઘરોમાં દીવા છે. **गृहेषु दीपाः सन्ति ।**

જક્ષો કુબેરના ચાકરો છે. **यक्षा धनपतेर्भृत्याः सन्ति ।**

વાંદરાનાં પુંછડાં લાંબાં હોય છે. **कपीनां लांगूलानि दीर्घाणि ।**

[આ વાક્યમાં **दीर्घ**ને જાતિ, વિભકિત અને વચન લાગે છે. કારણ કે **दीर्घ** એ **लांगूल**નું વિશેષણ છે.]

કવિઓમાં કાલિદાસ પહેલો છે. **कविषु कालिदासः प्रथमः ।**

માણસનો નોકર ગામડે જાય છે. **जनस्य किंकरः ग्रामं गच्छति ।**

રાજા મહેલોમાં રહે છે. **नृपाः प्रासादेषु वसन्ति ।**

રામ માણસોમાં શ્રેષ્ઠ છે. **रामो नराणां श्रेष्ठः ।**

સરોવરનું પાણી ખારૂં છે. **कासाराणां जलं लवणम् ।**

પહાડોના શિખરોપર બરફ છે. **गिरीणां शिखरेषु हिममस्ति ।**

ચોર બ્રાહ્મણનું ધન ચોરે છે. **स्तेनो ब्राह्मणस्य धनं चोरयति ।**

વાડીઓની શોભાથી હું સંતોષ પામું છું. **उद्यानानां सौन्दर्येण तुष्यामि ।**

તે ઝાડનું પાંદડું આણે છે. **वृक्षस्य पर्णमानयति ।**

હું દેવતામાં ઘી નાંખું છું. **अग्नौ घृतं क्षिपामि ।**

ખલાસીઓનું વેર લડાઈનું કારણ છે. **नाविकानां वैरं युद्धस्य कारणम् ।**

મૂર્ખનું ઓસડ નહીં. **मूर्खस्य औषधम् न । मूर्खस्यौषधं न ।**

હે હરિ ! લોકો સભ્યતાથી સંતોષ પામે છે. **हरे जना विनयेन तुष्यन्ति ।**

વાંદળાં આકાશમાં ફરે છે. **मेघा आकाशे सरन्ति ।**

યોગિઓનો વાસ જંગલમાં હોય છે. **यतीनां वासो वनेष्वस्ति ।**

મહાસાગરમાં ઘણાં જવાહીર હોય છે. **उदधौ प्रभूतानि रत्नानि सन्ति ।**

વાડીમાં ફુલો વૃક્ષોને શણગારે છે. **उद्याने कुसुमानि वृक्षान् भूषयन्ति ।**

એ તો માણસ મનમાં ક્રોધને અવકાશ આપતો નથી. **प्रकृतिस्थितः क्रोधाय** (અથવા **क्रोधस्य**) **अवकाशम् न यच्छति । प्रकृतिस्थितः क्रोधा-थावकाशं न यच्छति ।**

ઈશ્વર પાપીઓના પાપોને માફ કરે છે. **ईश्वरः पापानां पापानि क्षाम्यति ।**

પાણીમાં કમળો ઉગે છે. **जले कमलानि रोहन्ति ।**

પાઠ ૧૦ મો.

च અને **वा** એ બે અવ્યયો જે બે શબ્દો અથવા વાક્યોને જોડે અથવા છુટા પાડે તે દરેક શબ્દ અથવા વાક્યની પછી દરેક વખત વપરાય છે. જેમકે **हरिश्च गोविन्दश्च** અથવા **हरिर्गोविन्दश्च हरिर्गच्छति च राम आगच्छति च** અથવા **हरिर्गच्छति राम आगच्छति च** પાછળનાં વાક્યોને છેડે **च** ન મૂકતાં એક શબ્દ છોડીને પણ કોઈ વખત મુકાય છે. જેમકે **हरिर्गच्छति रामश्चागच्छति ।**

ક્રિયાપદના કર્તાનું ફળ કર્તાને પોતાને મળે છે ત્યારે**आत्मनेपद** વપરાય છે અને બીજાને મળે છે ત્યારે **परस्मैपद** વપરાય છે.

સંસ્કૃત ગ્રંથકારોએ આ નિયમને ખાસ કરી પાળ્યો નથી તોપણ **परस्मैपद** ને પારકાને માટે **'पद'** કેમ કહે છે અને **आत्मनेपद** ને **आत्मने**= પોતાને માટે **पद** કેમ કહે છે તે સવાલના જવાબમાં આ વ્યાકરણશાસ્ત્રનું સ્પષ્ટીકરણ કરવાનો રીવાજ છે.

पचति He cooks (for another)

पचते He cooks (for himself)

સંસ્કૃતમાં કેટલાક ધાતુઓ માત્ર પરસ્મૈપદી છે, કેટલાક ધાતુઓ માત્ર 'આત્મનેપદી' છે અને કેટલાક બંને પદના છે. **(उभयपदी)** છે.

ઉભયપદી ધાતુના દાખલાઃ-**जि, नी, पच्** વગેરે.

દશમા ગણના ધાતુઓ ઘણું ખરૂં બંને પદના છે. **कथयति-कथयते, चोरयति-चोरयते, गणयति-गणयते** વગેરે.

દશમા ગણમાં થોડા ધાતુઓ માત્ર આત્મનેપદી છે. તેમાં **मृग्** to seek અને **मन्त्र्** to consult, to give secret advice પ્રાઇમરમાં આવેલા છે.

હ્રસ્વ ઋકારાંત છઠ્ઠા ગણના ધાતુઓને ગણની નિશાની લગાડતાં પહેલાં અંત્ય **ऋ** ને બદલે **रिय्** મુકાય છે જેમકે **दृ+अ=द्रिय**, **पृ+अ=प्रिय**, **मृ+अ=म्रिय**.

આત્મનેપદી ધાતુઓનાં રૂપોઃ—

આ રૂપો તૈયાર કરતાં પૂર્વે ૧૨ મા પાઠને છેડે આપેલા **स्मये**, **स्मयावहे** વગેરે રૂપો તૈયાર કરવાં.

પહેલા ગણના ધાતુનાં રૂપ **स्मये,स्मयावहे**...ની પેઠે લેવાં. જેમકે **ईक्षे, ईक्षावहे**...etc.

ચોથા ગણના ધાતુને **य** લગાડીને તેનાં રૂપ પણ **स्मये,स्मयावहे**...ની પેઠે લેવાં જેમકે **युध्ये, युध्यावहे, युध्यामहे**...etc.

છઠ્ઠા ગણના ધાતુને **अ** લગાડીને તેનાં રૂપ પણ એમજ લેવાં જેમકે **म्रिये, म्रियावहे, म्रियामहे, म्रियसे**...etc.

અને દશમા ગણના ધાતુને **अय** લગાડી તેનાં રૂપ પણ એમજ લેવાં જેમકે **चोरये चोरयावहे, चोरयामहे**...etc.

रुच् અને એજ અર્થના બીજા ક્રિયાપદોની સાથે પ્રસન્ન થનાર અથવા સંતોષ પામનારની ચોથી વિભક્તિ આવે છે. જેમકે બાળકને રૂચે છે. It pleases the child. **बालकाय रोचते.**

વાક્યો.

देवम् वन्दे । હું દેવને નમું છું. I salute God.

भयम् शङ्कसे । તું જોખમથી શંકા રાખે છે. Thou suspectest danger.

हृदयम् भयात् वेपते । હૈયું બીકથી ધડકે છે. The heart trembles through fear.

सूर्यः प्रकाशते । રવિ પ્રકાશે છે. The sun shines.

व्याघ्रः म्रियते । વાઘ મરે છે. A tiger dies.

असत्यम् भाषसे । તું જાહું બોલે છે. છુ Thou speakest falsehood.

हरेः उद्यमम् श्लाघे । હું હરિના ઉદ્યોગને વખાણું છું I praise the industry of Hari.

पुस्तकानि मृगयसे । તું ગ્રંથો શોધે છે Thou seekest books.

वीरः अरिम् निषूदयते । જોધ્ધો શત્રુને હણે છે A warrior kills an enemy.

मोदकः बालकाय रोचते । લાડુ બાળકને ભાવે છે. Sweetmeat pleases a child.

कटः कुत्र वर्तते સાદડી ક્યાં છે ? Where is the mat ?

मणिकारः मणीन् परीक्षते । ઝવેરી ઝવેર પારખે છે. A jeweller examines jewels.

पुत्रस्य लाभेन मोदते । તે પુત્રની પ્રાપ્તિથી હરખાય છે. He rejoices at the getting of a son.

बुधः मोक्षम् लभते । ડાહ્યા માણસ મોક્ષ મેળવે છે. A wise man gets absolution.

हे राम विनयेन सुष्ठु शोभसे । હે રામ તું વિનયવડે ઠીક શોભે છે. O Rama, modesty well becomes thee.

ज्ञानात् सुखम् जायते । જ્ઞાનથી સુખ ઉપજે છે. Happiness results from knowledge.

नारायणे रामस्य स्नेहः वर्धते । નારાયણ પર રામનો સ્નેહ વધે છે. Rama's affection for Narayana increases.

नृपः जनानाम् कल्याणाय यतते । રાજા મનુષ્યોના કલ્યાણને માટે યત્ન કરે છે. A king strives for the welfare of his people.

शिष्यः आचार्यम् सेवते । શિષ્ય આચાર્યની સેવા કરે છે. A Pupil serves his preceptor.

रामः विश्वामित्रात् अस्त्राणि शिक्षते । રામ વિશ્વામિત્ર કનેથી અસ્ત્રો શિખે છે. Rama learns (the use of) missiles from Vishvamitra.

ગમે તેવો પદાર્થ જેવું કે તણખલું લઇને મંત્ર ભણે અને તેથી જેનો મંત્ર ભણ્યો હોય તે પદાર્થ વર્તાવે, અગ્નિનો મંત્ર ભણ્યો હોય તો અગ્નિનો વર્ષાદ વર્ષે અને એ પરથી તે અસ્ત્ર અગ્ન્યસ્ત્ર કહેવાય છે. આપ્રમાણે વાય્વસ્ત્ર. નાગાસ્ત્ર વગેરે માટે સમજવું.)

सदाचारेण मनुष्यः स्वास्थ्यम् लभते। સદાચરણથી માણસ શાંતિ મેળવે છે. A man gets peace by good conduct.

पुत्रस्य दुराचारात् सुखम् न आशंसे। છોકરાના દુરાચરણને લીધે સુખની હું આશા રાખતો નથી. I do not hope for happiness from the bad conduct of my son.

देवानाम् अर्चनम् आरभे। દેવતાઓનું પૂજન આરંભું છું. I begin the worship of gods.

प्रबलेन वातेन अपि पर्वतः न कम्पते। જબરા વાયુથી પણ પર્વત ડગતો નથી. A mountain does not shake even by strong wind.

ईश्वरस्य ध्याने रमे। હું ઇશ્વરના ધ્યાનમાં આનંદ પામું છું. I enjoy pleasure in the meditation of God.

હું ન્યાયના અભ્યાસને આરંભુ છું. **न्यायस्याध्ययनमारभे।**

તું દુઃખ સહે છે. **क्लेशं सहसे।**

કૃષ્ણ છોકરાઓની સાથે રમે છે. **कृष्णो बालैः सह रमते।**

ઝાડ હાલે છે. **वृक्षः कम्पते।**

તું રાજાને સેવે છે. **नृपं सेवसे।**

હું પૈસા મેળવું છું. **धनं विन्दे।**

તે ઋષિઓને નમે છે. **ऋषीन् वन्दते।**

યોધ્ધો શત્રુઓ જોડે લડે છે. **वीरोऽरिभिर्युध्यते।**

તું ઇનામ તકાસે છે. **पारितोषिकमपेक्षसे।**

હું મિત્રોના કલ્યાણમાં હર્ષ પામું છું. **मित्राणां कल्याणे मोदे।**

લુચ્ચો રાજાના હુકમને ધિક્કારે છે. **शठो नृपस्यादेशानवधीरयते ।**
હું વાંદરૂં જોઉં છું. **कपिमीक्षे ।**
રામ અસંખ્ય ગુણોથી શોભે છે. **रामोऽसंख्यैर्गुणैः शोभते ।**
તે ઇશ્વરના ભયથી જુઠું બોલતો નથી. **ईश्वरस्य भयादसत्यं न भाषते ।**
ચન્દ્રનું બિંબ શુક્લ પક્ષમાં વધે છે. **चन्द्रस्य बिम्बं शुक्लपक्षे वर्धते ।**
પાપી મિત્રો તરફથી પણ વહેમાય છે. **पापो मित्राण्यपि शङ्कते ।**
ઝાડ ફળોના આવવાથી શોભે છે. **वृक्षः फलानामुद्गमेन शोभते ।**
પાપથી અધ્યાત્મિક નાશ નિપજે છે. **पापादाध्यात्मिको नाशो जायते ।**
(આધ્યાત્મિક=જીવની સારી ગતિનો) તે રત્નો શોધે છે. **रत्नानि मृगयते ।**
ઘણુંખરૂં માણસ દ્રવ્યને માટે યત્ન કરે છે. **प्रायो मनुष्यो द्रव्याय यतते ।**
ભક્તને ઇશ્વરનું પૂજન ગમે છે, **भक्तायेश्वरस्यार्चनं रोचते ।**
હું શિક્ષાની બીકથી કંપું છું. **दण्डस्य भयाद्वेपे ।**
આચાર્ય કનેથી ધર્મ શીખું છું. **आचार्याद्धर्मं शिक्षे ।**
કવિ રાજાને વખાણે છે. **कविर्नृपं श्लाघते ।**
શત્રુઓના બાણોથી મરૂં છું. **अरीणां बाणैर्म्रिये ।**

પાઠ ૧૧ મો.

વાકયો.

ब्राह्मणाः मोदकान् स्वादन्ते । બ્રાહ્મણો લાડુ ચાખે છે. Brahmins taste sweet balls.

भिक्षुकौ धनिकम् द्रव्यम् याचेते । બે ભિખારીઓ પૈસાદાર કનેથી પૈસા માંગે છે. Two beggars beg the rich man money.

स्वीयान् गुणान् कत्थेथे । તમે બે પોતાના ગુણોને વખાણો છો. You two flatter your own merits.

उद्योगात् धनम् लभध्वे । તમે ઉદ્યોગથી પૈસા મેળવો છો. You get wealth from exertion.

वृथा प्रगल्भध्वे । તમે નકામી બડાઈ મારો છો. You swagger in vain.

बुधाः मोक्षम् विन्दन्ते । ડાહ્યા માણસો મોક્ષ મેળવે છે. Wise men obtain absolution.

कपटम् शङ्केथे । તમે બે કપટનો વહેમ રાખો છો. You two suspect fraud.

नराः मित्राणाम् अभ्युदये मोदन्ते । માણસો મિત્રની સંપત્તિમાં હરખાય છે. Men rejoice at the prosperity of friends.

मुनीन् अभिवादयावहे । ઋષિઓને અમે બે નમીએ છીએ. We two salute sages.

मूर्खाणाम् वैयात्यम् न सहामहे । મૂર્ખોનું અસભ્યપણું અમે સહન કરતા નથી. We do not endure the impudence of fools.

वृक्षेषु कुसुमानि वर्तन्ते । ઝાડોપર ફુલો છે. There are flowers on the trees.

आचार्यस्य निर्देशम् अनुरुध्यध्वे । તમે આચાર્યની આજ્ઞા માનો છો. You obey the direction of your preceptor.

भृत्यानाम् अपराधान् क्षमामहे । અમે નોકરોના અપરાધો માફ કરીએ છીએ. We forgive the faults of our servants.

रामस्य नयने स्पन्देते । રામની બે આંખો ફરકે છે. Rama's two eyes throb.

आकाशे विहगाः डयन्ते । આકાશમાં પક્ષીઓ ઉડે છે. Birds fly in the sky.

जनाः कृष्णस्य चातुर्येण विस्मयन्ते । માણસો કૃષ્ણની ચતુરાઈથી વિસ્મય પામે છે. Men wonder at the skill of Krishna.

देवस्य आराधनाय गानम् आरभामहे । અમે દેવની પ્રસન્નતા માટે (દેવને પ્રસન્ન કરવાને) ગાયન આરંભીએ છીએ. We commence singing for the propitiation of (to propitiate) God.

दिवा तारकाणि न प्रकाशन्ते । દિવસે તારા ચળકતા નથી. Stars do not shine by day.

पापाः वचनीयम् न ईक्षन्ते । પાપીઓ નિંદાને જોતા નથી. Sinners do not see (care for) censure.

प्राज्ञाः सत्यम् च हितकरम् च वाक्यम् भाषन्ते । ડાહ્યા પુરૂષો સત્ય અને હિતકર વાક્ય બોલે છે. Wise men speak a true and beneficial sentence.

नृपतयः शासनस्य भङ्गम् न क्षमन्ते । રાજાઓ પોતાની આજ્ઞાનું ઉલ્લંઘન સહન કરતા નથી. Kings do not forgive the violation of their order.

गायकात् संगीतम् शिक्षावहे । અમે બે ગવૈયા કનેથી ગાયન શિખીએ છીએ. We two learn singing from a songster.

बुधाः मोक्षाय यतन्ते । ડાહ્યા પુરૂષો મોક્ષને માટે યત્ન કરે છે, Wise men strive for absolution,

वातेन वृक्षाः कम्पन्ते । પવનથી ઝાડ હાલે છે. Trees shake by the wind.

नराः देवान् भोगान् भिक्षन्ते । માણસો દેવો કનેથી ભોગો યાચે છે. Men beg gods objects of enjoyment.

વસંતમાં ફળો મેળવીએ છીએ. **वसन्ते फलानि लभामहे ।**

તમે જુઠાણું બોલો છો, **असत्यानि भाषध्वे ।**

પર્વતો હાલે છે. **पर्वताः कम्पन्ते ।**

તારા પ્રકાશે છે. **तारकाणि प्रकाशन्ते ।**

નૃત્ય શિખો છો. **नृत्यं शिक्षध्वे ।**

નારાયણના બે મિત્રો તેના કલ્યાણ માટે યત્ન કરે છે. **नारायणस्य मित्रे कल्याणाय यतेते ।** (આ સંસ્કૃત વાક્યથી એવું પણ સમજાય કે નારાયણના મિત્રો તેમના પોતાના કલ્યાણ માટે યત્ન કરે છે. માટે નીચેનું જરા સારૂં છે=**नारायणस्य कल्याणाय यतेते ।**

અમે બે રાજાને સેવીએ છીએ. **नृपं सेवावहे ।**

તમે બે કેરી ચાખો છો. **आम्राणि स्वादेथे ।**

અમે મહેલની ટોચપર મોર જોઇએ છીએ. **प्रासादस्य शिखरे मयूरमीक्षामहे ।**

વાઘો ઘાસ તથા ઝાડનાં પાંદડાં ચાખતા નથી. **व्याघ्रास्तृणानि वृक्षाणां च पर्णानि न स्वादन्ते ।**

અમે બે ઋષિઓને નમીએ છીએ. **ऋषीन् वन्दावहे ।**

સુખ અને દુ:ખ સંસારમાં થાય છે. **सुखं च दुःखं च संसारे जायेते (संसारस्य फले).**

તમે બે વિનાકારણ લડો છો. **विना कारणं युद्ध्येथे ।**

બે છોકરા વાડીમાં રમે છે. **बालकावुद्याने रमेते ।**

અમે બે હરિથકી કલ્યાણની આશા રાખીએ છીએ. **हरेः कल्याणमपेक्षावहे ।**

તમે બે, મિત્રોના અપરાધો માફ કરો છો. **मित्राणामपराधान् क्षमेथे ।**

તેઓ ડાહ્યા માણસોના ગુણને વખાણે છે. **प्रज्ञानान् गुणान् श्लाघन्ते । प्रज्ञानां गुणाञ् श्लाघन्ते ।**

પાપમાંથી ક્લેશો ઉપજે છે. **पापात् क्लेशा जायन्ते ।**

માણસો મરે છે. **मनुष्या म्रियन्ते ।**

ભિખારીઓ ચોખા માગે છે. **याचकास्तण्डुलं याचन्ते ।**

પોપટો બારી તરફ ઉડે છે. **शुका वातायने डयन्ते ।**

માણસો તેમની મહેનતનું ફળ મેળવે છે. **मनुष्याः स्वीयानां यत्नानां फलं विन्दन्ते ।**

મૂર્ખના અવયવો વધે છે પણ જ્ઞાન નહીં. **मूर्खस्य गात्राणि वर्धन्ते किंतु ज्ञानं न ।**

અમે બે, શત્રુઓના ઠપકા સહીએ છીએ. **अरीणामुपालम्भान् सहावहे ।**

યોદ્ધા શત્રુઓને વિવિધ શસ્ત્રોથી મારી નાંખે છે. **योधा अरीन् विविधैः शस्त्रैर्निषूदयन्ति ।**

પાઠ ૧૨ મો.

Passive અને Impersonal forms બંને માટે નિયમોમાં Passive Voice સુગમતા માટે લખ્યું છે.

... કોઈપણ ધાતુનો (passive Voice) સત્રભેદ કરવો હોય તો પહેલાં મૂળ ધાતુને **य** લાગે છે અને પછી આત્મનેપદના પ્રત્યયો લાગે છે. એટલે તે ધાતુનાં રૂપ ચોથા ગણના આત્મનેપદી ધાતુ જેવાં લેવાય છે.

દશમા ગણમાં મૂળ ધાતુમાં **अय** લાગતા પહેલાં જો **गुण** કે **वृद्धि** થઈ હોય તો તે ફેરવાયલા રૂપને Passive નો **य** લાગે છે; જેમકે **चोर्यते, घोष्यते, धार्यते, दार्यते, ताड्यते** પણ **बुध्यते, नीयते.**

आदेश ને **य** લાગતો નથી. જેમકે **प्रीयते. प्री** ધાતુ પરથી **प्रीण्** ગુણ કે વૃદ્ધિવાળું રૂપ નથી પણ **आदेश** છે તેને **य** લાગ્યો નહીં. તેમજ **गम्यते, सिच्यते** અને **इष्यते** રૂપો થયાં છે. **गच्छ्, सिञ्च्** અને **इच्छ्** એને **य** લાગે નહીં.

Passive નો **य** લાગતાં પહેલાં દશમા ગણના ધાતુ સિવાયના ધાતુઓ માટે નીચેના (૯) નિયમો લાગુ પડે છે.

૧ **दा, धा,** તથા જેમનું રૂપ **दा, धा,** જેવું થતું હોય તેવા ધાતુઓ **मा, स्था, गै, पा** to drink, **सो** અને **हा** to go, જવું–એ ધાતુઓનો અંત્યાક્ષર **ई** થાય છે; જેમકે **दा+य=य=दीय, धा+य=धीय, दै+य=दीय, निर्मा+य=निर्मीय, स्था+य=स्थीय, हा+य=हीय, पायते**=is protected રક્ષાય છે. **पीयते** is drunk પીવાય છે. **धे** to drinkનું **धा** છઠ્ઠા નિયમથી થાય છે અને પછી આ નિયમથી **धी** થાય છે. તેથી **धीयते** is drunk.

૨ અંત્યાક્ષર હ્રસ્વ **इ** હોય તો દીર્ઘ **ई** થાય છે.

૩ અંત્યાક્ષર હ્રસ્વ **उ** હોય તો દીર્ઘ **ऊ** થાય છે.

૪ અંત્યાક્ષર હ્રસ્વ **ऋ** હોય અને તેની પૂર્વે જોડા અક્ષર હોય તો **ऋ** નો **अर्** થાય છે, અને જોડાઅક્ષર ન હોય તો **ऋ** નો **रि** થાય છે. **ऋ** I p 3 p, to go. આનો પણ **अर्** થાય છે.

૫ અંત્યાક્ષર દીર્ઘ **ॠ** હોય અને તેની પૂર્વે ઓષ્ઠસ્થાની વ્યંજન કે **व्** હોય તો તે દીર્ઘ **ॠ**નો **ऊर्** થાય છે, અને પૂર્વે એવા અક્ષર ન હોય તો **ईर्** થાય છે.

૬. અંત્યાક્ષર **ए, ऐ** કે **ओ** હોય તો તેને બદલે **आ** મુકાય છે.

જેમકે **जि+य=जीय, श्रु+य=श्रूय, नु+य=नूय, स्मृ+य=स्मर्य. स्तृ+य=स्तर्य, स्वृ+य=स्वर्य, कृ+य=क्रिय, पृ+य=प्रिय, मृ+य=म्रिय, स्तृ+य=स्त्रिय, पृ+य=पूर्य, कॄ+य=कीर्य, ध्यै+य=ध्याय, शौ+य=शाय.**

૭. ધાતુઓના ઉપાંત્ય અનુસ્વારનો લોપ થાય છે. જેમકે **ग्रन्थ्+य=ग्रथ्य, दंश्+य=दश्य, ध्वंस्+य=ध्वस्य, रञ्ज्+य=रज्य, शंस्+य=शस्य, स्रंस्+य=स्रस्य, स्कन्द्+य=स्कद्य,** પણ **कम्प्, निन्द्, शङ्क्** અને **स्पन्द्** આ ધાતુઓમાંનો અનુનાસિક ઉડતો નથી.

वच् to speak	નું	**उच्**	થાય છે, જેમકે	**उच्यते.**
यज् to worship	,,	**इज्**	,,	**इज्यते.**
वप् to sow	,,	**उप्**	,,	**उप्यते,**
वह् to bear	,,	**उह्**	,,	**उह्यते.**
वस् to dwell	,,	**उष्**	,,	**उष्यते.**
ह्वे to call	,,	**हू**	,,	**हूयते.**
वद् to speak	,,	**उद्**	,,	**उद्यते.**
प्रच्छ् to ask	,,	**पृच्छ्**	,,	**पृच्छ्यते.**

આ શિવાયના બીજા ધાતુઓમાં એવો ફેરફાર થાય છે. પણ તેનો ખપ પ્રાઇમરમાં પડતો નથી માટે આપ્યાં નથી.

૮ **खन्** to dig નું **खन्** અથવા **खा** થાય છે. જેમકે **खन्यते खायते. जन्** to be produced નું **जन्** અથવા **जा** થાય છે. જેમકે **जन्यते—जायते.**

૧ **याच्, पच्, दण्ड्, प्रच्छ्** અને **जि** આટલા ધાતુઓને બે કર્મ આવે છે. તેમાંનું ખુલ્લું સમજાઇ આવતું કર્મ direct object કહેવાય છે અને આડકતરી રીતે થયેલું કર્મ indirect object કહેવાય છે. એ ધાતુઓનું passive કરતી વખતે indirect object કર્તા થાય છે. જેમકે:—

active,	passive.
धनिकं द्रव्यं याचते।	**धनिको द्रव्यं याच्यते।**
तण्डुलान् ओदनं पचामि।	**तण्डुला ओदनं पच्यन्ते।**

I cook rice into food.

चोरं शतं दण्डयामि । चोरः शतं दण्डयते ।

I fine the thief a hundred.

जनं मार्गं पृच्छामि । जनो मार्गं पृच्छ्यते ।

जनं शतं जयामि । जनः शतं जायते ।

(२) नी, हृ, कृष् અને वह् આ ધાતુના passiveમાં direct object જ કર્તા થાય છે. જેમકેઃ—

ग्रामम् अजां नयति । अजा ग्रामं नीयते ।

————हरति । ————ह्रियते ।

————कर्षति । ————कृष्यते ।

————वहति । ——ग्रामम् उह्यते ।

વાક્યો.

ब्राह्मणेभ्यः निष्काः दीयन्ते । બ્રાહ્મણોને સોનાની મહોરો અપાય છે. Nishkas are given to Brahmins..

नृपतेः आदेशः क्रियते । રાજાનો હુકમ પળાય છે. The King's command is done.

अग्निना काष्ठम् दह्यते । દેવતાથી લાકડું સળગે છે. Wood is burnt by fire.

शठौ पुरुषैः ताडयेते । બે લુચ્ચાઓ માણસોથી મરાય છે. Two rogues are beaten by men.

आचार्यैः धर्म उपदिश्यते । આચાર્યોથી ધર્મ શીખવાય છે. Duty is taught by preceptors.

भृत्यैः सेव्यसे । તું નોકરોથી સેવાય છે. નોકરો તારી સેવામાં છે. Thou art served by servants.

मित्रैः त्यज्ये । મિત્રોથી હું ત્યજાઉં છું. I am abandoned by friends.

जनैः दृश्यामहे । આપણે માણસોથી દેખાઇએ છીએ. We are seen by men.

व्याधिभिः पीड्यध्वे। તમે રોગોથી પીડાઓ છો. You are pained by diseases.

जनेन प्रेक्ष्यसे। તું માણસથી જોવાય છે. Thou art seen by the man.

पुत्रैः पूज्येथे। છોકરાઓથી તમે બે પૂજાઓ છો. You two are adored by your sons.

धान्यस्य राशयः नीयन्ते। અનાજના ઢગલા લઈ જવાય છે. Heaps of corn are carried.

प्राज्ञैः तत्त्वम् बुध्यते। ડાહ્યા માણસોથી સત્ય જણાય છે. Truth is known by wise men.

नृपेण अरयः जीयन्ते। રાજાથી શત્રુઓ જીતાય છે. The enemies are conquered by the king.

बालकै रुद्यते। બાળકોથી રડાય છે.(બાળકો રડે છે.) Children cry.

बालकैः उद्यते। બાળકોથી બોલાય છે. Children speak.

सारथी हन्येते। સારથીઓ હણાય છે. The two charioteers are killed.

ऋषयः जनेन वन्द्यन्ते। ઋષિઓ માણસોથી વન્દાય છે. Sages are saluted by men.

सूर्येण प्रकाश्यते। સૂર્યથી પ્રકાશાય છે. (સૂર્ય પ્રકાશે છે.) The Sun shines.

ईश्वरेण भूयते। ઈશ્વર છે. God exists.

(સકર્મક ધાતુના સત્ત્વભેદને કર્મણિરૂપ અથવા પ્રયોગ (passive form) અને અકર્મકના સત્ત્વભેદને ભાવેરૂપ અથવા પ્રયોગ (Impersonal form) કહે છે. (ઉપર ગયેલાં વાક્યોમાં **रुद्येत, प्रकाश्यते** અને **भूयते** એ ભાવેરૂપ છે.

लोकैः प्रशस्यध्वे। તમે લોકોથી વખણાઓ છો. You are praised by the people.

शिष्यैः नम्यावहे। શિષ્યોથી અમને એને નમન કરાય છે. અમને એને શિષ્યો નમે છે. We two are saluted by pupils.
मोदकाः बालकैः स्वाद्यन्ते। લાડવા બાળકોથી ચખાય છે. Sweet balls are tasted by children.
छात्रैः श्लोकाः पठ्यन्ते। નિશાળીઆથી શ્લોકો ભણાય છે, Verses are learnt by pupils.
ओदनः सूदैः पच्यते। ભાત રસોઇઆઓથી રંધાય છે. Rice is cooked by cooks.
देवः वन्द्यते। દેવ વન્દાય છે. God is saluted.
શત્રુ બાણથી હણાય છે. **अरिर्बाणेन हन्यते।**
બાળકના હાથ પાણીથી ધોવાય છે. **बालस्य हस्तौ जलेन क्षाल्येते।**
તું કવિઓથી વખણાય છે. **कविभिः श्लाघ्यसे।**
તમે માણસોથી શોધાઓ છો. **मनुष्यैर्मृग्यध्वे।**
હું નોકરથી સેવાઉં છું. **किंकरैः सेव्ये।**
આપણે ઇશ્વરથી રક્ષાઇએ છીએ. **ईश्वरेण रक्ष्यामहे।**
તમે બે લોકોથી ઓળખાઓ છો. **जनैर्बुध्येथे।**
હાથીઓ પલાણાય છે. **गजा आरुह्यन्ते।**
અમે બે, શહેરીઓથી વિનવાઇએ છીએ. **पौरैः प्रार्थ्यावहे।**
યોગીઓથી સંસાર તજાય છે, **यतिभिः संसारस्त्यज्यते।**
શરીર ખોરાકથી પોષાય છે. **शरीर मन्नेन पुष्यते।**
બે ઘોડા ચોરોથી હરણ કરાય છે. **अश्वौ स्तेनैर्ह्रियेते।**
વૃક્ષોપર પાણી છંટાય છે. **वृक्षेषु वारि भिच्यते।**
અનાજના ઢગલા ગોઠવાય છે. **धान्यस्य राशयो रच्यन्ते।**
કૃષ્ણનું શરીર ઘરેણાથી શણગારાય છે. **कृष्णस्य शरीरमलंकारैर्भुष्यते।**
ડાહ્યા માણસોના ગુણો કવિઓથી પ્રસિદ્ધ થાય છે. **प्रज्ञानां गुणाः कविभिः प्रथ्यन्ते।**
અવાજ સંભળાય છે. **ध्वनिः श्रूयते।**

ચોરો રાજાઓથી દંડાય છે. **स्तेना नृपैर्दण्ड्यन्ते नृपैः स्तेना** or **नृपैस्स्तेना** or **नृपै स्तेना दण्ड्यन्ते ।**

હરિથી બે ફળો ખવાય છે. **हरिणा फले अद्येते ।**

બે બાણો ફેંકાય છે. **शरावस्येते ।**

તમે રાજાથી હુકમ કરાવો છો. **नृपेणादिश्यध्वे ।**

સુખ હમેશાં માણસોથી ઇચ્છાય છે. **सुखं नित्यं जनैरिष्यते ।**

દરિયાના પાણી પીવાતાં નથી. **समुद्रस्य वारीणि न पीयन्ते ।**

દેવો સદાચારથી રાજી થાય છે. **देवाः सदाचारेण प्रीयन्ते ।**

સીપાઈઓ સેનાપતિથી ગણાય છે. **सैनिकाः सेनापतिना गण्यन्ते ।**

પાઠ ૧૩ મો.

शाला અને **दासी**નાં રૂપ ૧૫મા પાઠમાં આપેલાં છે. **आ**કારાંત નારી જાતિનાં નામોનાં રૂપ **शाला** જેવાં લેવાય છે, પણ **अम्बा, अक्का** અને **अल्ला** એનું સંબોધન એકવચન **अम्ब, अक्क** અને **अल्ल** એમ અનુક્રમે થાય છે **अम्बा, अक्का** અને **अल्ला** આ દરેકનો અર્થ mother થાય છે. **अम्बा** પરથી ગુજરાતીમાં 'બા.'

ई કારાંત નારીજાતિનાં રૂપ **दासी** જેવાં થાય છે. પણ **लक्ष्मी** the goddess of wealth, **तरी** a boat, હોડી, **तन्त्री** a cord, a string. **स्तरी** a barren cow વાછરડાં ન થતાં હોય એવી ગાય. smoke અને **अवी** a woman in her courses રજસ્વલા અથવા અટકાવવાળી સ્ત્રી, આ નામોનું પ્રથમા એકવચન **लक्ष्मीः, तरीः, तन्त्रीः, स्तरीः** અને **अवीः** એ પ્રમાણે અનુક્રમે થાય છે.

વાક્યો.

वसिष्ठस्य पत्नी अरुन्धती । વસિષ્ઠની સ્ત્રી અરુંધતી છે, Vasistha's wife is Arundhati.

नार्यः हर्म्याणाम् वातायनेभ्यः पश्यन्ति । સ્ત્રીઓ હવેલીઓની બારીઓમાંથી જુએ છે. Women see from the windows of mansions.

कृष्णः कलाः शिक्षते । કૃષ્ણ કળા શીખે છે. Krishna learns arts.

रामः जनकस्य कन्याम् परिणयति । રામ જનકની છોકરીને પરણે છે. Rama marries Janak's daughter.

गङ्गा समुद्रम् गच्छति । ગંગા સમુદ્રમાં જાય છે. The Ganges goes to the sea.

क्षमा वीरस्य भूषणम् । ક્ષમા એ યોદ્ધાનું ભૂષણ છે. Forgiveness is the ornament of a warrior.

नारायणः जननीम् आह्वयति । નારાયણ માને બોલાવે છે. Narayana calls his mother.

उपवने नृपस्य कन्ये रमेते । બાગમાં રાજાની બે છોકરીઓ રમે છે. The king's two daughters sport in the garden.

लते स्पृशति । તે, બે વેલાને અડકે છે. He touches two creepers.

चन्द्रेण रजनी शोभते । ચંદ્રવડે રાત શોભે છે. The night looks beautiful by the moon.

नद्यौ संगच्छेते । બે નદીઓ સાથે વહે છે. The two rivers flow together.

कुमारी सख्यौ भाषते । છોકરી પોતાની બે સખીઓ સાથે વાત કરે છે. The virgin speaks with her two female friends.

वराहाः सहचरीः शोचन्ति । ડુક્કરો સહચરીઓનો શોક કરે છે. Hogs bewail their female companions.

(सहचरीः=ડુક્કરી, ભુંડણ વગેરે સ્ત્રીજાતનું પશુ.)

मूर्खः लज्जाम् त्यजति । મૂરખ લાજ તજે છે. A fool abandons shame.

नटी सूत्रधारस्य भार्या । નટી સૂત્રધારની સ્ત્રી થાય. Nati (the chief actress in a play) is the wife of Sutradhara (the actor.)

प्रजाः नृपतिना रक्ष्यन्ते । લોકો રાજાથી રક્ષાય છે. The subjects are pretected by their king.

उद्यानस्य शोभाम् पश्यति । તે બાગની શોભા જુએ છે. He sees the beauty of the garden.

ललनाः प्रासादतलम् आरोहन्ति । સ્ત્રીઓ મહેલની અગાસીએ ચઢે છે. The women mount the terrace of the palace.

नृपस्य आज्ञे अनुरुध्येते । રાજાની બે આજ્ઞા (તેઓ બન્ને) પાળે છે. પળાય છે. They two obey the king's two commands, or the king's two commands are obeyed.

ब्राह्मणाः महीम् अटन्ति । બ્રાહ્મણો પૃથ્વીમાં ભટકે છે. Brahmins ramble over the earth.

रामस्य कथाः श्रूयन्ते । રામની કથા સંભળાય છે. Tales about Rama are heard.

वने प्रमदे दृश्येते । વનમાં બે જુવાન સ્ત્રી દેખાય છે. Two young women are seen in the forest.

वापी नगरात् क्रोशौ । વાવ શહેરથી બે કોસ છે. The well is two koses from the town.

नृपतेः बलस्य भरेण पृथ्वी कम्पते । રાજાના લશ્કરના ભારથી પૃથ્વી ડોલે છે. The earth quakes by the weight of the king's army.

कुसुमानाम् मालाः कण्ठात् अपनीयन्ते । પુષ્પોની માળા ડોક પરથી લઇ લેવાય છે. Garlands of flowers are removed from the neck.

નારદ સ્વર્ગમાંથી પૃથ્વીપર ઉતરે છે. **नारदः स्वर्गान् महीमवतरति ।**
કૃષ્ણ રાજાઓની વાતો કરે છે. **कृष्णो नृपाणां कथाः कथयति ।**
જુવતીઓ બાગમાં રમે છે. **प्रमदा उपवने रमन्ते ।**
તે ડોકમાં ફુલોના બે હાર પહેરે છે. **कण्ठे कुसुमानां माले धारयति ।**
રામની સ્ત્રી અરૂંધતીને નમે છે. **रामस्य पत्न्यरुन्धतीं वन्दते ।**
અમે બે કુમારીકાઓને જોઇએ છીએ. **कुमार्यावीक्षामहे ।**

હરણની સહચરીઓ હરણ પછાડી જાય છે. **हरिणस्य सहचर्यो हरिणमनुसरन्ति ।**

ગામમાં બે વાવ છે. **ग्रामे वाप्यौ स्तः ।**

મુખ્ય નટ મુખ્ય નટીને બોલાવે છે **सूत्रधारो नटीमाह्वयति ।**

હરિ નદીએ જાય છે. **हरिर्नदीं गच्छति ।**

રામની બે માતા તેના વનમાં જવાનો શોક કરે છે. **रामस्य जनन्यौ वनं गमनं शोचतः ।**

સ્ત્રીઓ વાવોપર જાય છે. **ललना वापीर्गच्छन्ति ।**

લોકો રાજાના હુકમ પાળે છે. **प्रजा नृपस्याज्ञा अनुरुध्यन्ते ।**

હરિની છોકરીઓ નૃત્ય શિખે છે. **हरेः कन्या नृत्यं शिक्षन्ते ।**

ઉદ્યોગથી હુન્નરો ખીલે છે. **उद्योगेन कलाः संवर्धन्ते ।**

ડાહ્યા માણસો હમેશાં ક્ષમા વાપરે છે. **प्रज्ञाः सर्वदा क्षमामाचरन्ति ।**

વિશ્વની શોભા ચિત્તને હરે છે. **विश्वस्य शोभा चित्तं हरति ।**

માતા છોકરાના કલ્યાણથી રાજી થાય છે. **जननी प्रजायाः कल्याणे मोदते ।**

નાટકના આરંભમાં સૂત્રધાર સ્ત્રીને બોલાવે છે. **नाटकस्यारम्भे सूत्रधारो नटीं ह्वयति ।**

મરદો બહારોને સંભાળે છે. **पुरुषा ललना रक्षन्ति ।**

તારા રાતને શોભાવે છે. **तारकाणि रजनीं भूषयन्ति ।**

અવિનયથી લાજ જીતાય છે. **वैयात्येन लज्जा जीयते ।**

વેલા ઝાડનો ટેકો શોધે છે. **लता वृक्षाणामाधारं मृगयन्ते ।**

તે સ્ત્રી બેનપણીને ક્રોધથી તજે છે. **ललना सखीं क्रोधात्त्यजति ।**

રાજા રૈયતને પુત્ર પુત્રીની પેઠે સંભાળે છે. **नृपः प्रजाः पुत्रान् पुत्रीरिव तन्त्रयते ।**

इव-ની પેઠે (**इव**) શબ્દની સાથે છૂટી વિભક્તિ નથી આવતી પણ એ શબ્દથી જે બે માણસ અથવા વસ્તુ સરખાવી હોય તે એકજ વિભક્તિમાં આવે છે. અહીં 'રૈયત' અને 'પુત્રપુત્રી' ને સરખા ગણ્યા છે, માટે બંને બીજી વિભકિતમાં આવ્યા છે.

પાઠ ૧૪ મો.

હવેથી સંસ્કૃત વાક્યોના તરજુમામાં જેની સંધિ છોડવી અઘરી હોય અથવા જેના શબ્દો ગુજરાતીમાં તરજુમો થાય તેવા નિયમમાં ગોઠવાયા ન હોય તેવાં સંસ્કૃત વાક્યજ આપીશું.)

તે દેવોને બળીદાન આપે છે. He gives oblation to gods.

ચિત્તની પીડાથી રામ મૂર્છા ખાય છે. Rama faints by the pain of his mind.

સ્ત્રીને માટે સંદેશા મોકલાય છે. A message is sent for the wife.

તે અવન્તીથી આવે છે. He comes from Avanti કૃષ્ણની સ્ત્રીને ફળો ભાવે છે. Fruits please Krishna's wife.

महिषी दास्या सेव्यते । પટરાણી ચાકરડીથી સેવાય છે. The crowned queen is served by her maid.

शरीरम् जरया क्षीयते । શરીર ઘડપણથી ઘસાય છે. The body is wasted away by old age.

प्रासादः मणीनाम् प्रभाभिः द्योतते । મહેલ રત્નોના પ્રકાશથી દીપે છે. The palace shines by the lights of jewels.

लज्जया गृहम् प्रविशति । તે લાજથી ઘરમાં ભરાય છે. He enters the house through shame.

તે ઇશ્વરની પૂજાથી સુખ મેળવે છે. He obtains happiness from the worship of God.

नृपतयः प्रजाभ्यः हितम् इच्छन्ति । રાજા પ્રજા માટે કલ્યાણ ઇચ્છે છે. Kings wish benefit for their subjects.

दूतः कौशाम्ब्याः निवर्तते । કાસદ કોશાંબીથી પાછો ફરે છે. The messenger returns from Kausambi.

क्रीडायै उद्यानम् प्रविशति । તે રમવા માટે બાગમાં પેસે છે. He enters the garden to play.

सीता सखीभिः परिव्रियते । સીતા સખીઓથી વિંટળાયલી છે. Sita is surrounded by her female-friends.

नागः सहचरीभ्याम् अनुगम्यते । હાથી બે સહચરીઓથી પાછળ લગાયો છે. The elephant is followed by his two female companions.

रामः पञ्चवट्याः निर्गच्छति । રામ પંચવટીથી નીકળે છે. Rama departs from Panchavati.

वृक्षः लताभ्याम् शोभते । ઝાડ બે વેલાથી શોભે છે. The tree looks beautiful by two creepers.

ગંગા નદીથી શહેર બે કોશ છે. The town is two koses from the Ganges.

વાવોમાંથી પાણી વહે છે. અથવા
,, ,, તે લઈ જાય છે. Water flows, or, he bears water, from wells.

બાળકો પાઠશાળામાંથી આવે છે. The children come from schools.

नराणाम् चित्तम् चिन्तया दह्यते । માણસોનું મન ચિંતાથી શેકાય છે. The mind of men is tormented by anxiety.

જેમ કજીયો તેમ સ્નેહ પણ વાણીથી ઉપજે છે.
Just like quarrel, affection also arises from speech.

હરિ છોકરીઓને મોતીની માળા આપે છે. Hari gives necklaces of pearls to girls.

महिष्या नृपतेः संदेशः स्वस्थेन चित्तेन श्रूयते । રાણીથી રાજાનો સંદેશો શાંત ચિત્તે સંભળાય છે. The king's message is heard by the queen with a quiet mind.

હાથીનું બચ્ચું સીતાથી પાંદડાવડે પોષાય છે. The young one of the elephant is nourished by Sita with sprouts.

હરિ વાણીવડે મિત્રને શાંત કરે છે. **हरिर्वाचया मित्रं सान्त्वयति ।**
શહેર નદીઓથી વિંટાયલું છે. **पुरी नदीभिः परिव्रियते ।**
ક્ષમા ગુણથી માણસ ચિત્તની શાંતિ મેળવે છે. **क्षमया जनश्चित्तस्य स्वास्थ्यं लभते ।**
ડાહ્યા માણસો પૃથ્વીપરથી સ્વર્ગમાં જાય છે. **प्रज्ञा मह्याः स्वर्गं गच्छन्ति ।**
વસિષ્ઠ અરૂન્ધતીની સાથે આવે છે. **वसिष्ठोरुन्धत्या सहागच्छति ।**
રામ દીકરીઓને ઘરેણા આપે છે. **रामः कन्याभ्योलंकारान् यच्छति ।**
તે માળાથી શરીરને શણગારે છે. **मालाभिः शरीरं भूषयति ।**
રાણી દાસી પર ક્રોધે ભરાય છે. **राज्ञी दास्यै कुप्यति ।**
તે ઘરડા માણસની વાતથી સુખ મેળવે છે. **जरठस्य कथाभ्यः सुखमधिगच्छति ।**
નારાયણની સ્ત્રીથી ચોખા રંધાય છે. **नारायणस्य भार्यया तण्डुलः पच्यते ।**
રાજાના હુકમથી હું અવન્તીમાં જાઉં છું. **नृपस्याज्ञयावन्तीं गच्छामि ।**
કદરૂપાં હોય તો પણ છોકરાં માને ગમે છે. **विरूपा अपि बालका जनन्यै रोचन्ते ।**
બે જોદ્ધા બે શહેરમાંથી હથિયાર સાથે નીકળે છે. **योधौ पुरीभ्यां शस्त्रैः प्रतिष्ठेते ।**
આકાશ સૂર્યના પ્રકાશથી શણગારાયલું છે. **आकाशः सूर्यस्य रक्तया प्रभया भूष्यते ।**
લોકોનું સુખ હુન્નરોથી વધારાય છે. **जनानां सुखं कलाभिर्वृध्यते ।**
મનુષ્યો દેવો કનેથી સુખની પ્રાપ્તિને ઇચ્છે છે. **मनुष्या देवताभ्यः सुखस्य लाभमिच्छन्ति ।**
બે કુમારિકાઓથી બળિદાન અપાય છે. **कुमारीभ्यां बलिर्दीयते ।**
ચિંતાથી દુઃખ ઉપજે છે. **चिन्तया दुःखमुद्भवति ।**
સીતા બેનપણીઓ કનેથી ગાયનો શિખે છે. **सीता सखीभ्यो गीतानि शिक्षते ।**

સેનાપતિના હુકમથી સીપાઇઓ શહેરમાંથી આવે છે. **सेनापतेराज्ञया सैनिका नगरादागच्छन्ति ।**

છોકરા રમતોથી પિતાના હૃદયને રાજી કરે છે. **बालकाः क्रीडाभिर्जनकस्य हृदयमाह्लादयन्ति ।**

તે દેવોની પૂજા માટે ફુલો આણે છે. **देवतानां पूजायै कुसुमान्यानयति ।**

રાણીથી દાસીને ઇનામ અપાય છે. **राज्ञ्या दास्यायुपहारो दीयते ।**

પક્ષી જમીનપરથી આકાશમાં ઉડે છે. **विहगः पृथ्व्या आकाशमुत्पतति ।**

પાઠ ૧૫ મો.

उज्जयिनी નાં રૂપો.

उज्जयिनी	**उज्जयिन्यौ**	**उज्जयिन्यः**
उज्जयिनि	,,	,,
उज्जयिनीम्	,,	**उज्जयिनीः**
उज्जयिन्या	**उज्जयिनीभ्याम्**	**उज्जयिनीभिः**
उज्जयिन्यै	,,	**उज्जयिनीभ्यः**
उज्जयिन्याः	,,	,,
,,	**उज्जयिन्योः**	**उज्जयिनीनाम्**
उज्जयिन्याम्	,,	**उज्जयिनीषु**

નિયમો.

હ્રસ્વ સ્વર, ઉપસર્ગ **आ** તથા **मा**=not ની પછી **छ्** આવે તો તે **छ्** ને બદલે **च्छ्** મુકાય છે. જેમકે **वृक्षस्य+छायायाम्=वृक्षस्यच्छायायाम्, अ+छिद्यन्त=अच्छिद्यन्त, वस्त्रेण+छन्न=वस्त्रेणच्छन्नः, स्व+छन्द=स्वच्छन्दः, आ+छादनम्=आच्छादनम्, मा+छादय=माच्छादय** (do not conceal).

પદાંત દીર્ઘ સ્વરની પછી **छ्** આવે તો તે **छ्**ને બદલે **च्छ्** વિકલ્પે કરીને મુકાય છે. જેમકે **माला+छायायाम्=माला छायायाम्** અથવા **मालाच्छायायाम्, लक्ष्मी+छाया=लक्ष्मीछाया** અથવા **लक्ष्मीच्छाया**

मा=મને. **मा+छादय=मा छादय** અથવા **माच्छादय.**

વાક્યો.

અવંતીમાં શૂદ્રક રહે છે. Sudraka lives in Avanti.

ગંગામાં પુષ્કળ પાણી રહે છે. There is much water in the Ganges.

પ્રજાની ધર્મમાં પ્રવૃત્તિ રાજાઓથી કરાય છે. The inciting of subjects to duty is done by kings.

पूजासु नार्यः नृत्यन्ति । ઉજ્જનમાં શિવની પૂજામાં સ્ત્રીઓ નાચે છે. Women dance in Siva's worships at Oojein.

सखि नद्याः तीरम् गच्छामि । બેન હું નદીને તીરે જાઉં છું. O Friend ! I go to the bank of the river.

ગોદાવરીનાં પાણીમાં બે હાથી રમે છે. Two elephants play in the water of the Godavari.

ઉન્હાળામાં નદીઓનાં પાણીમાં રાજાઓ યુવતીઓ સાથે રમે છે. Kings play with young women in the waters of rivers in summer.

ललनाः लतानाम् मण्डपम् प्रविशन्ति । સ્ત્રીઓ વેલના માંડવામાં પેસે છે. Women enter the bower of creepers.

વાવમાં કમળો ઉગે છે. Lotuses grow in the well.

તે ઝાડોની છાયામાં પથ્થરપર બેસે છે. He sits on a stone under the shades of the trees.

કૃષ્ણ પોતાની સ્ત્રીના વિનયને વખાણે છે. Krishna praises the modesty of his wife.

ચંદ્ર રાત્રિનો પતિ છે. The moon is the lord of night.

બે છોકરીઓના લગ્નની તય્યારીઓ કરાય છે. Preparations of the marriage of his two daughters are made.

रामः जनन्योः आज्ञाम् अनुरुध्यते । રામ બે માની આજ્ઞા પાળે છે. Rama obeys the command of his two mothers.

પ્રિયા ! આપણો છોકરો ગામ જાય છે. Oh beloved our **son** goes to the village.

शाकुन्तलायाः सख्योः परमः स्नेहः। શકુંતલાને બંને સખીપર બહુ સ્નેહ છે. Shakuntala has great affection for her two female friends.

ચાંદરણાંની શોભા ચિત્તને હરે છે. The beauty of moonlight attracts the mind.

ડાહ્યા માણસોની વાણીમાં હંમેશા મિઠાશ રહે છે. There is always sweetness in the speech of wise men.

रामेण कान्ताया वचनम् क्रियते। રામથી સ્ત્રીનું વચન પળાય છે. Wife's saying is observed by Rama.

બંને દાસીઓનાં વચનોમાં રાણીનો પુર્ણ વિશ્વાસ છે. The queen has perfect confidence in the words of the two maid-servants.

પાઠશાળાઓની સ્થાપનાથી માણસોમાં જ્ઞાન વધે છે. Knowledge increases among men by the establishment of schools.

पौरैः रथ्यानाम् संमार्जनम् क्रियते। શહેરીઓથી મહોલ્લાનો કચરો કઢાય છે. The sweeping of the streets is done by citizens.

दशरथः अयोध्यायाः नृपः। દશરથ અયોધ્યાનો રાજા હતો. Dasharatha was king of Ayodhya.

ઘડપણમાં માણસોની તૃષ્ણા શાંત પડતી નથી. The thirst of men does not get calm even in old age.

नराणाम् कामाः फलन्ति। દેવોની પૂજાથી માણસોની કામના ફળે છે. **Men's desires are fulfilled by the worship of gods.**

ગંગાના કાંઠાપર ઝાડો છે. **गङ्गायास्तीरेषु वृक्षाः सन्ति ।**

જયંત ઇંદ્રાણીનો પુત્ર છે. **जयन्त इन्द्राण्याः पुत्रः ।**

રામના મિત્રો શહેરમાં રહે છે. **रामस्य मित्राणि नगर्यां वसन्ति ।**

ચકોર ચંદનીમાં આનંદ પામે છે. **चकोरश्चन्द्रिकायां मोदते ।**

તે વેલાનું ફુલ આણે છે. **लतायाः कुसुममानयति ।**

હરિ દીકરીઓના ગુણોને વખાણે છે. **हरिः कन्यानां गुणाञ् शंसति ।**

નદીઓમાં માછલાં છે. **नदीषु मत्स्याः सन्ति ।**

હું અયોધ્યાની શેરીમાં રથો જોઉં છું. **अयोध्याया रथ्यासु रथानीक्षे ।**

શકુન્તલા સખીઓના પ્રેમને લાયક છે. **शकुन्तला सखीनां स्नेहमर्हति ।**

રામની વાણીમાં મીઠાશ છે. **रामस्य वाण्यां माधुर्यमस्ति ।**

સીતાના દીકરા ક્યાં છે? **सीतायाः पुत्रौ क्व स्तः ।**

(રામનાં સ્ત્રી 'સીતા' ન લઇએ તો **सीतायाः पुत्राः क्व सन्ति ।**

દંડકામાં રાક્ષસો છે. **दण्डकायां राक्षसाः सन्ति ।**

પૃથ્વીપર દ્વીપો છે. **पृथिव्यां द्वीपाः सन्ति ।**

ઝાડની છાયામાં માણસોને જોઉં છું, **वृक्षस्यच्छायायां मनुष्यानीक्षे ।**

ઘણું ખરૂં રાક્ષસો રાત્રિએ ભટકે છે. **प्रायो निशाचरा निशायां चरन्ति ।**

માના હૃદયનો દીકરીપર ઘણો પ્રેમ હોય છે. **जनन्या हृदयस्य कन्यायां परमः स्नेहः ।**

માનું હૃદય દીકરી તરફ ઘણું પ્રેમાળ હોય છે, **जनन्या हृदयं कन्यायामतिस्निग्धमस्ति ।**

ગંગાના પાણી પવિત્ર હોય છે. **गङ्गाया वारीणि पुण्यानि सन्ति ।**

રાણીના હુકમથી લુચ્ચાને શિક્ષા થાય છે, **राज्ञ्या आज्ञया शठो दण्डयते ।**

દેશ હુન્નરોના બહુપણાથી આબાદ થાય છે. **देशः कलानां बाहुल्येन समृध्यति ।**

નદીનો ઓઘ પથરોના જથ્થાથી ખળાય છે. **नद्याः प्रवाहः शिलानां संघातेन निरुध्यते ।**

દાસી પૂજાનો સામાન આણે છે. **दासी पूजायाः संभारानानयति ।**
વેલાનાં ફુલ વીણવા વાડીએ જાઉં છું. **लतानाम् पुष्पाणाम् अवच-
याय उपवनम् गच्छामि । लतानां पुष्पाणामवचयायोपवनं
गच्छामि ।**
તે રાજાની આજ્ઞાઓના પાલનમાં આગ્રહી છે. **नृपस्याज्ञानां पालने
दक्षोऽस्ति ।**

પાઠ ૧૬, ૧૭, ૧૮.

Imperfect [**लङ्**] હ્યસ્તન ભૂતકાળ.
Imperfect [**लङ्**] ના પ્રત્યયો.

પરસ્મૈપદ.

પુ.	એકવચન	દ્વિ. વ.	બ. વ.
૧.	**अम्**	**व**	**म**
૨.	**स्**	**तम्**	**त**
૩.	**त्**	**ताम्**	**अन्**

આત્મનેપદ.

પુ.	એ. વ.	દ્વિ. વ.	બ. વ.
૧.	**इ**	**वहि**	**महि**
૨.	**थास्**	**इथाम्**	**ध्वम्**
૩.	**त**	**इताम्**	**अन्त**

૧૮ મે પાને આપેલાં રૂપ તૈયાર કરીને તે પ્રમાણે લેવાં.

પરસ્મૈપદી પહેલા ગણના ધાતુનાં રૂપ **अनयम्, अनयाव** જેવાં થાય છે. પરસ્મૈપદી ચોથા ગણના ધાતુનાં રૂપ **अपुष्यम्, अपुष्याव** જેવાં થાય છે. પરસ્મૈપદી છઠ્ઠા ગણનાં ધાતુનાં રૂપ **अविशम्, अविशाव** જેવાં થાય છે. પરસ્મૈપદી દશમા ગણનાં ધાતુનાં રૂપ **अचोरयम्, अचोरयाव** જેવાં છે. આત્મનેપદી પહેલા ગણનાં ધાતુનાં રૂપ **अद्योते, अद्योतावहि** જેવાં થાય છે. આત્મનેપદી ચોથા ગણનાં ધાતુનાં રૂપ **अयुध्ये, अयुध्यावहि** જેવાં થાય છે. આત્મનેપદી છઠ્ઠા ગણનાં ધાતુનાં રૂપ **अविन्दे, अविन्दावहि**

જેવાં **થાય** છે. આત્મનેપદી દશમા ગણનાં ધાતુનાં રૂપ **अमृगये, अमृगयावहि** જેવાં થાય છે. આ રૂપોમાં ગણની નીશાની લાગી છે અને પછી પ્રત્યયો લાગ્યા છે. **अनयम्, अद्योते** વગેરે ભૂતકાળનાં રૂપોમાં પહેલો **अ आगम** મુકેલો છે. સ્વરથી શરૂ થતા ધાતુની પહેલાં **आ** મુકાય છે. એ **आ** અને ધાતુનો પહેલો સ્વર મળીને તે સ્વરની વૃદ્ધિ બંનેને બદલે મુકાય છે. **आ+ईक्ष्=ऐक्ष्, आ+ऋच्छ्=आर्च्छ्. आ+इच्छ्=ऐच्छ्. ऐक्षे** I saw. **ऐक्षावहि** We two saw. **ऐच्छम्** I wished. **ऐच्छाव** We two wished.

अस् to be નાં **लङ्** રૂપો.

आसम्	**आस्व**	**आस्म**
आसीः	**आस्तम्**	**आस्त**
आसीत्	**आस्ताम्**	**आसन्**

अद् to eat નાં **लङ्** રૂપો.

आदम्	**आद्व**	**आद्म**
आदः	**आत्तम्**	**आत्त**
आदत्	**आत्ताम्**	**आदन्**

Passive Imperfect of **नी, द्युत्, चुर्** and **सूद्** with **निः**—

अनीये	**अनीयावहि**	**अनीयामहि**
अनीयथाः	**अनीयेथाम्**	**अनीयध्वम्**
अनीयत	**अनीयेताम्**	**अनीयन्त**

अद्युत्ये **अद्युत्यावहि** વિગેરે.

अचोर्ये **अचोर्यावहि** **अचोर्यामहि**

आचोर्यथाः વિગેરે.

न्यसूद्ये **न्यसूद्यावहि** **न्यसूद्यामहि**

न्यसूद्यथाः વિગેરે.

વર્તમાનકાળમાં **सूद्** with **नि** નું **निषूदयति** એવું રૂપ થાય છે. પણ હ્યસ્તનભૂતમાં ઉપસર્ગ અને ધાતુની વચ્ચે **अ** આગમ આવે છે. તેથી **स्** નો **ष्** થતો નથી.

ધાતુ તથા ઉપસર્ગની વચ્ચે **अ** આગમ આવે તો પણ **स्विद्**, **सद्** with any preposition except **प्रति** અને **सेव्** with **परि**, **नि** or **वि** આ ત્રણ ધાતુઓમાં **स्** નો **ष्** થાય છે. આ પરથી **स्विद्** with **अभि** નાં Imperfect forms **अभ्यषिष्वम्** **अभ्यषिष्वाव** etc.

स्विद् with **नि**	,,	**न्यषिष्वम** **न्यषिष्वाव** etc.
सद् with **नि**	,,	**न्यषीदम्** **न्यषीदाव** etc.
सद् with **प्रति**	,,	**प्रत्यसीदम** **प्रत्यसीदाव** etc.
सेव् with **परि**	,,	**पर्यषेवे** **पर्यषेवावहि** etc.
सेव् with **नि**	,,	**न्यषेवे** **न्यषेवावहि** etc.
सेव् with **वि**	,,	**व्यषेवे** **व्यषेवावहि** etc.

પણ **सूद** with **नि**.........**न्यसूदयम्** **न्यसूदयाव** etc.

स् ના **ष्** કરવાનો સામાન્ય નિયમ ૨૫મા પાઠમાં આપેલો છે.

હ્યસ્તનભૂતને બદલે છોકરાઓ તેમજ શિક્ષકો Imperfect વારંવાર બોલે છે તેથી Imperfect અહીં પણ લખ્યું છે. Active તથા Passive લખ્યાં છે તેનું પણ એજ કારણ સમજવું.)

શબ્દને છેડે કોઈ વ્યંજન હોય તેની પછી કોઈ નાસિકાસ્થાની આવે, તો આગલા વ્યંજનને બદલે તેના વર્ગનો નાસિકાસ્થાની વિકલ્પે કરી મુકાય છે. જેમકે **नगरात्+नगरम्=नगरान्नगरम्** અથવા **नगराद् नगरम्**, **दिक्+मूढ=दिग्मूढः**, **दिङ्मूढः**, પણ જ્યારે નાસિકાસ્થાનિ, નામને લગાડતાં કોઈ પ્રત્યયનો હોય તો આ ફેરફાર જરૂરજ થાય છે જેમકે **चित्+मय=चिन्मय**, **तद्+मय=तन्मय**, **मृद्+मय= मृन्मय** અને **ऋ** ની પછીના **न्** નો **ण्** થાય છે તે નિયમ પ્રમાણે

मृण्मय=માટીનું. **चिद्+मात्र=चिन्मात्र, तद्+मात्र=तन्मात्र, अद्+ग्नि=अग्नि.** આમાં **अद्** ના **द्** નો **न्** થાય નહીં. કારણ કે **द्** શબ્દને છેડે આવેલો નથી.

कथ् ની સાથે કોઈ કોઈ વખતે બે કર્મ આવે છે. અથવા તો અનુપસ્થ કર્મ ચોથી કે છઠ્ઠી વિભક્તિમાં આવે છે.

જેમકે **रामम्–रामाय–रामस्य कथां कथयति**

क् ख् ग् घ् **च् छ् ज् झ्** **ट् ठ् ड् ढ्** **त् थ् द् ध्** **प् फ् ब् भ्**	આમાંના કોઈ અક્ષર પછી **श्** આવે અને તેની પછી કોઈ સ્વર, અર્ધસ્વર કે નાસિકાસ્થાની આવે તો **श्** નો વિકલ્પે કરીને **छ्** થાય છે.

अवदत्+शठः=अवदच्+शठः=अवदच्छठः—अवदच्शठः; वृन्तात् + श्लथम्=वृन्ताच्+श्लथम्=वृन्ताच्छ्लथम्—वृन्ताच्श्लथम् सत्+शास्त्रम्=सच्छास्त्रम्–सच्शास्त्रम् પણ **वाक्+श्च्योतति=वाक् श्च्योतति** આમાં **श्** નો **च्** નહિ થાય કારણ કે **श्** ની પછીનો **च्** એ સ્વર, અર્ધસ્વર કે નાસિકાસ્થાની નથી.

પાઠ ૧૬ મો.

વાક્યો.

રામ રાવણને જિતતો હતો. Rama conquered Ravana.

સીતા ગોદાવરીને તીરે ગઈ. Sita went to the bank of the Godavari.

હું ગંગાનદીનું પાણી પીતો હતો. I drank the water of the Ganges.

યોધ્ધો શત્રુ તરફ બાણો ફેંકતો હતો. The warrior threw arrows at his enemy.

બે સ્ત્રીઓ છાંયડામાં બેઠી. The two women sat in the shade.

તું દીકરાઓનો ધર્મ કહેતો હતો. Thou toldest the duty of sons.

અમે બે સીતાને જંગલમાં તજતા હવા. We two abandoned Sita in the forest.

તું સંકટોમાંથી લોકને બચાવતો હતો. Thou protectedest people from difficulties.

પર્વતની ટોચપરથી બે બકરા પડ્યા. Two goats fell from the top of the mountain.

હું રથને રણભૂમિમાં લઈ ગયો. I led the chariot to the battle-field.

હરિ ઘોડે ચઢ્યો. Hari mounted the horse.

હું ભિખારીઓને સોનાની મહોરો આપતો હવો. I gave nishkas to beggars.

અમે બે દેવોને પૂજતા હવા. We two worshipped gods.

હું જંગલમાં પાડાઓને જોતો હવો. I saw buffaloes in the forest.

બે ચોરો શ્રીમંતનું ધન ચોરતા હવા. Two thieves stole the wealth of the rich man.

દશરથ દીકરાને બોલાવતો હવો Datharatha called his son.

ઈશ્વરની મહેરથી હરિનું દુઃખ ગયું. Hari's distress disappeared by the grace of God.

હું અગાઉ સ્ત્રીની સાથે ઉજ્જનમાં રહેતો હવો. I lived at Oojein with my wife before.

બે શિષ્યો ગુરુને નમતા હવા. Two pupils saluted their tutor.

તું અવંતિમાં હતો. Thou wast at Avanti.

તું અયોધ્યામાં હતો. Thou wast at Ayodhya.

અગ્નિ વનને બાળતો હવો. Fire burnt the forest.

હું સંસારનું નિઃસારપણું જાણતો હવો. (દુનિયામાં કંઈ સાર નથી એ હું સમજ્યો.) I knew the worthlessness of worldly life.

शठः नृपस्य पुरतः असत्यम् अवदत् । લુચ્ચો રાજાની આગળ જુઠું બોલ્યો. The rogue spoke falsehood before the king.

ત્યારે મૂર્ખ છું એમ હું જાણતો હવો. Then I knew that I was a fool.

સરોવરનું પાણી સુકાયું છે. **कासारस्य जलमशुष्यत् ।**

સેનાપતિ લશ્કરને રણભૂમિપર લઈ ગયો. **सेनापतिः सेनां समराङ्गणमनयत् ।**

તેના બે મિત્રો રામને સંભારતા હવા. **मित्रे राममस्मरताम् ।**

તું રામની ચાલાકીથી ખુશ થયો. **रामस्याचारेणातुष्यः ।**

ઋષિઓને અમે બે શાંત કરતા હવા. **ऋषीनसान्त्वयाव ।**

ઈશ્વર પૃથ્વીને સરજતા હવા. **ईश्वरः पृथ्वीमसृजत् ।**

બે માણસો બાગમાં પેઠા. **पुरुषावुद्यानमविशताम् ।**

(**विश्** ધાતુની સાથે જે સ્થાનમાં પેસવાનું હોય છે તેની બીજી વિભક્તિ આવે છે. તે ઘરમાં, બાગમાં બેઠા એવા વાક્યોમાં ઘર બાગમાં વગેરેના સંસ્કૃત શબ્દો બીજી વિભક્તિમાં આવે છે.)

હું હરિને વખોડતો હતો. **हरिमनिन्दम् ।**

તમે બે જંગલમાં રહ્યા. **वनेऽवसतम् ।**

સંઘ શહેર શહેર ભટક્યો. **सार्थो नगरान्नगरमाटत् ।**

(**नगराद्नगर** પણ થાય.)

હું પુસ્તક પ્રસિદ્ધ કરતો હવો. **पुस्तकमप्रथयम् ।**

તમે બે હરિની વાડીમાંથી ફળો લઈ જતા હવા. **हरेरुद्यानात्फलान्यहरतम् ।** **(कथामकथयत)**

તમે રામને વાત કહેતા હવા. **रामं (रामाय** or **रामस्य)**

બે વાઘ કહોડ તરફ દોડતા હવા. **व्याघ्रौ गोष्ठमधावताम् ।**

(**धाव्** ગતિવાચક છે તેથી 'કહોડ તરફ' નું સંસ્કૃત **गोष्ठ** ની બીજી વિભક્તિથી થયું.)

કૃષ્ણ પોતાના પગ ધોતો હવો. **कृष्णः पादावक्षालयत् ।**

જોધ્ધો સ્ત્રીઓને શત્રુથી બચાવતો હતો. **योधो ललना अरेररक्षत् ।**

કાચબો ધીમે ધીમે સરતો હતો. **कूर्मः शनैरसरत् ।**

હું તે વખતે આબાદાનીની આશા વગર રહેતો હતો. **तदाभ्युदयस्याशां विनावसम् ।**

અમે બે ભોજન માટે ભાત રાંધતા હતા. **भोजनाय ओदनम् अपचाव । भोजनायौदनमपचाव ।**

રાણી રાજાની સભામાં ગાતી હતી. **राज्ञी नृपस्य सभायामगायत् ।**

છોકરીએ અનાજના મુઠ્ઠાથી હરણને પોષ્યું. **कुमारी धान्यस्य मुष्टिभिर्हरिणमपुष्यत् ।**

તું તારી સ્ત્રીને કંઈ પણ અપરાધ વિના તજતો હતો. **भार्यामपराधं विनात्यजः ।**

તમે બે કારણ વિના ગામડું બાળતા હતા. **कारणाद्विना ग्राममदहतम् ।**

તે ઝાડની ટોચ પરથી પડયો અને મરી ગયો. **वृक्षस्य शिखरादपतद्म्रियत च ।**

છોકરું આનંદથી નાચ્યું. **बालो हर्षेणानृत्यत् ।**

આ પાઠમાં ' જતો હતો આવતો હતો ' વગેરે કેટલાંક રૂપો તરજુમામાં આપ્યાં છે. એ રૂપો રોજના વાતચિતના વપરાશમાં નથી. ઘણા શાસ્ત્રીઓને ત્યાં તેમજ કેટલીક નિશાળોમાં ભાષાંતરમાં વપરાય છે.

પાઠ ૧૭ મો.

પાંડવોની ધૃતરાષ્ટ્રના છોકરાઓ સાથે લડાઈઓ થઈ. Battles took place between the Pandavas and the sons of Dhritara-shtra.

ગુરૂઓએ ધર્મ શિખવ્યો. Preceptors taught duty.

રામે સીતા સાથે ગોદાવરીને કાંઠે ક્રીડા કરી. Rama sported with Sita on the bank of Godavari.

તેં ઉદ્યમથી પૈસો મેળવ્યો. Thou gotest wealth by industry.

વાઘની બુમથી સ્ત્રીનું હૈયું ધડક્યું The woman's heart trembled at the cry of a tiger.

મેં મિત્રના કલ્યાણને માટે યત્ન કીધો. I strove for the welfare of my friend.

ગોવાળીઆઓ બકરાને ગામ લઈ ગયા. Herdsmen led their goats to the village.

તમે માણસને મારતા હવા. You beat the man.

શિયાળ મરી ગયો. That jackal died.

રાજાની સભામાં પંડિતો પેઠા. The learned men entered the court of the king.

તમે શબને અડક્યા. You touched the dead body.

મહેલમાં સ્ત્રીઓ નાચી. Women danced in the palace.

અમે માણવકને રસ્તો પૂછ્યો. We asked Manavaka the road.

ક્લેશ રામથી સહવાયો હતો. Pain was endured by Rama.

મેં દેવીને કહ્યું. I spoke to the goddess.

દુષ્ટ રાક્ષસ હણાયો. The wicked giant was killed.

તેં રાજાનો હુકમ ગણકાર્યો નહિ. Thou disregardest the king's command.

લવના વિનયથી ઋષિઓ પ્રસન્ન થયા. The sages were pleased with the modesty of Lava.

હરિથી જનક સેવાયો હતો. Janaka was served by Hari.

અમે ચિત્રકૂટની ટોચપર રહ્યા હતા. We dwelt on the summit of the mount Chitrakuta.

મેં શિયાળને અને વાઘને જોયા. I saw a jackal and a tiger.

તેઓ દ્રવ્યના નાશથી બેભાન થયા. They fainted at the loss of their wealth.

પુષ્કળ પૈસા રાજાથી બ્રાહ્મણોને અપાયા. Much wealth was given by the king to the Brahmanas.

ચંદ્રાપીડના લશ્કરના ચાલવાથી પૃથ્વી ધ્રુજી. The earth trembled by the moving of Chandrapida's army.

અમે પાંજરામાંથી પક્ષીને છોડી દીધું. We released the bird from the cage.

અમે ઝાડની છાયામાં બેઠા. वृक्षस्यच्छायायामुपाविशाम ।

તેણે ચાકરોના અપરાધો માફ કીધા. किंकराणामपराधानक्षमत ।

બ્રાહ્મણો ગંગાના જળમાં પડ્યા. ब्राह्मणा गङ्गाया जलेऽपतन् ।

ઘોડાઓ રણભૂમિ તરફ દોડ્યા. अश्वाः समराङ्गणमधावन् ।

રામે પિતાની આજ્ઞાઓ પાળી. रामो जनकस्याज्ञा अन्वरुध्यत ।

હરિ નારાયણ કનેથી ગાયન શિખ્યો. हरिर्नारायणात् संगीतमशिक्षत ।

મેં આંબાનાં ફળ ચાખ્યાં. आम्रस्य फलान्यस्वादे ।

(आम्रस्य फलानि અથવા आम्राणि.)

જાસુસો અયોધ્યામાં ગયા. दूता अयोध्यामगच्छन् ।

તું જુઠું બોલ્યો. असत्यमभाषथाः ।

કૃષ્ણ મિત્રની ચડતીથી આનંદ પામ્યો. कृष्णो मित्रस्याभ्युदयेऽमोदत ।

તમે તે વખતે કોશંબીમાં રહ્યા. तदा कौशाम्ब्यामवसत ।

તે રામના પરાક્રમોથી આશ્ચર્ય પામ્યો. रामस्य पराक्रमैर्व्यस्मयत ।

તું શત્રુ સાથે લડ્યો. अरिणा युध्यथाः ।

લુચ્ચો રાજાના હુકમથી મરાયો. शठो नृपस्याज्ञयाताड्यत ।

તમે નિષ્કો ગણ્યા. निष्कानगणयत ।

રામથી ઋષિ તરફથી આશીર્વાદ ધરાયો હતો. रामेण ऋषेराशीर्वादोऽपेक्ष्यत ।

દેવતાઓની મહેરથી તમે તમારા શત્રુઓને જીત્યા. देवतानां कृपयारीनजयत ।

અમે દારૂની જગાએ પાણી પીધું. मदिरायाः स्थाने जलमपिबाम ।

તમે અહીંથી તમારે ઘેર ચોપડીઓ લઈ ગયા. अतो गृहं पुस्तकान्यहरत ।

સૂર્ય ગઈકાલે ઝગઝગ ચળકતો હતો. सूर्यो ह्य उज्ज्वलं प्राकाशत ।

ચોરથી રાત્રે ઘરમાં પેસાયું. चोरेण निशायां गृहं प्राविश्यत ।

અમે સરદારને અને તેના લશ્કરને જોયાં. सेनापतिं सेनां चैक्षामहि ।

તેઓ રાજાને રણભૂમિમાંથી લઈ ગયા. **नृपं समराङ्गणादहरन् ।**
તેઓએ શત્રુઓપર બાણો ફેંક્યા **अरिषु बाणानमुञ्चन् ।**
મેં ફુલોની માળાનું ગુંથવાનું શરૂ કીધું. **पुष्पाणां मालानां ग्रथनमारभे ।**

પાઠ ૧૮ મો.

પાંડવોએ રાજ્ય મેળવ્યું. The Pandavas obtained their kingdom.

शिष्याः आचार्यान् अभ्यवादयन्त । શિષ્યો ગુરૂઓને નમ્યા. The pupils saluted their tutors.

પ્રધાનો રાજા સાથે બોલ્યા. Ministers spoke to the king.

સ્ત્રીના અંબોડામાંથી બે ફુલ પડ્યાં. Two flowers dropped down from the braid of hair of a woman.

લોકોથી તમે હસી કઢાયા. You were laughed at by the people.

અમે શેરીમાં માણસોનું ટોળું જોયું. We saw a crowd of men in the street.

રામનાં દુઃખો નાશ પામ્યાં. Rama's miseries perished.

મિત્રોના ત્યાગથી તમે બે લજવાયાં. You two were ashamed at the leaving of your friends. આ વાક્યમાં **त्यागेन** એવું ત્રીજી વિભક્તિના એકવચનનું રૂપ લીધેલું છે.

અથવા મિત્રના ત્યાગથી તમે બે લજવાયાં નહિ. You two were not ashamed at the leaving of your friends. આ વાક્યમાં **त्यागे** એવું સાતમી વિભક્તિનું રૂપ લીધું છે. અને **न** છુટું લીધું છે.

વૃક્ષોપરથી પોપટો ઉડ્યા. Parrots flew up from the trees.

व्याधैः मृगौ अहन्येताम् । શિકારીઓથી બે હરણ હણાયા. Two deer were killed by hunters.

અમે માણસોના સુખોને માટે યત્ન કીધો. We strove for the happiness of men.

દેવતાઓની સાથે રાક્ષસોએ હરિફાઈ કીધી. Demons competed with gods.

नार्यः रमणैः सह ज्योत्स्नायाम् अरमन्त । The women sported with their husbands in the moonlight.

'તમે ઉજ્જનથી ક્યારે પાછા ફર્યા, એમ લોકથી અમે પૂછાયા. We were asked by the men 'when did you return from Oojein ?'

પવનથી વૃક્ષો હાલ્યાં. Trees shook by the wind.

सेनापतयः अरीणाम् पराजयेन अमोदन्त । સરદારો શત્રુના પરાજયથી ખુશ થયા. The generals rejoiced at the defeat of the enemies.

चोरा गृहम् प्राविशन् परम् धनम् न अलभन्त । ચોરો ઘરમાં પેંઠા પણ તેમને ધન મળ્યું નહિ. Thieves entered the house, but they did not get wealth.

कन्याः जनकम् अवन्दन्त । છોકરીઓ બાપને પગે લાગી. The girls bowed to their father.

અમે ગુરૂ કનેથી શસ્ત્રો શિખ્યા We learnt (the use of) missiles from our preceptor.

वीर्येण च विद्यायाः बलेन च प्राकाशन्त । તેઓ તેજથી અને વિદ્યાના બળથી શોભતા હતા. They shone by their valour and strength of knowledge.

कृषीवलाः बीजस्य आरोपणम् आरभन्त । ખેડુતોએ બીને રોપવાનું શરૂ કીધું. Husbandmen began the sowing of seeds.

नारायणस्य दुष्कृतानि जनकाय न अरोचन्त । નારાયણનાં દુષ્ટ કૃત્યો તેના પિતાને રૂચ્યાં નહિ. Narayana's wicked deeds did not please his father.

ઉદ્યમથી હરિના પૈસા વધ્યા. Hari's riches increased by industry.

क् ख् ग् કે **घ्** ની પછી **ह्** આવે તો તે **ह्** ને બદલે વિકલ્પે કરીને **घ्** મૂકાય છે. જેમકે **वाग्+हरिः+वाग्घरिः** or **वाग्हरिः ।**

च् छ् ज् કે **झ्** ની પછી **ह्** આવે તો તે **ह्** ને બદલે વિકલ્પે કરીને **झ्** મૂકાય છે. જેમકે **आज्+हलौ=आज्झलौ** or **आज्हलौ ।**

ट् ठ् ड् કે **ढ्** ની પછી **ह्** આવે તો તે **ह्** ને બદલે વિકલ્પે કરીને **ढ** મૂકાય છે. **अलेड्+हयः=अलेड्ढयः** or **अलेड्हयः ।**

त् थ् द् કે **ध्** ની પછી **ह्** આવે તો તે **ह्** ને બદલે વિકલ્પે કરીને **ध्** મૂકાય છે. જેમકે **उद्यमात्+हरेः=उद्यमाद्धरेः** or **उद्यमाद् हरेः ।**

प् फ् ब् કે **भ्** ની પછી **ह्** આવે તો તે **ह्** ને બદલે વિકલ્પે કરીને **भ्** મૂકાય છે. જેમકે **गुब्+हन्ति=गुब्भन्ति** or **गुब् हन्ति.**

अनिष्टम न आशङ्कामहि । અમે અનિષ્ટ–ખોટું ધાર્યું ન હોતું. We did not suspect evil.

ધનના ઢગલા બ્રાહ્મણોને અપાયા. Heaps of money were given to Brahmans.

વાંદરા રાક્ષસો સાથે લઢ્યા. **कपयो राक्षसैः सहायुध्यन्त ।**

અમે બે કાશીમાં પંડિતો સાથે બોલ્યા. **काश्यां पण्डितानमाषावहि ।**

તેઓએ શાંતિથી ઠપકો સહ્યો. **स्वास्थ्येनोपालम्भमसहन्त ।**

બે તારા પૂર્વમાં પ્રકાશ્યા. **तारके प्राच्यां प्राकाशेताम् ।**

તમો માણસોથી વખાણાયા. **मनुष्यैरशस्यध्वम् ।**

તમે બે રામથી ફરમાવાયા. **रामेणादिश्येथाम् ।**

અમે ઋષિઓને જમવા નોતર્યા. **ऋषीन् भोजनायन्यमन्त्रयामहि ।**

અયોધ્યાથી જાસુસો ક્યારે પાછા આવ્યા ? **अयोध्याया दूताः कदा न्यवर्तन्त ।**

અમે હરિકનેથી મહેર ધારી ન હતી. **हरेः कृपां नापेक्षामहि ।**

અમે નિશાળમાં ચોપડીઓ મેળવી. **पाठशालायां पुस्तकान्यलभामहि ।**

એ પરીક્ષકોએ બે છોડીને નૃત્યમાં તપાસી. **प्राश्निकौ कन्ये नृत्ये पर्यैक्षेताम् ॥**
અમે બે અમારી માના દર્શનથી હરખાયા. **जनन्या दर्शनेऽमोदावहि ।**
તમે બેએ કામ આરંભ્યું નહિ. **कार्यं नारमेथाम् ।**
તે બે એ રાજા તરફથી તુચ્છકારની શંકા રાખી. **नृपादवधीरणामाशङ्केताम् ।**
અમે ગાંધર્વોના કુળમાં જન્મ્યા હતા. **गान्धर्वाणाम् कुलेऽजायामहि ।**
પક્ષીઓએ તેમના મુખીની સલાહને ન ગણકારી અને જાળમાં પડ્યાં. **विहगा नायकस्योपदेशमवाधीरयन्त जालेऽपतंश्च ।**
બ્રાહ્મણોના અપરાધો રાજાથી માફ કરાયા. **ब्राह्मणानामपराधा नृपेणाक्षम्यन्त ।**
તમે બે વાઘને જોઈને ભયથી ધ્રુજ્યા. **व्याघ्रस्य दर्शनेन भयादकम्पेथाम् ।**
હાથીને પકડવાને તમે યત્ન કીધું. **गजस्य ग्रहणायायतध्वम् ।**
તે બે છોકરાં તેમની મા વિના ચેનથી રહ્યાં નહીં. **बालौ जननीं विना नारमेताम् ।**
રામના ગુણો કવિઓથી વખણાયા. **रामस्य गुणाः कविभिरशस्यन्त ।**
ઉદ્યોગથી તેમણે ઘણો પૈસો મેળવ્યો. **उद्यमेन प्रभूतं धनमलभन्त ।**
તે બેએ તેમની દીકરીને જંગલમાં શોધી. **कन्यां वनेऽमृगयेताम् ।**
તે બે મુસાફરોથી કેરીઓ ચખાઈ. **पान्थाभ्यामाम्रे अस्वाद्येताम् ।**

પાઠ ૧૯, ૨૦ મો.

જે **ऋ**કારાંત નરજાતિનાં રૂપો **भ्रातृ** જેવાં લેવાય છે તે શબ્દો— **पितृ, भ्रातृ, जामातृ, देवृ, नृ, सव्येष्टृ** અને **शंस्तृ, शंस्तृ,**=one who praises.

भ्रातृ નાં રૂપો.

भ्राता	**भ्रातरौ**	**भ्रातरः**
भ्रातः	,,	,,
भ्रातरम्	,,	**भ्रातॄन्**

भ्रात्रा	भ्रातृभ्याम्	भ्रातृभिः
भ्रात्रे	”	भ्रातृभ्यः
भ्रातुः	”	”
”	भ्रात्रोः	भ्रातॄणाम्
भ्रातरि	”	भ्रातृषु

नृ નાં રૂપો.

ना	नरौ	नरः
नः	”	”
नरम्	”	नॄन्
न्रा	नृभ्याम्	नृभिः
न्रे	”	नृभ्यः
नुः	”	”
”	न्रोः	नृणाम्–नॄणाम्
नरि	”	नृषु

ઉપર **पितृ** વિગેરે કહ્યા તે સિવાયના **ऋ** કારાંત નરજાતિનાં શબ્દોનાં રૂપ **नेतृ** પુ. m ના જેવાં લેવાય છે.

नेतृ m ના રૂપો.

नेता	नेतारौ	नेतारः
नेतः	”	”
नेतारम्	”	नेतॄन्
नेत्रा	नेतृभ्याम्	नेतृभिः
नेत्रे	”	नेतृभ्यः
नेतुः	”	”
”	नेत्रोः	नेतॄणाम्
नेतरि	”	नेतृषु

આ પ્રમાણે **त्वष्टृ**, **धातृ** તથા **भर्तृ** નાં તેમજ **कर्तृ**, **गन्तृ**, **दातृ** વગેરે વિશેષણોનાં નરજાતિનાં રૂપ લેવાં.

उ કારાંત નરજાતિનાં નામોનાં રૂપ **गुरु** જેવાં લેવાય છે.

ગુરુ m નાં રૂપો.

गुरुः	गुरू	गुरवः
गुरो	,,	गुरवः
गुरुम्	,,	गुरून्
गुरुणा	गुरुभ्याम्	गुरुभिः
गुरवे	,,	गुरुभ्यः
गुरोः	,,	,,
गुरोः	गुर्वोः	गुरूणाम्
गुरौ	,,	गुरुषु

परशु m.

परशुः	परशू	परशवः
परशो	,,	,,
परशुम्	,,	परशून्
परशुना	परशुभ्याम्	परशुभिः
परशवे	,,	परशुभ्यः
परशोः	,,	,,
,,	परश्वोः	परशूनाम्
परशौ	,,	परशुषु

मृत्यु m.

मृत्युः	मृत्यू	मृत्यवः
मृत्यो	,,	,,
मृत्युम्	,,	मृत्यून्
मृत्युना	मृत्युभ्याम्	मृत्युभिः
मृत्यवे	,,	मृत्युभ्यः
मृत्योः	,,	,,
,,	मृत्य्वोः	मृत्यूनाम्
मृत्यौ	,,	मृत्युषु

शत्रु m.

शत्रुः	शत्रू	शत्रवः
शत्रो	,,	,,

शत्रुम्	,,	शत्रून्
शत्रुणा	शत्रुभ्याम्	शत्रुभिः
शत्रवे	,,	शत्रुभ्यः
शत्रोः	,,	,,
,,	शत्र्वोः	शत्रूणाम्
शत्रौ	,,	शत्रुषु

આ પ્રમાણે इषु, तरु, पांसु, प्रभु, बाहु, बिन्दु, मनु, वायु, विष्णु, शम्भु તથા शिशुનાં રૂપ લેવાં.

उ કારાંત નારીજાતિનાં નામોનાં રૂપ धेनु જેવાં લેવાય છે.

उ કારાંત નાન્યતરજાતિનાં નામોનાં રૂપ मधु જેવાં લેવાય છે.

मधु n.

मधु	मधुनी	मधूनि
,,	,,	,,
मधुना	मधुभ्याम्	मधुभिः
मधुने	,,	मधुभ्यः
मधुनः	,,	,,
,,	मधुनोः	मधूनाम्
मधुनि	,,	मधुषु
मधु–मधो	मधुनी	मधूनि

अश्रु n.

अश्रु	अश्रुणी	अश्रूणि
अश्रु	,,	,,
अश्रुणा	अश्रुभ्याम्	अश्रुभिः
अश्रुणे	,,	अश्रुभ्यः
अश्रुणः	,,	,,
,,	अश्रुणोः	अश्रूणाम्
अश्रुणि	,,	अश्रुषु
अश्रु–अश्रो	अश्रुणी	अश्रुणि

'**विश्व** n' આ શબ્દ સર્વનામ છે, તેના રૂપો આ પ્રમાણે:-

विश्वम् विश्वे विश्वानि	**विश्वस्मै „ विश्वेभ्यः**
हे विश्व „ „	**विश्वस्मात् „ „**
विश्वम „ „	**विश्वस्य विश्वयोः विश्वेषाम्**
विश्वेन विश्वाभ्याम् विश्वैः	**विश्वस्मिन् „ विश्वेषु**

નામ તથા વિશેષણોનું (Feminine base) સ્ત્રીલિંગ અંગ બનાવવાને સંસ્કૃતમાં **आ** અને **ई** એવા બે પ્રત્યયો છે.

અકારાંત નામ તથા વિશેષણોને ઘણું ખરૂં **आ** પ્રત્યય લાગે છે. જેમકે **अज** 'બકરો' નું **अजा** 'બકરી,' **बाल** 'બાળક' નું **बाला** 'બાળકી,' 'છોકરી,' **अश्व** 'ઘોડો' નું **अश्वा** 'ઘોડી,' **वत्स** 'છોકરો' નું **वत्सा** 'છોકરી,' **ब्राह्मण** નું **ब्राह्मणी. अलङ्कनीय** નું **अलङ्कनीया, लवण** નું **लवणा, विशाल** નું **विशाला, रक्त** 'રાતું,' નું **रक्ता. धवल** 'ધોળું' નું **धवला श्याम** 'શામળું' નું **श्यामा, वृद्ध**નું **वृद्धा,** આ પ્રમાણે આકારાંત થયેલાં વિશેષણોનાં રૂપ, **शाला** જેવાં લેવાય છે.

નીચેનાં અનિયમિત સ્ત્રીલિંગરૂપો તૈયાર કરો.

નરજાતિ.	નારીજાતિ.
इन्द्र	**इन्द्राणी**
देव	**देवी**
पति વર	**पत्नी** સ્ત્રી
पितामह બાપના બાપ	**पितामहा** બાપની મા
पितृ બાપ	**मातृ** મા
पुत्र	**पुत्री**
मातामह માના બાપ	**मातामही** 'મા'ની મા.
भव મહાદેવ	**भवानी** પાર્વતી.
राजन् રાજા	**राज्ञी** રાણી.
श्वशुर સસરા	**श्वश्रू** સાસુ.
सुन्दर	**सुन्दरा-सुन्दरी**
हय ઘોડો	**हयी** ઘોડી.
हरिण હરણ	**हरिणी** હરણી.

इકારાંત વિશેષણોનું સ્ત્રીલિંગઅંગ સ્ત્રીલિંગમાં નરજાતિના જેવુંજ કાયમ રહે છે. **सुरभि** *m* નાં રૂપ **कलि** જેવાં થાય છે. **सुरभि** *f.* નાં **मति** જેવાં થાય છે. અને **सुरभि** *n.* નાં પ્રાઇમિરમાં આપ્યાંજ છે.

उકારાંત વિશેષણોનું સ્ત્રીલિંગ અંગ નરજાતિ જેવું થાય છે પણ એમના અંત્ય **उ** ની પહેલાં જોડાક્ષર ન હોય તો વિકલ્પે કરીને **ई** લાગે છે; જેમકે **साधु** પરથી **साधु** અને **साध्वी**, **बहु** પરથી **बहु** અને **बह्वी**, **साधु** *m* નાં રૂપ **गुरु** જેવાં, **साधु** *f.* નાં રૂપ **धेनु** જેવાં. અને **साध्वी** નાં **दासी** જેવાં **साधु** *n* નાં **मधु** જેવાં; પણ **पाण्डु** Pale white yellowish નું **पाण्डु** જ સ્ત્રીલિંગમાં રહે છે તથા **पङ्गु** 'લંગડો' નું **पङ्गु** 'લંગડી' સ્ત્રી થાય છે.

જે વિશેષણોને છેડે **तृ, मत्, वत्, इन्,** કે **यस्** હોય છે. તેમનું સ્ત્રીલિંગ અંગ **ई** લગાડે થાય છે. જેમકે **द्वेष्टृ+ई=द्वेष्ट्री, आयुष्मत्+ई=आयुष्मती, यशस्वत्+ई=यशस्वती, मेधाविन्+ई =मेधाविनी, श्रेयस्+ई=श्रेयसी, सुखभाज्** અને **वनौकस्** 'એ વિશેષણોને છેડે **तृ, मत्** વગેરે ઉપર કહેલા પ્રયત્યયોમાંનો કોઈ નથી માટે **ई** લાગે નહીં.

જે વિશેષણોને છેડે **वस्** કે **इवस्** હોય છે તેમનું સ્ત્રીલિંગ અંગ **वस्** કે **इवस्** ને બદલે **उषी** મૂકવાથી થાય છે. જેમકે **तस्थिवस्** નું **तस्थुषी अध्यूषिवस्** નું **अध्यूषुषी, चकृवस्** નું **चकृ+उषी=चकुषी, जह्वस्** નું **जहृ+उषी=जहुषी.**

સ્ત્રીલિંગમાં **ई**કારાંત થયેલાં વિશેષણોનાં રૂપ **दासी** જેવાં લેવાય છે.

द्वेष्टृ *m* નાં રૂપો.

द्वेष्टा	**द्वेष्टारौ**	**द्वेष्टारः**
द्वेष्टारम्	,,	**द्वेष्टॄन्**
द्वेष्ट्रा	**द्वेष्टृभ्याम्**	**द्वेष्टृभिः**
द्वेष्ट्रे	,,	**द्वेष्टृभ्यः**

એજ પ્રમાણે બાકીનાં **नेतृ** જેવાં.

क्रेष्टृ+ई=क्रेष्ट्री નાં રૂપ **दासी** જેવાં.

क्रेष्टृ n.

क्रेष्टृ	**क्रेष्टृणी**	**क्रेष्टॄणि**
”	”	”
क्रेष्टृणा	**क्रेष्टृभ्याम्**	**क्रेष्टृभिः**
क्रेष्टृणे	”	**क्रेष्टृभ्यः**

એજ પ્રમાણે બીજાં રૂપો.

આ **क्रेष्टृ**નાં રૂપ પ્રમાણે **कर्तृ, गन्तृ, द्रष्टृ ऋ**કારાંત વિશેષણોનાં રૂપ લેવાય છે.

લોકોનાં નામપરથી બનેલા દેશનાં નામો સંસ્કૃતમાં બહુ વચનમાં વપરાય છે જેમકે **वङ्गानां नृपः, मगधेषु पाटलिपुत्रं नाम नगरम्, आर्याः कुरुषु वसन्ति, कलिङ्गेषु वसति**, પણ જ્યારે **देश, विषय** જેવા શબ્દો સાથે વપરાય છે ત્યારે એકવચન વપરાય છે જેમકે **मगधदेशे.**

સંસ્કૃતમાં નિષેધાર્થ બતાવવાને વ્યંજનથી શરૂ થના શબ્દોની પહેલાં **अ** મૂકાય છે અને સ્વરથી શરૂ થતા શબ્દોની પહેલાં **अन्** મૂકાય છે. જેમકે

लङ्घनीय violable.	**अलङ्घनीय** inviolable.
विनय modesty.	**अविनय** immodesty.
नीति morality.	**अनीति** immorality.
काल time.	**अकाल** not time improper time.

नेतः, पितः, क्रेष्टः, मातः, વગેરેના સંબોધન એક વચનનાં રૂપોમાં છેલ્લો વિસર્ગ **र्** ને બદલે આવેલો છે. પદાન્ત **र्** ની પછી અઘોષ વ્યંજન હોય અથવા કોઈ વ્યંજન ન હોય ત્યારે તેનો વિસર્ગ થાય છે. તેથી **नेतः गच्छामि=नेतर्गच्छामि. पितः बोधसि=पितर्बोधसि, क्रेष्टः वदसि=क्रेष्टर्वदसि** તેમજ, **पितः आगच्छ=पितरागच्छ** અર્થાત **र्** નો વિસર્ગ થયો હોય અને તેની પછી ઘોષ વ્યંજન અથવા સ્વર આવે તો પાછો વિસર્ગનો **र्** કરવો. જેમકે **प्रातः उत्थाय=प्रातरुत्थाय, पुनःभवतु=पुनर्भवतु, पुनःरमते=पुनर्रमते=पुनारमते**

પાઠ ૧૯ મો.

વાક્યો.

શંકર જય પામે છે. Siva conquers.
બે હાથ ફરકે છે. The two arms throb.
પવનથી વૃક્ષો હાલે છે. Trees shake by the wind.
ભમરા મધ પીએ છે. Bees drink honey.
માણસો પૈસાને ચહાય છે. Men desire riches.
ઈંદ્રે શત્રુઓને જીત્યા. Indra conquered his ememies.
યોદ્ધો શત્રુ ઉપર બે બાણ ફેંકે છે. The warrior discharges two arrows at his enemy.

ચાતકને પાણીનું ટીપું પણ મળતું નથી. The chataka does not get even a drop of water.

વિષ્ણુને પૂજન ગમે છે. Worship pleases Vishnu.
શેઠોથી નોકરો ફરમાવાયા. Servants were commanded by their lords.

હું દુનિયાના બનાવનારને નમું છું. I bow to the author of the universe.
હું ગુરૂઓને શિષ્યનું ઉદ્ધતપણું કહું છું. I inform the teachers of the pupil's rudeness.
સીતા લક્ષ્મણ દીયરની પછાડી ગઈ. Sita followed Lakshmana, her husband's brother.

છોકરીના વરને જમાઈ કહે છે. They call the daughter's husband son-in law'

પતિને માટે સંદેશો મોકલાય છે. A message is sent for her husband.

સ્ત્રીના બંને ગાલપર બે આંખમાંથી આંસુ ખરે છે. Tears drop upon the two cheeks of the woman from her two eyes

વિશ્વકર્માથી અમરાવતી રચાઈ. Amaravati was created by the architect of the gods.

पितरः पुत्रैः वन्द्यन्ते । પિતાઓ પુત્રોથી વન્દાય છે. Fathers are saluted by their sons.

રામ જનકનો જમાઈ થાય. Rama is Janaka's son-in-law.

પાંડવોએ દ્વેષીઓને લડાઈમાં જીત્યા. The Pandavas conquered their haters in the battle.

किंकरः भर्तारम् अनुसरति । ચાકર શેઠને અનુસરે છે. The servant follows his master.

મનુથી ધર્મ લખાયો. The code of duty was written by Manu.

(અહીં **ધર્મ**=વ્યવહારસાધક નિયમોનો સંગ્રહ)

સ્રષ્ટાથી લોકો સરજાય છે. People are created by the Creator.

તળાવનું પાણી રસ્તે જનારાઓથી પીવાયું. The water of the tank was drunk by the travellers on the way.

જાચકોએ દાતારને મેળવ્યો નહી. The beggars did not get the donor.

રામ છોકરાને લાડુ આપે છે. **रामः शिशुभ्यो मोदकं यच्छति ।**

આકાશ ધૂળથી ભરાય છે. **आकाशः पांसुना भ्रियते ।**

પરશુરામે શત્રુઓને ફરસીથી માર્યા. **परशुरामः शत्रून् परशुना प्राहरत् ।**

વાદળામાંથી જળના ટીપાં પડે છે. **मेघेभ्यो जलस्य बिन्दवः पतन्ति ।**

રાજાએ શહેરના રખેવાળોને બોલાવ્યા. **नृपो नगरस्य रक्षितॄनाह्वयत् ।**

બાળક બાપનું માને છે. **बालः पितरमनुरुध्यते ।**

અવન્તીના માલીકે પ્રધાનોને કહ્યું. **अवन्त्याः प्रभुः सचिवानभाषत।**
હરિ જીભવડે તાળવાને અડક્યો. **हरिर्जिह्वया ताल्वस्पृशत्।**
સ્ત્રીઓ પતિઓ સાથે બાગમાં ગઈ. **नार्यो भर्तृभिः सहोद्यानमगच्छन्।**
ઋષિઓ મંત્રોના દ્રષ્ટા હતા. **ऋषयो मन्त्राणां द्रष्टार आसन्।**
લોકો વિષ્ણુને પૂજે છે. **जना विष्णुं पूजयन्ति।**
ઋતુપર્ણ સારથિઓ સાથે બોલ્યા. **ऋतुपर्णः सव्येष्टृनवदत्।**
રામ પોતાના ભાઈ લક્ષ્મણ સાથે વનમાં ગયો. **रामो भ्रात्रा लक्ष्मणेन सह वनमगच्छत्।**
રાવણનાં માથાં રામથી બાણોવતી કપાયાં. **रावणस्य शीर्षाणि रामेणेषुभिरच्छिद्यन्त।**
માણસોથી વારંવાર વિઘ્નોના ભયથી કામ આરંભાતુ નથી. **मनुष्यैरनेकशो विघ्नानां भयेन कार्यं नारभ्यते।**
ભીમ શત્રુ સાથે બે હાથે લડ્યો. **भीमः शत्रुणा बाहुभ्यामयुध्यत।**
દેવો પાપના કરનારાઓને શિક્ષા કરે છે. **देवाः पापस्य कर्तॄन् दण्डयन्ति।**
આડે માર્ગે જનારા લોકોથી નિંદાય છે. **विमार्गेण गन्तारो जनैर्निन्द्यन्ते।**
ધર્મ રાજ્યને વિનાશમાંથી બચાવનાર છે. **धर्मो राष्ट्रस्य नाशाद्रक्षिता।**
દુર્જનની જીભના ટેરવાપર મધ રહે છે, હૈયામાં તો ઝેર. **दुर्जनस्य जिह्वाया अग्रे मधु तिष्ठति हृदये तु विषम्।**
વૃક્ષો છાયાથી મુસાફરોને આનંદ આપે છે. **तरवश्छायया पान्थानाह्लादयन्ति।**
વિશ્વામિત્રની સાથે રામનું વનમાં જવાનું તેના પિતાથી કબુલ કરાયું. **विश्वामित्रेण सह रामस्य वनं गमनं पित्रान्वमन्यत।**
પવન કાળાં વાંદળાં વિખેરી નાખે છે. **वायुः श्यामान् मेघान् निरस्यति।**
લોકો ભુખ્યાને અન્ન આપનારાઓને વખાણે છે. **जनाः क्षुधितेभ्योऽन्नस्य दातॄञ् शंसन्ति।**
સીતાના પતિએ અને દીયરે સીતાને શોધી. **सीताया भर्ता देवा च सीतामन्वष्यताम्।**

પાઠ ૨૦ મો.

ઝાડપરથી ફુલો પડ્યાં. Flowers fell from the tree.

શિવની કૃપાથી કલ્યાણ થાય છે. Good happens by the grace of Siva.

આપણે ગુરૂઓના હુકમોને પાળીએ છીએ. We obey the orders of our preceptors.

સાધુઓ મૃત્યુનો ભય ગણતા નથી. Sages do not consider the fear of death.

પિતા પ્રતિ રામને ઘણું માન છે. Rama has great respect for his father.

વિશ્વના કર્તાની ઇચ્છા ન ઉલ્લંઘન કરાય એવી છે. The wish of the creator of the universe cannot be transgressed.

(આ વાકયમાં **इच्छा** ના **आ** ની પછી **अलङ्घनीया** નો **अ** આવ્યો છે. **आ+अ=आ** થાય છે છતાં પણ **अ** ને માટે અવગ્રહ મુક્યા છે. જો અવગ્રહ ન હતે તો એમ પણ અર્થ થાત કે **इच्छा**–મરજી. **लङ्घनीया**–ઉલ્લંઘન કરાય એવી; આમ અર્થ ફરી જવાનો સંભવ હોય ત્યાં અવગ્રહ જરૂર મુકાય છે.)

તે દ્વેષીઓના સુખને સહન કરતો નથી. He does not endure the happiness of his haters.

ચંદ્રમાં ડાઘો દેખાય છે. A spot is seen in the moon.

રામ સગાવાલામાં સ્નેહથી રહે છે. Rama behaves with affection towards his relations.

મધમાં મીઠાશ છે. There is sweetness in honey.

માણસોમાં બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. The Brahmin is the best among men.

તેઓ દાતારો કનેથી પૈસો મેળવે છે. They get wealth from donors.

कुरुभ्यः दूतः आगच्छत् । કુરૂદેશથી કાસદ આવ્યો. A messenger came from the Kurus.

કાકા બાપના ભાઈ થાય. The Paternal uncle is the father's brother.

वस्तुनि अवस्त्वारोपः अज्ञानम् । વસ્તુમાં વસ્તુ નથી એવો આરોપ એ અજ્ઞાન છે. Ascribing something that is not real to a real thing is ignorance. તેણે બે બાહુના બળથી પૃથ્વી જિતી. He conquered the earth by the strength of his two arms.

भीमस्य भ्रातरि अर्जुने कर्णः बाणान् अमुञ्चत । ભીમના ભાઈ અર્જુનપર કર્ણે બાણ મૂક્યાં. Karna discharged arrows at Arjuna, Bhima's brother.

मृदुनि मृगस्य शरीरे निशितस्य बाणस्य पातः तूलस्य राशौ अग्नेः इव । નાજુક હરણના શરીરપર તીક્ષ્ણ બાણનું પડવું રૂના ઢગલામાં દેવતાના જેવું હોય છે. The falling of a sharp arrow on the delicate body of a deer is just like that of fire on a heap of cotton. જેમ દેવતા લાગવાથી રૂ બળી જાય છે તેમ તીક્ષ્ણ બાણ પડવાથી હરણનું શરીર મરણતોલ થાય છે અથવા નાશ પામે છે.

तनुषु विभवेषु नरा ज्ञातिभिः त्यज्यन्ते । થોડી સંપત્તિમાં માણસો સગાવહાલાંથી તજાય છે. Men with little riches are abandoned by their relations.

પશુઓમાં પણ નિમકહલાલપણું જણાય છે. Gratitude is seen even among beasts.

તેણે શ્રોતાઓના આગ્રહથી કથા આરંભી. He commenced the story through the importunity of hearers

કડવું પણ હિતના કહેનાર મિત્રપ્રતિ ક્રોધથી બસ, દૂર રહેવું. Away with anger at a friend who speaks a wholesome thing though unpleasant.

भारतवर्षीयाणाम् नप्तुः लाभे अतीव उत्कण्ठा । હિંદીઓની પૌત્રને મેળવવામાં ઘણી આતુરતા હોય છે. The Indians have great anxiety for getting a grandson. દીકરાને ઘેર દીકરા જોવાને હિંદુઓને ઘણી મરજી હોય છે,

साधूनाम् भूतेषु परमन् कारुण्यम् । સત્પુરૂષોની જીવ માત્રપર ઘણી દયા હોય છે. Sages have great campassion towards beings.

તે છોકરીને જમાઈને ઘેર લઈ જાય છે. He takes his daughter to the house of her husband.

રામ રઘુઓમાં મુખ્ય હતા. **रामो रघूणां मुख्यः ।**

મેં કર્તા પાસેથી ચોપડી મેળવી. **कर्तुः पुस्तकमलभे ।**

લક્ષ્મી વિષ્ણુની સ્ત્રી હતી. **लक्ष्मीर्विष्णोः पत्नी ।**

તે શ્રોતાઓની માફી માગે છે. **श्रोतॄन् क्षमां याचते ।**

જનકે પૌત્રોનો રથ જોયો. **जनको नप्तॄणां रथमैक्षत ।**

નારાયણે હરિના જમાઈઓના ઘોડા જોયા. **नारायणो हरेर्जामातॄणामश्वानपश्यत् ।**

આર્યો કુરૂમાં રહેતા હતા. **आर्याः कुरुष्ववसन् ।**

પોપટ ઝાડપર બેઠો. **शुकस्तरावुपाविशत् ।**

હરિના પૌત્રનો ચાકર ગામ ગયો. **हरेर्नप्तुः किंकरो ग्राममगच्छत् ।**

કર્ણ દાતારોમાં પહેલો હતો. **कर्णो दातृषु प्रथमः ।**

સિંહ પશુઓનો રાજા છે. **सिंहः पशूनां प्रभुः ।**

હરિ રમાના પતિનો મિત્ર થાય. **हरी रमाया भर्तुर्मित्रम् ।**

ચંદ્રનું બિંબ વધે છે અને ઘટે છે. **इन्दोर्बिम्बं वर्धते क्षीयते च ।**

પોતાના ભાઈ રામની આજ્ઞાથી લક્ષ્મણે સીતાને વનમાં તજી. **भ्रातू रामस्यादेशेन लक्ष्मणः सीतां वनेऽत्यजत् ।**

બ્રહ્માથી દુનિયા થઈ. **धातुर्विश्वमजायत ।**

તેણે પોતાના ધણીની ખબર મેળવી. **भर्तुर्वार्तामलभत ।**

બાહુના બળથી તેણે શત્રુઓને જીત્યા. **बाहोर्बलेन शत्रूनजयत् ।**
પર્વતોને જબરા પવનથી પણ ભય નથી. **पर्वतानां प्रबलाद्वायोरपि भयं न।**
ડાહ્યા માણસો છોકરાઓમાંથી પણ જ્ઞાન મેળવે છે. **प्रज्ञा बालेभ्योऽपि ज्ञानं लभन्ते ।**
હે શંભુ ! મારા પાપ માફ કર. **शंभो पापानि क्षाम्य ।** Forgive =માફ કર એ Imperative આજ્ઞાર્થનું રૂપ છે. Imperative માં બીજા પુરૂપ એકવચનનો પ્રત્યય નથી. તેથી **क्षम् (क्षाम)** 4th conj Parsam,+ગણની નિશાની=**क्षाम्य** રૂપ થયું છે.
ઋષિઓમાં ઈશ્વરપર ઘણો પ્રેમ જણાય છે. **ऋषिष्वीश्वरे परमः स्नेहो दृश्यते ।**
પક્ષિઓ વૃક્ષની ડાળીઓપર બેસે છે. **विहगास्तरूणां शाखासूपविशन्ति ।**
નોકરો શેઠના હુકમોનું ઉલ્લંઘન કરતા નથી. **भृत्याः प्रभूणामाज्ञां न लङ्घयन्ते ।**
તેણે સ્વામી કનેથી માને ઘેર જવાને રજા મેળવી. **भर्तुर्जनन्या गृहं गमनायानुज्ञामलभत ।**
વિષ્ણુના ભક્તોથી વૈકુંઠમાં વાસ મેળવાય છે. **विष्णोर्भक्तैर्वैकुण्ठे वासो लभ्यते ।**

પાઠ ૨૧ મો.

वधू નાં રૂપો.

वधूः	वध्वौ	वध्वः
वधु	,,	,,
वधूम्	,,	वधूः
वध्वा	वधूभ्याम्	वधूभिः
वध्वै	,,	वधूभ्यः
वध्वाः	,,	,,
,,	वध्वोः	वधूनाम्
वध्वाम्	,,	वधूषु

मातृ, જેવા જે **ऋ**કારાંત નારીજાતિનાં રૂપ લેવાય છે તે શબ્દોઃ **मातृ, दुहितृ, ननान्दृ, यातृ, मातृ** નાં-રૂપ પ્રાઇમરમાં આપ્યાં છે.

स्वसृ નાં રૂપો.

स्वसा	**स्वसारौ**	**स्वसारः**
स्वसः	,,	,,
स्वसारम्	,,	**स्वसॄः**

બાકીનાં રૂપ **मातृ** નાં જેવાં લેવાય છે.

स्निह् ની સાથે જેનાપર સ્નેહ દેખાડાય તેના નામની સાતમી વિભક્તિ આવે છે. જેમકેઃ–**जामातरि स्निह्यति.**

संनिधि નાં રૂપ **कलि** જેવાંઃ–

संनिधिः	**संनिधी**	**संनिधयः**
संनिधिम्	,,	**संनिधीन्**

संनिधिના એ પ્રમાણે.

[**अङ्गलभूमि**–આ શબ્દોનો ઉચ્ચાર કેટલીક સ્કૂલનાં છોકરાઓ મેટ્રિક ક્લાસમાં આવતા સુધી પણ **अङ्गलभूमि**–જેવા કરે છે. તેમ ન કરતાં **ङ्** ખોડો અને **ल** આખો બોલાય તેમ બોલવું.

હ્રસ્વ **इ उ** કે **ऋ** જે વિશેષણોને છેડે હોય તેમનાં નાન્યતર જાતિનાં રૂપમાં ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી અને સાતમીના એકવચનમાં તથા છઠ્ઠી અને સાતમીના દ્વિવચનમાં વિકલ્પે કરીને નરજાતિ જેવાં રૂપ લેવાય છે.

शुचि adj. pure ના 'નરજાતિ' નાં રૂપ **कलि** જેવાં.

———————'નારીજાતિ'——————— **मति**———

शुचि n.

शुचि	**शुचिनी**	**शुचीनि**
हे शुचि–शुचे	,,	,,
शुचि	,,	,,

शुचिना	शुचिभ्याम्	शुचिभिः
शुचये-शुचिने	,,	शुचिभ्यः
शुचेः-शुचिनः	,,	,,
,,	शुच्योः-शुचिनोः	शुचिनाम्
शुचौ-शुचिनि	,,	शुचिषु

गुरु adj. long.

गुरु m. નાં રૂપ પૂર્વે આપ્યાં છે.

गुरु f.

गुरुः	गुरू	गुरवः
हे गुरो	,,	,,
गुरुम्	,,	गुरूः
गुर्वा	गुरुभ्याम्	गुरुभिः
गुरवे-गुर्वै	,,	गुरुभ्यः
गुरोः-गुर्वाः	,,	,,
,,	गुर्वोः	गुरूणाम्
गुरौ-गुर्वाम्	,,	गुरुषु

गुरु f गुरु+ई=गुर्वी પણ થાય છે તેનાં રૂપ दासी જેવાં.

गुरु n.

गुरु	गुरुणी	गुरूणि
हे गुरु-गुरो	,,	,,
गुरु	,,	,,
गुरुणा	गुरुभ्याम्	गुरुभिः
गुरवे-गुरुणे	,,	गुरुभ्यः
गुरोः गुरुणः	,,	,,
,,	गुर्वोः-गुरुणोः	गुरूणाम्
गुरौ-गुरुणि	,,	गुरुषु

कर्तृ m. નાં રૂપ नेतृ m. જેવાં.

कर्तृ n.

कर्तृ	कर्तृणी	कर्तॄणि
हे कर्तृ-कर्तर्	,,	,,
कर्तृ	,,	,,
कर्त्रा-कर्तृणा	कर्तृभ्याम्	कर्तृभिः
कर्त्रे-कर्तृणे	,,	कर्तृभ्यः
कर्तुः-कर्तृणः	,,	,,
,,	कर्त्रोः-कर्तृणोः	कर्तॄणाम्
कर्तरि-कर्तृणि	,,	कर्तृषु

આ પ્રમાણે गन्तृ, द्वेष्टृ, नेतृ, વગેરેનાં રૂપ લેવાં.

Krishna has an ornament. કૃષ્ણને ઘરેણું છે. कृष्णस्य अलंकारः अस्ति ।

Rama had two books રામની પાસે બે ચોપડીઓ હતી. रामस्य पुस्तके आस्ताम् ।

Janaka has one house. જનકને એક ઘર છે. जनकस्य गृहम् अस्ति ।

The woman has a child. સ્ત્રીને એક બાળક છે. नार्याः शिशुः अस्ति ।

આ વાક્યોપરથી to have વાળાં વાક્યોનો સંસ્કૃત તરજુમો કેમ કરવો તે સમજવું. કર્તાની છઠ્ઠી વિભક્તિ આવે છે, અને ક્રિયાપદમાં अस् to be નું રૂપ વપરાય છે.

વાક્યો.

સજ્જનની કીર્તિ લોકમાં પ્રસરે છે. The fame of a good man spreads in the world.

સંકટમાં ધીરો પુરૂષ હિંમત છોડતો નથી. A bold man never leaves his courage in a difficulty.

રામ પ્રેમથી દીકરાને ભેટે છે. Rama embraces his son with affection.

તે મોક્ષને માટે દેવને ભજે છે. He worships God for ab. solution.

તે યક્ષોની વસતીમાંથી આવ્યો. He came from the residence of Kubera's attendants.

દુઃખ દુષ્કર્મથી ઉપજે છે. Misery results from a wicked action.

મદન રતિનો પતિ થાય છે. Madana is the husband of Rati.

ईश्वर सृष्ट्याः पालकः ઇશ્વર સૃષ્ટિનો પાળનાર છે. God is the protector of the creation.

બુદ્ધિનો વધારો કીર્તિને માટે છે. (બુદ્ધિના વધારાથી કીર્તિ થાય છે.) The intensity of talent is for fame.

તે જમીનપર બેસે છે. He sits on the ground.

रामस्य मातरः जामातुः ऋष्यशृङ्गस्य आश्रमम् अगच्छन् । રામની માતાઓ તેમના જમાઇ ઋષ્યશૃંગને આશ્રમે ગઇ. Rama's mothers went to the hermitage of their son-in-law, Rishyasringa.

सीता यातॄः च ननान्दरम् चापृच्छत पश्चात् पितुः गृहम् अगच्छत् । સીતાએ દેરાણીઓ (જેઠાણીઓની) તથા નણંદની રજા લીધી અને પછી બાપને ઘેર ગઇ. Sita took leave of her husband's brother's wives and her husband's sister; afterwards went to her father's house.

રઘુના બાપે વસિષ્ટની ગાય રક્ષી Raghu's father protected Vasishtha's cow.

નારાયણનાં કામો હરિની પ્રીતિ માટે નથી. (હરીને પ્રસન્ન નથી.) Narayana's actions do not please Hari.

વેદમાં શૂદ્ર લાયક ગણાતો નથી. (શૂદ્રનો અધિકાર નથી.) A Sudra is not authorised in Veda.

बुधाः मूर्खाणाम् स्तुतिं वा निन्दां न गणयन्ति । ડાહ્યા પુરૂષો મૂર્ખોની સ્તુતિ અથવા નિંદાને ગણતા નથી. **Wise men do not** count the praises or censures of fools.

પ્રધાનોથી રાજા સેવાય છે. A king is served by his ministry.

ગોવાળીઓ બે ગાયોને રક્ષે છે. A herdsman protects two cows.

गोपः धेनूः रक्षति । A herdsman protects cows. જુવતીઓ નદીમાંથી(–j) પાણી આણે છે. Young women bring water from (-of) the river.

સાસુ જમાઇપર સ્નેહ રાખે છે. A mother–in–law feels affection for her son–in–law.

તે ચંદ્રના ચળકાટને જુએ છે. He sees the brightness of the moon.

તે સત્કર્મોનું ફળ અનુભવે છે. He experiences the result of his good actions.

લોભથી બુદ્ધિ ચળે છે. Talent goes astray by avarice.

હરિ સ્વભાવે સારો છે. Hari is good by nature.

રામે માતા અને પિતાને પિંડ આપ્યા. Rama offered balls of rice to his (deceased) parents.

સ્મૃતિમાં ધર્મ કહ્યા છે. Duty is told in Smriti.

સીતા નણંદના પતિ ઋષ્યશૃંગને નમી. **सीता ननान्दुर्भर्तारमृष्यशृङ्गमनमत् ।**

વિશ્વામિત્ર જાતે ક્ષત્રિય હતા, પણ પાછળથી તે બ્રાહ્મણ થયા. **विश्वामित्रो जात्या क्षत्रिय आसीत् पश्चाद् ब्राह्मणोऽभवत् ।**

શંબૂક ધંધે ખેડુત છે. **शम्बूको वृत्त्या कृषीवलः ।**

સીતા હમેંશાં સાસુને ખુશ કરતી. **सीता सदा श्वश्रूमप्रीणयत् ।**

રાજાનો પ્રધાન રાજનીતિમાં હોશીયાર છે. **नृपस्यामात्यो नीतौ निपुणः ।**

સ્મૃતિઓમાં મનુની શ્રેષ્ઠ છે. **स्मृतिषु मनोः श्रेष्ठा ।**

મહારાષ્ટ્રમાં યુવતિઓનો વિનય વખાણવા લાયક છે. **महाराष्ट्रे वधूनां विनयः प्रशस्यः ।**

('મહારાષ્ટ્ર') એ દેશનું નામ છે. તો પણ એનો અર્થ 'મોટું રાજ્ય' થાય છે. તથા **कुरु, कलिङ्ग, मगध, वङ्ग** વગેરે નામો લોકોપરથી લેવાયલાં સમજાઈ આવે છે તેમ એ સમજાતું નથી માટે એક વચન વાપર્યું છે.

રામે પોતાની બેન શાંતાને જોઈ અને પોતાની માને નમ્યા. **रामः स्वसारं शान्तामैक्षत मातरमनमच्च ।**

રામે માણસને તેની જાત પૂછી. **रामो जनं जातिमपृच्छत् ।**

માણસો સંપત્તિને ચહાય છે. **जना भूतिं वाञ्छन्ति ।**

ઇંગ્રેજો ઇંગ્લંડથી અહીં આવે છે. **अङ्गला अङ्गलभूमेरिहागच्छन्ति ।**

વેરૂળના પડોસમાં ગુફાઓમાં દેવોની બહુ પ્રતિમાઓ છે. **वेरुलस्य संनिधौ विवरेषु देवानां बहवो मूर्तयः सन्ति ।**

હરિએ રાત્રિઓ ધ્યાનમાં ગાળી. **हरी रात्रीर्ध्यानेऽनयत् ।**

કૃષ્ણની ઘણી છોકરીઓ હતી. **कृष्णस्य बहवो दुहितर आसन् ।**

બહાદુરી કીર્તિ આપે છે. **शौर्यं कीर्तये ।**

માણસનો સ્વભાવ કામો પરથી જણાય છે. **मनुष्यस्य प्रकृतिः कृतिभ्यो ज्ञायते ।**

નારાયણની પાયમાલી તેના દુષ્કર્મોનું ફળ છે. **नारायणस्य नाशो दुष्कृतीनां फलम् ।**

ધૈર્ય મનુષ્યનું મોટામાં મોટું ઘરેણું છે. **धृतिर्नरस्य परमं भूषणम् ।**

ઇશ્વરપ્રતિ ઘણો પ્રેમ ભક્તિ કહેવાય છે. **ईश्वरे परमः स्नेहो भक्तिरभिधीयते ।**

માણસની બુદ્ધિનો પરિપાક એ ઉપદેશનું ફળ છે. **मनुष्यस्य बुद्धेर्विकास उपदेशस्य परिणामः ।**

સીતાનું મુખ શોભામાં ચંદ્રના સમાન છે. **सीताया मुखं कान्त्या चन्द्रेण समम् ।**

હાથીની ગતિ ધીમી છે. **गजस्य गतिर्मन्दा ।**

બાપે પોતાની છોકરીઓને ઘણો પૈસો આપ્યો. **पिता दुहितृभ्यः प्रभूतं धनमयच्छत् ।**

બેનની બક્ષિસ પ્રેમનું ચિહ્ન હતું. **स्वसुरुपहार प्रीतेश्चिह्नमासीत् ।**

પાઠ ૨૨, ૨૩ મો.

Imperative (लोट्).

આજ્ઞાર્થ.

आनि	**आव**	**आम**
(none)	**तम्**	**त**
तु	**ताम्**	**अन्तु**

આત્મનેપદના.

ऐ	**आवहै**	**आमहै**
स्व	**इथाम्**	**ध्वम्**
ताम्	**इताम्**	**अन्ताम्**

પહેલા ગણના પરસ્મૈપદી ધાતુનાં Impera. forms **वदानि, वदाव, वदाम, वद, वदतम्**......ની પેઠે લેવાં.

ચોથા ગણના પરસ્મૈપદી ધાતુનાં Impera, forms **पुष्याणि, पुष्याव, पुष्याम, पुष्य, पुष्यतम्**...ની પેઠે લેવાં.

છઠ્ઠા ગણના પરસ્મૈપદી ધાતુનાં Impera forms. **विशानि, विशाव, विशाम, विश, विशतम्**......આ પ્રમાણે લેવા.

દશમા ગણના પરસ્મૈપદી ધાતુનાં Impera forms. **चोरयाणि, चोरयाव, चोरयाम, चोरय, चोरयतम्**......આ પ્રમાણે લેવાં.

પહેલા ગણના આત્મનેપદી ધાતુનાં આ રૂપ **मोदै, मोदावहै, मोदामहै, मोदस्व**......વગેરેની પેઠે લેવાં.

ચોથા ગણના આત્મનેપદી ધાતુનાં આ રૂપ **युध्यै, युध्यावहै, युध्यामहै, युध्यस्व, युध्येथाम् युध्यध्वम्**......વગેરેની પેઠે લેવાં.

છઠ્ઠા ગણના આત્મનેપદી ધાતુના રૂપ **म्रियै, म्रियावहै, म्रियामहै, म्रियस्व, म्रियेथाम्**......વગેરેની પેઠે લેવાં.

દશમા ગણના આત્મનેપદી ધાતુનાં રૂપ **मृगयै, मृगयावहै, मृगयामहै, मृगयस्व, मृगयेथाम्**......વગેરેની પેઠે લેવાં.

Imperative forms of सद् with नि (active.)

निषीदानि	निषीदाव	निषीदाम
निषीद	निषीदतम्	निषीदत
निषीदतु	निषीदताम्	निषीदन्तु

(passive.)

निषद्यै	निषद्यावहै	निषद्यामहै
निषद्यस्व	निषद्येथाम्	निषद्यध्वम्
निषद्यताम्	निषद्येताम्	निषद्यन्ताम्

वस् (active.)

वसानि	वसाव	वसाम
वस	वसतम्	वसत
वसतु	वसताम्	वसन्तु

(passive.)

उष्यै	उष्यावहै	उष्यामहै
उष्यस्व	उष्येथाम्	उष्यध्वम्
उष्यताम्	उष्येताम्	उष्यन्ताम्

ह्वे (active.)

ह्वयानि ह्वयाव વગેરે.

(Passive.)

हूयै हूयावहै

जि (active.)

जयानि जयाव વગેરે.

(Passive.)

जीयै जीयावहै વગેરે.

लज्ज् ધાતુની સાથે જેનાથી લાજ ઉત્પન્ન થાય, તેના નામની ઘણું ખરૂં ત્રીજી વિભક્તિ આવે છે. જેમકે दुष्कृतिभिर्लज्जन्ते તેઓ નઠારાં કામથી લાજે છે.

To decrease=अल्पीभू

त् वर्गना अक्षर पछी ल् आवे तो तेने બદલે ल् મુકાય છે. અને न् ની પછી ल् આવે તો न् ને બદલે અનુનાસિક ल् મુકાય છે. જેમકે तत्+लोकः=तल्लोकः; उत्+लङ्घयितुम्=उल्लङ्घयितुम्, विद्वान्+लिखति=विद्वाँल्लिखति, अभिलाषान्+लभस्व=अभिलाषाँल्लभस्व, बन्धून्+लघुत्वम्=बन्धूँल्लघुत्वम्.

વાક્યો પાઠ ૧૫ મો.

સત્ય જય પામો. Let truth conquer.

છોકરા, તારા બાપને નમ. Child, bow to thy father.

दूताः अयोध्याम् गच्छन्तु જાસુસો અયોધ્યા જાય. Let messengers go to Ayodhya

બે દીકરાઓ ઘોડે ચડે. Let the two sons mount the horse.

रे रे विनयम् त्यजत मा। અરેરે! વિનયને તજો નહિ! oh! oh! do not abandon your modesty.

બે સખીઓ ફુલો લાવો. (You two) female-friends bring flowers.

હે મિત્ર! આપણે બન્ને બાગમાં પેસીએ. Oh friend! Let us both enter the garden.

પાણીને તજ, ઘી પી. Abandon water, and drink ghee.

હું કેવી રીતે વાઘોની સમીપમાં રહું? How am I to live in the proximity of tigers?

લોક દુઃખને તરો. કલ્યાણને જુઓ. Let the world overcome difficulties and see benefits.

માણસોના વ્યાધિઓ નાશ પામો. Let the diseases of men perish.

બે મોર મહેલની ટોચપર નાચો. Let the two peacocks dance on the top of the palace.

બાળકો ! જુઠું બોલો નહિ. Children ! do not speak falsehood.

તમે બે, બે આસનપર બેસો. You two, sit on the two seats.

છોકરા, માને બોલાવ. Child ! call thy mother.

રાજાઓ હંમેશાં પ્રજાને ધર્મ પ્રમાણે રક્ષો. Let the kings always protect their subjects according to the duty.

લોક હંમેશાં આનંદ પામો. Let people always experience joy.

શત્રુનું વેર લેવાનો ઉપાય શિખવો. Teach the way to revenge upon the enemy.

માતા પિતા પ્રસન્ન થાઓ. Parents you both be pleased.

આપણે સત્યથી ફરો નહિ. Let us not fall off the truth.

સોની સોનું તોળે. Let the goldsmith weigh gold.

માબાપનું અને ગુરુનું વચન પાળ. Act according to the saying of thy parents and preceptor.

પૂજ્ય પુરુષોને સન્માન આપ. Adore venerable persons.

पान्थाः तरोः छायायाम् विश्राम्यन्तु । Let the travellers rest under the shade of the tree.

બે બાળકો હાથધુએ. Let two children wash their hands.

તમારા ભાઈનું નામ કહો. **भ्रातुरभिधानं कथयत ।**

હે બાળકો ! નિશાળે જાઓ અને પાઠ શિખો. **बालाः पाठशालां गच्छत पाठं पटत च ।**

ઈશ્વર રાણીને રક્ષો. **ईश्वरो राज्ञीं रक्षतु ।**

આપણે ડાહ્યા માણસોની શિખામણને અનુસરીએ. **प्रज्ञानामुपदेशाननुसराम ।** દેવો પ્રસન્ન થાઓ. **देवास्तुष्यन्तु ।**

(God save the queen અને gods be satisfied આ બે વાક્યોમાં God અને gods ની પછી કોમા હતે તો એ બે શબ્દોને સંબોધનમાં અને ક્રિયાપદોને બીજા પુરુષમાં વાપરતે. આ પરથી અને એવાં બીજા વાક્યોમાંથી બીજો પુરુષ અને ત્રીજો ક્યાં વાપરવા તે સમજાશે.)

હરિ અને માધવ, બબડો નહીં. **हरे माधव च मा जल्पतम् ।**
રામની જિત સંબંધમાં શંકા ત્યજી દે. **रामस्य विजये शङ्कां त्यज ।**
એ પ્રમાણે માણસોના શત્રુઓ નાશ પામો. **एवं जनानां शत्रवो नश्यन्तु ।**
ગરીબોને પૈસો આપ. **दरिद्रेभ्यो द्रव्यं यच्छ ।**
ચંડાળ, બ્રાહ્મણને અડક નહિં. **चाण्डाल ब्राह्मणं मा स्पृश ।**
(Imperative માં, નહીં--**मा** વપરાય છે.)
તે સોમરસ પીએ. **सोमं पिबतु ।**
તે પોતાના કુળનાં સત્કર્મો સંભારે **वंशस्य सुकृतीः स्मरतु ।**
અમે મનુષ્યોનાં વખાણને લાયક થઇએ. **नृणां स्तुतीरर्हाम ।**
આપણે મિત્રોના અપરાધોને માફ કરો. **मित्राणामपराधान् क्षाम्याम ।**
છોકરા, બાપને સારી રીતે ભેટ. **कुमार पितरं दृढं श्लिष्य ।**
બાળકો, મુંગાં પ્રાણીઓને દુઃખ દો નહીં. **बालका मूकाञ् जीवान् मा पीडयध्वम् । बालका मूकाञ् जीवान् मा पीडयध्वम् ।**
હરિનું મન ક્રોધથી ખળભળો નહીં. **हरेश्चित्तं क्रोधेन मा क्षुभ्यतु ।**
આપણે પાપોમાં ગબડો નહીં. **पापे मा लुटयाम ।**
ગોવાળીઓ ગાયોને ઘેર લઇ જાય. **गोपो धेनूर्गृहं नयतु ।**
લોકોનો સોના માટેનો લોભ ઘટો. **जनानां सुवर्णस्य तृष्णाल्पीभवतु ।**
બંને છોકરાંઓ, માને રાજી કરો. **पुत्रौ मातरं प्रीणयतम् ।**
ભિખારીઓ ચોખા વીણે. **भिक्षुकास्तण्डुलमुञ्छन्तु ।**
મૂર્ખો બબડે. **मूर्खा जल्पन्तु ।**

વાક્યો પાઠ ૨૩ મો.

શત્રુઓની સાથે લઢ. Fight with thy enemies.
ચિત્ત શાંતિ પામો. Let the mind get peace.
હે શિષ્યો ! ગુરૂઓને નમો. Pupils, salute your tutors.
પ્રજાઓના હિતને માટે રાજાઓ મંડો. Let kings set themselves about the good of their subjects.
બે છોકરીઓ ગીત શિખે. Let the two girls learn the song.
તમે બે શેઠને સેવો. You both, serve your master.

કેવી રીતે દુઃખ સહું ! How am I to endure misery ?

કીર્તિને માટે આપણે યત્ન કરો. Strive we for fame.

રાજા જય પામ. King, conquer.

ભાઈના ગુણોને વખાણો નહી Do not praise your brother's merits.

માણસો અનાજની વૃદ્ધિથી રાજી થાઓ. Let men rejoice at the plenty of corn.

તમે બે સદાચાર તરફ પગલાં ભરો. You two, step towards good conduct.

માણસોની ધર્મમાં ઇચ્છા વધો. Let the desire of men increase towards duty.

બે શિયાળ મરણ પામો. Let the two jackals die.

ખબર સંભળાવો. Let the news be heard.

સજ્જનતા રાખ. Resort to civility.

नृपस्य सूनवः पराक्रमेण प्रकाशन्ताम्। રાજાના પુત્રો પરાક્રમથી શોભો. Let king's sons shine by valour.

छात्राणाम् चित्तम् विद्यायाम् रमताम्। વિદ્યાર્થીનું મન વિદ્યામાં રમો. Let the mind of pupils delight in learning.

આપણે ગાયન આરંભો. Commence we singing.

प्रजानाम् कल्याणाय नृपैः क्लेशाः सह्यन्ताम्। પ્રજાના સુખને માટે રાજાઓથી કલેશ સહન થાઓ. Let distresses be endured by kings for the happiness of their subjects.

वनस्य शोभाम् प्रेक्षस्व। જંગલની શોભા જો. See the beauty of the forest.

આપણે બેએ સંકટમાં પણ જૂઠું બોલવું નહીં. Let us both not speak falsehood even in difficulty.

अनिष्टम् मा आशङ्केथाम्। તમે બે ભૂંડું ધારો નહીં Do not you both suspect evil.

तरवः फलानाम् उद्गमेन शोभन्ताम् । વૃક્ષો ફળોના આવવાથી શોભો.
Let trees look beautiful by the appearance of fruits.
દુષ્ટ કૃત્યોથી સુખની આશા માનવી નહીં. Do not hope for happiness from misdeeds.
રાણીના શત્રુઓ ધ્રુજો. **राज्ञ्याः शत्रवो वेपन्ताम् ।**
કેરી ચાખ. **आम्रं स्वादस्व ।**
સંસ્કૃતનો અભ્યાસ આરંભો **संस्कृतस्याध्ययनमारभध्वम् ।**
આપણે ઈશ્વરની આજ્ઞાઓ પાળો **ईश्वरस्याज्ञा अनुरुध्यामहै ।**
ચંદ્ર પ્રકાશો. **इन्दुः प्रकाशताम् ।**
બે ચોપડીઓ અહીં અણાય **पुस्तके अत्रानीयेताम् ।**
તમે બંને, દેવદત્તને શત્રુ ગણો નહીં, **देवदत्तं शत्रुं मा मन्येथाम् ।**
માણસોની ચઢતીમાં રાજી થાઓ **नृणां भूतौ मोदध्वम् ।**
લુચ્ચા, મર, **खल, म्रियस्व ।**
મનુષ્યો ખરાબ કામથી લજવાઓ. **जना दुष्कृतिभिर्लज्जन्ताम् ।**
ઓસડના ગુણો પરખાઓ. **औषधस्य गुणाः परीक्ष्यन्ताम् ।**
લાયક માણસોને પૈસા અપાય, **पात्रेभ्यो धनं दीयताम् ।**
માણસો હંમેશાં સાચું શોધે. **जनाः सदा सत्यं मृगयन्ताम् ।**
પાપીઓને અમથા વખાણો નહીં. **पापान् मा श्लाघध्वम् ।**
પક્ષીઓ ઝાડની ડાળીઓપરથી ઉડે. **विहगास्तरोः शाखाभ्यो डयन्ताम् ।**
લુચ્ચા સજ્જનોની સાદાઈપર (ભલે) હસે **शठाः सज्जनानामृजुतां प्रति विहसन्तु ।**
અનાજના ઢગલા બ્રાહ્મણોને અપાય. **धान्यस्य राशयो ब्राह्मणेभ्यो दीयन्ताम् ।**
રાજાને પુત્ર થાઓ. **नृपस्य पुत्रो जायताम् ।**
તું તારી ઇચ્છાઓને પામ **इष्टानि लभस्व । अभिलाषाँल्लभस्व ।**
હું મારા પિતાની આજ્ઞાઓનું અપમાન કરૂં નહિ. **पितुराज्ञामावधीरयै ।**
આપણે બંને આપણા શત્રુઓને મારી નાંખો. **शत्रून् निपूदयाव ।**

નોકરના બે અપરાધો શેઠથી માફ થાઓ. **भृत्यस्यापराधौ भर्त्रा क्षम्येताम् ।**

મહેનતથી પૈસો મેળવો, ભિખ માંગો નહીં. **श्रमेण धनं लभध्वं मा याचध्वम् ।**

બે છોકરાં લાડવા ચાખે. **बालकौ मोदकान् स्वादेताम् ।**

આપણે બે, લડાઈમાં હણાઈએ નહીં. **युद्धे मा हन्यावहै ।**

પાઠ ૨૦ મો.

કોઈ પણ ધાતુનું ભૂતકૃદંત કરવું હોય તો તેને **त** લાગે છે. જેમકે **श्रु** નું **श्रुत**, **कृ** નું **कृत**, અને એજ પ્રમાણે **भूत**, **जित**, **क्षिप्त**, વગેરે કેટલાક ધાતુનાં ભૂતકૃદંત કરવાના બીજા નિયમો લાગુ પડે છે. તેમનાં ભૂતકૃદંત પાઠેજ કરવામાં આવે છે, જેમકે **पँच्** નું **पक्क**, **वच्** નું **उक्त**. આ ભૂતકૃદંતનું સ્ત્રીલીંગઅંગ **अ** નો **आ** કરવાથી થાય છે.

આ ભૂતકૃદંતના રૂપો નરજાતિમાં **नृप** જેવાં થાય છે, નારીજાતિમાં **शाला** જેવાં થાય છે. અને નાન્યતરજાતિમાં **वन** જેવાં થાય છે.

જ્યારે અંગ્રેજી ભૂતકૃદંતનો અર્થ ગુજરાતી ભૂતકૃદંત જેવો એટલે કરેલો, બેઠેલો, ઉઠેલો એવો થાય, અને અનિયમિત વર્તમાન જેવો એટલે કરાય, પૂજાય, ખવાય એવો ન થાય ત્યારે ઘણું ખરૂં સંસ્કૃત ભૂતકૃદંત વપરાય છે. જેમકે God is worshipped every where. ઇશ્વર સઘળે પૂજાય છે, એમાં **पूजितः** નહીં વપરાય Is worshipped **पूज्यते** પણ A jar is made by a potter કુંભારથી ઘડો બનેલો છે–એમાં 'બનેલો' ભૂતકૃદંત છે માટે **कुम्भकारेण घटः कृतः ।**

કોઈ પ્રાણ પરસ્મૈપદી ધાતુનું વર્તમાન કૃદંત કરવું હોય તો તેના વર્તમાનકાળના ત્રિજા પુરૂષનું બહુવચનનું રૂપ લેવું અને તેમાંથી પ્રત્યયના **न्** અને **इ** કાઢી નાંખવાં. જેમકે:—

ગણ.	ધાતુ.	વ૦કા૦ત્રિ૦પુ૦બ૦વ૦	વ૦ કૃ૦
१	गम्	गच्छन्ति	गच्छत्
४	पुष्	पुष्यन्ति	पुष्यत्
१०	चुर्	चोरयन्ति	चोरयत्
२	या to go	यान्ति	यात्
३	विश्	विशन्ति	विशत्
२	अस् to be	सन्ति	सत्
२	इ to go	यन्ति	यत्
२	या to go	यान्ति	यात्
५	हि	हिन्वन्ति	हिन्वत्
७	रुध्	रुन्धन्ति	रुन्धत्
८	कृ	कुर्वन्ति	कुर्वत्

गच्छत् पुष्यत् અને **चोरयत्** નાં રૂપ એક સરખાં લેવાય છે.
सत् यत् हिन्वत् रुन्धत् અને **कुर्वत्** નાં રૂપ એક સરખાં લેવાય છે.
અને **यात्** તથા **विशत्** નાં રૂપ એક સરખાં લેવાય છે.
જે ધાતુને ત્રિજા પુરૂષ બહુવચનમાં 'સંસ્કૃત સેકંડ બુક,' ના નિયમ પ્રમાણે **अन्ति** ને બદલે **अति** લાગે છે, તેમાં તો માત્ર **इ** જ ઉડી જાય છે, જેમકેઃ—

१	शास्	शासति	शासत्
२	जागृ	जाग्रति	जाग्रत्
३	हु	जुह्वति	जुह्वत्

પહેલા, ચોથા, છઠ્ઠા કે દશમા ગણના કોઇપિણ આત્મનેપદી ધાતુનું વર્તમાનકૃદંત કરવું હોય તો ધાતુને તેના ગણની નિશાની લગાડવી અને પછી **मान** પ્રત્યય લગાડવો. જેમકેઃ—

ધાતુ, ગણની નિશાની

१ **वन्द्+अ+मान=वन्दमान.**
४ **युध्+य+मान=युध्यमान.**
६ **विद्+अ+मान=विन्दमान.**
२० **मृग्+अय+मान=मृगयमाण.**

ઉપસર્ગ વિનાના કોઇપણ ધાતુનું સંબંધક ભૂતકૃદંત કરવું હોય તો તેને **त्वा** લગાડવો, જેમકે **कृत्वा**=કરીને **भूत्वा**=થઇને-**नीत्वा**=દોરી લઇને. જો ધાતુની પહેલાં ઉપસર્ગ હોય અને તેનો અંત્યાક્ષર હ્રસ્વ સ્વર હોય તો તેનું સંબંધક ભૂતકૃદંત **त्य** લગાડેથી થાય છે. જેમકે **अनुसृ+त्य** =**अनुसृत्य**=અનુસરીને **विजि+त्य=विजित्य** જીતીને **विस्मृ+त्य**=**विस्मृत्य**=વિસરીને.

જો ધાતુની પહેલાં ઉપસર્ગ હોય અને તેનો અંત્યાક્ષર દીર્ઘસ્વર કે વ્યંજન હોય તો તેનું સંબંધક ભૂતકૃદંત **य** લગાડેથી થાય છે. જેમકે **आनी+य=आनीय**=આણીને **अनुभू+य=अनुभूय**=ભોગવીને **प्रक्षिप्+य=प्रक्षिप्य**=નાંખીને. having thrown.

હેત્વર્થકૃદંત Infinitive of purpose ધાતુને **तुम्** પ્રત્યય લગાડવાથી થાય છે. એ લગાડતાં પૂર્વે ધાતુના અંત્ય સ્વર તથા ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો **गुण** થાય છે. જેમકે **श्रु**નું **श्रोतुम्** to hear **कृ** નું **कर्तुम्** to do **हृ**નું **हर्तुम्** to take away, **जि**નું **जेतुम्** to conquer.

દશમા ગણના ધાતુનું હેત્વર્થકૃદંત તથા સંબંધક ભૂતકૃદંત કરતી વખતે ધાતુને **अय** લાગે છે. **अय** ની પૂર્વે થતા ગુણ વૃદ્ધિ તથા આદેશ વગેરે ફેરફારો કરાય છે અને પછી **अय** નો છેલ્લો **अ** કાઢીને **इतुम्** અને **इत्वा** ઉમેરાય છે. જેમકે:—

चोरयितुम्–चोरयित्वा,	**घोषयितुम्–घोषयित्वा.**
प्रीणयितुम्–प्रीणयित्वा.	**क्षालयितुम्–क्षालयित्वा**
पीडयितुम्–पीडयित्वा,	**दारयितुम्–दारयित्वा**

પૂર્વે ઉપસર્ગવાળા દશમા ગણના ધાતુનું સંબંધક ભૂતકૃદંત કરવું હોય તો **अय** કાઢી નાંખીને **य** ઉમેરવો. જેમકે **प्रक्षालयति** નું **प्रक्षाल्य**, **विदारयति** નું **विदार्य** અને **अभिवादयति**નું **अभिवाद्य**.

ભૂતકૃદંત, સંબંધક ભૂતકૃદંત તથા હેત્વર્થકૃદંત (=સામાન્યરૂપ Infinitive of purpose) માત્ર પ્રાયમરના નિયમોથીજ બનાવાય છે એમ નથી તેથી પ્રાઇમરમાં ન આપેલા એવા કેટલાક વપરાતા ધાતુઓનાં એવાં રૂપો અહીં આપ્યાં છેઃ—

ધાતુ.	ભૂતકૃદંત.
घुष्	घुष्ट–घुषित
चुर् 10th conj.	चोरित
तुद्	तुन्न
दम्	दान्त–दमित
पा to drink	पीत
पुष्	पुष्ट–पुषित
बुध् 4th A.	बुद्ध
मद्	मत्त
वस्	उषित
शम्	शान्त–शमित

अट्, उञ्छ्, कुप्, कुस्, गण्, चर्, चल्, जल्प्, जीव्, धाव्, निन्द्, पत्, पीड्, प्रथ् बुध्, 1st conj रक्ष् लुट्, वर्ण्, सान्त्व् स्पृह्, स्फुर्, આ ધાતુઓનું ભૂતકૃદંત इत લગાડેથી થાય છે. જેમકે अटित, उञ्छित, निन्दित, बुधित વગેરે.

ધાતુ.	સંબંધક ભૂતકૃદંત.	હેત્વર્થ કૃદંત.
अस् to throw	असित्वा	असितुम्
इष्	एषित्वा–इष्ट्वा	एषितुम्–एष्टुम्
कथ्	कथयित्वा	कथयितुम्
खन्	खनित्वा–खात्वा	खनितुम्
गम्	गत्वा	गन्तुम्
चर्	चरित्वा	चरितुम्
चुर्	चोरयित्वा	चोरयितुम्
जि	जित्वा	जेतुम्
जीव्	जीवित्वा	जीवितुम्
त्यज्	त्यक्त्वा	त्यक्तुम्
दह्	दग्ध्वा	दग्धुम्
दृश्	दृष्ट्वा	द्रष्टुम्

धाव्	धावित्वा-धौत्वा	धावितुम्
नम्	नत्वा	नन्तुम्
नश्	नशित्वा-नष्ट्वा	नशितुम्
नृत्	नर्तित्वा	नर्तितुम्
पच्	पक्त्वा	पचितुम्
पत्	पतित्वा	पतितुम्
पा	पीत्वा	पातुम्
पुष्	पुष्ट्वा	पोष्टुम्
प्रच्छ्	पृष्ट्वा	प्रष्टुम्
बुध् 1st c.	बुधित्वा-बोधित्वा	बोधितुम्
बुध् 4th c.	बुद्ध्वा	बोद्धुम्
भू	भूत्वा	भवितुम्
मन्	मत्वा	मन्तुम्
मुच्	मुक्त्वा	मोक्तुम्
मुह्	मुढ्वा-मुग्ध्वा	मोहितुम्-मोढुम्-मोग्धुम्
यज्	इष्ट्वा	यष्टुम्
रक्ष्	रक्षित्वा	रक्षितुम्
रम्	रत्वा	रन्तुम्
रुह्	रुढ्वा	रोढुम्
लभ्	लब्ध्वा-लभित्वा	लब्धुम्
लुभ्	लुब्ध्वा-लोभित्वा	लोब्धुम्
वद्	उदित्वा	वदितुम्
वस्	उषित्वा	वस्तुम्
वह्	उढ्वा	वोढुम्
विश	विष्ट्वा	वेष्टुम्
वृत्	वर्तित्वा	वर्तितुम्
सृ	सृत्वा	सर्तुम्

सृज्	सृष्ट्वा	स्रष्टुम्
स्पृश्	स्पृष्ट्वा	स्पर्ष्टुम्–स्प्रष्टुम्
स्मृ	स्मृत्वा	स्मर्तुम्
हृ	हृत्वा	हर्तुम्

તે પાણી પીવાને નદીએ ગયો. He went to the river for drinking water.

કુંભારથી ઘડો થયો છે. A pot is made by a potter.

હરિથી સર્પ દેખાય છે. A serpent is seen by Hari.

હું ગામ જવાને ઇચ્છું છું. I wish to go to the village.

માણસના દુઃખો મટાડવાને ઇશ્વર સમર્થ છે. God is able to dispel the pains of men.

સ્ત્રી તજીને વનમાં ગયો છું–છે. I have, thou hast, or he has gone to the forest having abandoned the wife.

રામનું દુઃખ નાશ પામ્યું છે. Rama's pain has perished.

ઉપાય ધાર્યો છે. A remedy is contemplated.

किंकरः गृहम् प्रविष्टः। નોકર ઘરમાં પેઠો છે. The servant has entered the house.

શંબુકે કહેલી ખબર સાંભળીને રામ બેભાન થયો. Having heard the news told by Sambuka, Rama fainted.

सीता नद्याः तीरे चिरम् विहृत्य उटजम् निवृत्ता। સીતા નદીને કાંઠે ઘણીવાર રમીને પર્ણકુટી ભણી પાછી વળી. Sita having sported long on the bank of the river, returned to her hut.

गृहम् प्रविश्य अपृच्छत् माता क्व इति। એણે ઘરમાં પેસીને પૂછ્યું 'મા ક્યાં છે?' Having entered the house he asked 'where is the mother?'

તું પૈસાના મદથી અડકાયો છે–તને પૈસાનો મદ આવ્યો છે. Thou art touched by the pride of wealth, i. e. thou art proud of thy wealth.

रामेण बहवः कूपाः च तडागाः च उत्खाताः । રામથી બહુ કુવા અને તળાવો ખોદાયા. Many wells and tanks were dug by Rama.

એમ કહેવાયલો હરિ બ્રાહ્મણને પૈસા આપતો હતો. Hari thus addressed gave wealth to the Brahmin.

ઘોડે ચઢવાને મરજી થઇ. A desire is produced to mount the horse.

તે શત્રુને જીતીને શહેરમાં પેઠો. Having conquered his enemies he entered the town.

બેનપણીઓથી પૂછાયલી સ્ત્રી લાજ પામી. Being asked by her female friends, the woman felt shame.

सीतया क्लेशः सोढः । સીતાથી દુઃખ સહેવાયું. Pain was endured by Sita.

પૃથ્વીમાં ફરવાને યજ્ઞનો ઘોડો છૂટો મૂકયો છે. The sacrificial horse is let loose to go over the earth.

જંગલથી પાછા ફરીને રામે રાજ્ય કરવાનું આરંભ્યું. Having returned from the forest, Rama began to rule his kingdom.

તે કાદવમાં પડેલી ગાયને ઉંચકી લે છે. He lifts up the cow fallen in the mud.

देवेन रक्षितः अस्मि । હું ઇશ્વરથી રક્ષાયલો છું. I am protected by god.

हरिणा बहूनि काव्यानि पठितानि । હરિથી ઘણાં કાવ્યો શિખાયાં છે. Many poems are learnt by Hari.

તાપથી તપેલા અમે ઝાડના મૂળ આગળ જઇએ છીએ. Exhausted by heat we resort to the root of the tree.

પવનથી વાદળાં વિખરાયાં છે. **वायुना मेघा निरस्ताः ।** ખેડુતોથી ખેતરો ખેડાયાં છે. અને અનાજ વવાયું છે. **कृषीवलैः क्षेत्राणि कृष्टानि धान्यमुप्तं च ।**

શિષ્યને સારી રીતે ભણાવીને ગુરૂએ તેને પરણવાની રજા આપી: **शिष्यं सुष्ठु विनीय गुरुः परिणेतुमनुज्ञामयच्छत् ।**

દરિઓ પવનથી ક્ષોભ પામ્યો છે. **समुद्रो वायुना क्षुब्धः ।**

કુતરાને પગલે પગલે ચાલીને તે સુચવેલી જગાએ આવ્યો. **सारमेयस्य पदान्यनुसृत्य निर्दिष्टं स्थानमागच्छत् ।**

શિવ રાવણની ભક્તિથી પ્રસન્ન થયા. **शिवो रावणस्य भक्त्या संतुष्टः।**

ઇશ્વરે મનુષ્યોના હૃદયમાં સદ્ગુણોનું બીજ મુક્યું છે, **ईश्वरेण मनुष्याणां हृदये सद्गुणानां बीजं निहितम् ।**

તમારા શત્રુને જીતવાને તૈયાર થાઓ. **शत्रुं जेतुमुद्यता भवत ।**

લડાઈમાં ઘણા સિપાઇઓ હણાયા. **युद्धे बहवः सैनिका हताः ।**

મરણ પામેલા પતિને સંભારીને તેણીએ પાછી મૂર્છા ખાધી **मृतं भर्तारं स्मृत्वा पुनरमूर्च्छत् ।**

રાજ્યાભિષેક વખતે સઘળા માણસો કેદખાનામાંથી છોડી મુકાયા, **अभिषेकस्य समये सकला जनाः कारागृहान्मुक्ताः ।**

બાળક ચંદ્રને પકડવાને ઇચ્છે છે. **बालक इन्दुं ग्रहीतुमिच्छति ।**

નારાયણથી મહેનતનું ફળ મેળવાયું છે. **नारायणेनोद्यमस्य फलं लब्धम्।**

દેવીને પ્રણામ કરીને તે દેવલમાં પાછો ફર્યો છે. **देवीं प्रणम्य देवालयान्निवृत्तः ।**

હરિની ભુલો તેના બાપથી માફ કરાઇ છે. **हरेरपराधाः पित्रा क्षान्ताः ।**

પહાડપર ચઢીને તેણે તળાવ જોયું. **पर्वतमारुह्य कासारमपश्यत् ।**

ભયનું કારણ ગયું છે. **भयस्य कारणं गतम् ।**

તે લુચ્ચાઓને સજ્જનોના માર્ગમાં લઈ જવા યત્ન કરે છે. **शठान् सज्जनानां मार्गं नेतुं यतते ।**

બાળક દરિયા કાંઠે તજાયું. **बालकः समुद्रस्य तीरे त्यक्तः ।**

સંસારનાં દુઃખો અનુભવીને તે સાધુ થયો. **संसारस्य दुःखान्यनुभूय यतिरभवत् ।**

સીપાઈઓથી રસ્તે ઘણાં ગામ બળાયાં **सैनिकैर्मार्गे बहवो ग्रामा दग्धाः ।**

મિત્રને જવાબ આપીને તે શાંત ઉભો. **मित्रं प्रतिभाष्य मूकोऽतिष्ठत् ।**

હરિની સ્ત્રીને છોકરો આવ્યો છે. **हरेर्भार्यायाः पुत्रो जातः ।**

સવારમાં ઉઠીને મનુષ્યો મ્હોડાં ધુએ છે. **प्रातरुत्थाय जना मुखानि क्षालयन्ति ।**

ચોરો રાજાના અમલદારોથી બંધાયા **स्तेना राजपुरुषैर्बद्धाः ।**

પાઠ ૨૫ મો.

શબ્દને છેડે એક કરતાં વધારે વ્યંજન આવે અને બે વ્યંજન હોય ત્યારે જો પહેલો વ્યંજન **र्** હોય તો પહેલો રહે છે અને બાકીના ઉડી જાય છે. જેમકે **मरुत्स्=मरुत्**, પણ **अमार्ट्** માં **र्ट्** નો પહેલો વ્યંજન **र्** છે તેથી **ट्** ઉડે નહીં.

च् કે **ज्** ની પછી કોઈ અઘોષ વ્યંજન આવે તો **च्** કે **ज्** ને બદલે **क्** મુકાય છે. જેમકે **वाच्+सु=वाक्+सु=युच्+तिः=युक्तिः, उच्+ति=उक्तिः** **च्** કે **ज्** ની પછી નાસિકાસ્થાની અથવા અર્ધસ્વર સિવાયનો ઘોષ વ્યંજન આવે તો **च्** કે **ज्** ને બદલે **ग्** મુકાય છે. જેમકે **वाच्+भ्याम्=वाग्भ्याम्, हुतभुज्+भिः हुतभुग्भिः**

શબ્દને છેડે **च्** આવે તો તેને બદલે **क्** કે **ग्** મુકાય છે.

અનુનાસિક સિવાયના પદાન્ત વ્યંજનને બદલે તેના વર્ગનો પહેલો અથવા ત્રીજો મુકાય છે. જેમકે **मरुत्—द्.**

अ, आ, સિવાયના કોઈ સ્વર, કંઠસ્થાની વ્યંજન **क्** કે **ङ्** અથવા **र्** કે **ल्** પછી આદેશ અથવા પ્રત્યયનો **स्** આવે તો ઘણું ખરૂં તે **स्** નો **ष्** થાય છે. જેમકે **नृपे+सु=नृपेषु गुरु+सु=गुरुषु, गीर्+सु=गीर्षु कमल्+सु=कमल्षु. वाक्+सु वाक्षु=वाक्षु, वार्+सु=वार्षु, जक्+सिव=जक्+षिव=जक्षिव** પણ **अनुस्त्रिय** એમાં **स्** ધાતુનો છે તેથી **ष्** થયો નથી. **माला+सु=मालासु** અને **राज+सु=राजसु** આ બે

શબ્દોમાં **स्** ની પૂર્વે એકમાં **आ** છે અને એકમાં **अ** છે તેથી **ष्** થયો નથી.

પરસ્મૈપદી ધાતુના વર્તમાનકૃદંતનું, (Fem. base) નારી જાતિ અંગ કરવું હોય તો તેને **ई** લગાડાય છે. આ **ई** લગાડતા પૂર્વે પહેલાં ચોથા અને દશમા ગણના ધાતુના વર્તમાનકૃદંતના અંત્ય **त्** ની પહેલાં **न्** મૂકાય છે અને છઠ્ઠા ગણના ધાતુના અંત્ય **त्** ની પહેલાં **न्** વિકલ્પે કરીને મૂકાય છે. જેમકે **भवत्+ई=भवन्त्+ई भवन्ती** એજ પ્રમાણે **पचन्ती,माद्यन्ती,शाम्यन्ती,चोरयन्ती,विशती–विशन्ती,पृच्छन्ती**

સઘળા પરસ્મૈપદી ધાતુના વર્તમાનકૃદંતનું નાન્યતરજાતિનું પહેલી, બીજી અને સંબોધનનું દ્વિવચન નારિજાતિઅંગ જેવું થાય છે.

जयत् m. નાં રૂપો.

जयन्	जयन्तौ	जयन्तः
जयन्	जयन्तौ	जयन्तः
जयन्तम्	,,	जयतः
जयता	जयद्भ्याम्	जयद्भिः
जयते	,,	जयद्भ्यः
जयतः	,,	,,
,,	जयतोः	जयताम्
जयति	,,	जयत्सु

जयन्ती f.

जयन्ती	जयन्त्यौ	जयन्त्यः
जयन्तीम्	,,	जयन्तीः

આ પ્રમાણે બાકીનાં પણ **दासी** જેવાં.

जयत् n.

जयत्	जयन्ती	जयन्ति

આ રૂપો પહેલી, બીજી અને સંબોધનનાં છે. બાકીનાં રૂપો નરજાતિના રૂપ જેવાં થાય છે.

આજ પ્રમાણે **भवत्** being, **माद्यत्**, **शाम्यत्**, **चोरयत्**, **पोषयत्** વગેરે પહેલા, અને ચોથા અને દશમા ગણના વર્તમાનકૃદંતના રૂપ લેવાય છે.

भवत् (pro.) your honourનાં રૂપ **भगवत्**ના જેવાં થાય છે.

છઠ્ઠા ગણના વર્તમાનકૃદંત **विशत्** નાં રૂપોઃ—

विशत् m.

विशन्	**विशन्तौ**	**विशन्तः**

એજ પ્રમાણે બાકીનાં પણ **जयत्** m. જેવાંજ–

विशती–विशन्ती f.

विशती–विशन्ती	**विशत्यौ–विशन्त्यौ**	**विशत्यः–विशन्त्यः**
विशति	——	——
विशन्ति	——	——
विशतीम्	——	**विशतीः**
विशन्तीम्	——	**विशन्तीः**
विशत्या	**विशतीभ्याम्**	**विशतीभिः**
विशन्त्या	**विशन्तीभ्याम्**	**विशन्तीभिः**
विशत्यै	——	**विशतीभ्यः**
विशन्त्यै	——	**विशन्तीभ्यः**
विशत्याः	——	——
विशन्त्याः	——	——
——	**विशत्योः**	**विशतीनाम्**
——	**विशन्त्योः**	**विशन्तीनाम्**
विशत्याम्	——	**विशतीषु**
विशन्त्याम्	——	**विशन्तीषु**

———— ———

विशत् n.

विशत्	**विशती–विशन्ती**	**विशन्ति**

૧ લી. ૨ જી અને સંબોધનના આ રૂપો છે બાકીનાં **विशत्** m. જેવાં

આજ પ્રમાણે બધા છઠ્ઠા ગણના ધાતુનાં તથા બીજા ગણના **आ** કારાંત ધાતુના પરસ્મૈપદી વર્તમાન કૃદંતના રૂપ લેવાય છે. આથી **यात्** going નાં રૂપ **विशत्** જેવાં લેવાં.

सन्ति પરથી **सत्** being અને **अदन्ति** પરથી **अदत्** eating વગેરે **आ** કારાંત ધાતુના નહીં એવા બીજા ગણના તથા પાંચમા, સાતમા આઠમા અને નવમા ગણના વર્તમાન કૃદંતના રૂપ નરજાતિમાં **जयत्** જેવાં. નારીજાતિમાં અંત્ય **त्** ની પહેલાં **न्** ન લાગવાથી થાય તેનાં રૂપ દાસી જેવાં, અને નાન્યનરજાતિમાં **सत्, सती, सन्ति । अदत्, अदती, अदन्ति ।** એવાં રૂપો ૧ લી, ૨ જી અને સંબોધનમાં થાય છે. બાકીનાં રૂપ નરજાતિ જેવાં થાય છે.

सत् નો અર્થ good થાય છે ત્યારે પણ એનાં રૂપ **सत्** being જેવાંજ થાય છે. જેમકે **सन्तः पुरुषाः** good men અથવા men present.

शासत् નાં નરજાતિનાં રૂપ **मरुत्** જેવાં, નારિજાતિ અંગ **शासती** નાં દાસી જેવાં.

शासत् n. નાં રૂપો.

शासत् **शासती** **शासति–शासन्ति**

આ ૧લી. ૨ જી અને સંબોધનનાં રૂપ છે. બાકીનાં નરજાતિ જેવાં.

जक्षत्, चकासत्, दरिद्रत्, जाग्रत्, અને ત્રીજા ગણના ધાતુનાં વર્તમાનકૃદંતનાં રૂપ **शासत्** જેવાં લેવાય છે.

દૂરથી જેની સાથે બોલીએ તેના નામનાં સંબોધન રૂપના અંત્ય-સ્વરની પછીના સ્વર સાથે સંધિ થતી નથી. જેમકે **अङ्ग अत्रागच्छ, वत्स आयुष्मान् भव.**

આવા સંબોધનનાં રૂપની પહેલા **हे** કે **है** વપરાયું હોય તો એ શબ્દોની પછીનાં સ્વર સાથે એમની સંધિ થતી નથી પણ સંબોધન શબ્દના અંત્ય સ્વરની તો પછીના સ્વર સાથે સંધિ થાય છે. જેમકે

अङ्गुल्याग्रागच्छ, **विद्यमान** pre. p. from **विद्** 4 A being existent **अविद्यमान** non-existent.

भवत् એ ત્રિજા પુરૂષનું સર્વનામ છે તેથી **भवान् गच्छति** થાય પણ **गच्छसि** થાય નહીં **अत्रभवत्** આપશ્રી આપ સાહેબ, **तत्रभवत्** તેઓશ્રી, તેઓ સાહેબ, **अत्रभवान् आगच्छतु** આપ પધારો **तत्रभवन्तः गुरवः न आगताः** તે ગુરૂશ્રી પધાર્યા નહીં.

દુષ્ટોથી ગુણવંતોને પણ ભય હોય છે. There is fear from the wicked even to the meritorious. **चन्द्रस्य प्रकाशः शरदि आल्हादकः भवति** ચંદ્રનો પ્રકાશ શરદઋતુમાં આનંદપ્રદ હોય છે. The light of the moon is delighting in autumn. વિજળી સાથે વાદળું આકાશમાં છે. There is a cloud with lightning in the sky.

છોકરા, દીર્ઘાયુ થા ભાઈ, ઘરડો ડોસો થજે. Child, be longlived.

બુદ્ધિમંતો લોકમાં પ્રખ્યાત થાય છે. The talented become famous in the world.

રામ શરીરધારી ધર્મ જેવા છે. રામ જાણે શરીર ધારણ કરીને આવેલો ધર્મ છે. રામ જાણે ધર્મનો અવતાર છે. Rama is as if duty incarnate.

જય પામતા શત્રુઓને ઉવેખ નહીં-જોયા ન કર. Do not neglect thy enemies who are conquering.

આપથી ફરમાવાયલો નોકર શહેરમાં ગયો. The servant, ordered by your honour, went to the town.

भगवते वासुदेवाय नमः । ભગવાન વાસુદેવને (શ્રીકૃષ્ણને) નમસ્કાર Bow to divine Vasudeva.

गुरोः पश्यतः शिष्येण अविनयः कृतः । ગુરૂનાં જોતાં છતાં શિષ્યથી અવિનય કરાયો; Though the preceptor was seeing, disobedience was shown by the pupil.

गुरोः पश्यतः–ગુરૂ જોતાં છતાં. આ પ્રયોગને અંગ્રેજીમાં (genitive absolute) કહે છે.

મનુષ્ય આવતો હતો તે છતાં, **છોકરી બોલતી હતી** તે છતાં, **પાણી પડતું હતું** તે છતાં–આવાં વાક્યોનું સંસ્કૃત કરવામાં એ પ્રયોગ થાય છે. તેમાં નીચે એક લીટીથી જણાવેલ મનુષ્ય, છોકરી અને પાણી કર્તા છે તેની છઠ્ઠી વિભક્તિ વપરાય છે અને આવતો હતો, બોલતી હતી વગેરે જે શબ્દો કાળા અક્ષરમાં આપ્યા છે તે ક્રિયાપદોના વર્તમાન કૃદંત વપરાય છે. એ વર્તમાન કૃદંતોનું મનુષ્ય વગેરે કર્તાના જાતિ, વિભક્તિ અને વચનવાળું રૂપ વપરાય છે. એટલે **मनुष्यस्य आगच्छतः, कुमार्याः वदन्त्याः, वारिणः पततः**

नलः हुतभुजा दग्धम् अरण्यम् अपश्यत्। નળે અગ્નિથી બળેલું જંગલ જોયું Nala saw the forest burnt by fire.

દહાડા જતાં નારાયણ પંડિત થયો. Days having elapsed Narayana became a learned man.

दिनेषु गच्छत्सु આ પ્રયોગને અંગ્રેજીમાં Locative absolute કહે છે.

કૃષ્ણ ગયો કે છોકરા ચાલ્યા ગયા.

કૃષ્ણ ગયો કે–**कृष्णे गते.**

ઝાડ પડ્યું એટલે અમે કહેવા આવ્યા.

ઝાડ પડ્યું એટલે **वृक्षे पतिते.**

આપ ઉભા છો ત્યારે શા માટે ડરિએ.

આપ ઉભા છો ત્યારે **भवति तिष्ठति.**

આપ ઉભા છો ત્યારે શું કરૂં ?

ભાઈ નથી બોલતો ત્યારે–**भ्रातरि न वदति.**

આ થોડા દષ્ટાંતો પરથી **(सति सप्तमी)** Locative absolute. નો પ્રયોગ સમજાશે.

दशरथे भूभृति महीम् शासति जनाः सुखभाजः अभवन् ।
દશરથ રાજા પૃથ્વીપર રાજ્ય કરતા હતા ત્યારે માણસો સુખી થયા.
When king Dasaratha was ruling the earth, men became happy.

દેવોના સ્વામી અર્જુનને જોવાને ઇચ્છે છે. The lord of gods wishes to see Arjuna.

કવિઓના વચનમાં મિઠાશ છે. There is sweetness in the words of poets.

એ મિત્રોનું વચન ઉલ્લંઘન કરાય એવું નથી. The word of the two friends is inviolable.

આપ છોકરાઓની સાથે આવો એવી શ્રીમંત રાજાની આજ્ઞા છે. (**इति**= such that) Your honour should come with your sons, such is the order of our prosperous lord.

અથવા

That your honour...sons, is the order of our prosperous king.

ઘડા મૃત્તિકાના જુદા રૂપો છે અને ઘરેણાં સોનાનાં રૂપો છે, Pots are different forms of clay and ornaments are those of gold.

પ્રાણના વિયોગમાં પણ (જીવ જતો હોય પણ) દુર્જનો સજ્જનોથી પ્રાર્થાતા નથી. Wicked persons are not entreated by good persons even at the passing away of life.
(**प्राण**: a vital air. આ શબ્દનો અર્થ જ્યારે life જીંદગી થાય છે ત્યારે એ બહુ વચનમાંજ વપરાય છે.)

અહીં જગતમાં પુત્રનો જન્મ આનંદનું કારણ છે. The birth of a son is a source of joy in this world.

સંશયમાં સજ્જનોનાં અંતઃકરણનાં વલણો પ્રમાણરૂપ હોય છે. શક પડે એવી વાતમાં સજ્જનોનાં મનને ઠીક લાગતું હોય તેમાં લાભ ધારવો.

અને અઠીક લાગતું હોય તેમાં ઉલટું ધારવું. In matters of doubt the predilections of the mind of good men are an authority.

विपदि सद्भिः उच्चैः स्थीयते । વિપત્તિમાં સજ્જનોથી ઉંચે રહેવાય છે. આપત્તિમાં સજ્જનોનાં અંતઃકરણ ક્લેશથી વેગળા અને ઉંચા નિશ્ચયોમાં રહે છે. Good men keep high (live nobly) in adversity.

પત્થરપર બેઠેલા ગુરૂએ શિષ્યને ધર્મ શિખવ્યો. The preceptor seated upon the stone taught duty to the pupils.

કરજદારો બધી રીતથી પરાધીન થાય છે. Debtors become dependent in every way.

जीविते चञ्चले सति धर्मस्य अकालः न अस्ति । જંદગી ચંચલ છે તેથી ધર્મનો (કોઇ) અયોગ્ય સમય નથી. Life being transitory, no time is improper for (gaining religious) merit.

નારાયણ પરાધીન નથી. **नारायणः परवान्नास्ति ।**

હરણો જંગલમાં પત્થરો પર બેસે છે. **मृगा अरण्ये दृशत्सूपविशन्ति ।**

ઇંદ્ર દેવતાઓનો રાજા છે. **इन्द्रो मरुतां प्रभुः ।**

કાર્તિકના પડવાપર મોટો ઓચ્છવ છે. **कार्तिकस्य प्रतिपदि महोत्सवोऽस्ति ।**

મેં એક છોકરાને નિશાળે જતો જોયો. **कुमारं पाठशालां गच्छन्तमपश्यम् ।**

ચઢતીમાં માણસને બહુ માણસો અનુસરે છે. **संपदि जनं बहवो मनुष्या अनुसरन्ति ।**

માણસ પડતીમાં મિત્રોથી તજાય છે. **जनः आपदि सुहृद्भिः त्यज्यते । जन आपदि सुहृद्भिस्त्यज्यते ।**

કૃષ્ણે માણસોને ઘોડા હાંકતા જોયા. **कृष्णोऽश्वान्नुदतः पुरुषानपश्यत् ।**

યોગીઓ જગતને જંગલ તરીકે માને છે. **यतयोजगदरण्यमिव मन्यन्ते।**

બુદ્ધિમંત નારાયણથી પુસ્તક લખાય છે. **धीमता नारायणेन पुस्तकं प्रणीयते।**

ગુણવંતો પણ દુષ્ટોથી નિંદાય છે. **गुणवंतोऽपि नृशंसैर्निन्द्यन्ते।**

માણસો હંમેશાં દીર્ઘાયુ થવાને ચહાય છે. **जनाः सर्वदायुष्मन्तो भवितुमिच्छन्ति।**

ભગવાન્ મનુએ એ પ્રમાણે કહ્યું છે. **भगवता मनुनैवं विहितम्।**

નમ્ર વાણીથી ક્રોધ શમે છે. **मृद्वा वाचा क्रोधः शाम्यति।**

(**मृदु** એ **वाच्** નું વિશેષણ છે. માટે **वाच्** પ્રમાણે એની જાતિ નારીજાતિ છે તેથી એનું રૂપ **धेन्वा** જેવું અહીં વપરાયું.)

નારદ આકાશમાંથી ઉતર્યા. **नारदो वियतोऽवातरत्।**

સજ્જનો પૈસાથી અભિમાની થતા નથી. **सन्तः संपदोद्धता न भवन्ति।**

સ્વર્ગે જતાં ગુરુએ એમ નીમેલું હતું. **स्वर्गं गच्छता गुरुणैवमुपदिष्टम्।**

જંગલમાં રહેતાં રામ અને લક્ષ્મણે ઘણા રાક્ષસોને હણ્યા. **अरण्ये वसन्तौ रामो लक्ष्मणश्च बहून् राक्षसान् न्यसूदयताम्।**

આપના દર્શનથી ઘણો પ્રસન્ન થયો છું. **भवतो दर्शनेनातीव प्रसन्नोऽस्मि।**

બુદ્ધિમંત પુરુષો રાજાની સભામાં માન પામે છે. **धीमन्तो नृपाणां सभासु पूज्यन्ते।**

પવન દાંડીમાંથી છુટાં થએલાં ફુલને લઈ જાય છે. **वायुः वृन्तात्श्लथम् कुसुमम् हरति। वायुर्वृन्ताच्श्लथं** અથવા **वृन्ताच्छ्लथं कुसुमं हरति।**

કવિઓથી વિજળી મેઘની સ્ત્રી તરીકે ગણાય છે. **कविभिर्विद्युन्मेघस्य पत्नीव मन्यते।**

સ્પર્શ કરાએલો દેવતા હોતાને પણ બાળે છે. **स्पृष्टो हुतभुग्होतारमपि दहति।**

(**हुतभुग्घोतारम्** પણ થાય: ૧૮મા પાઠમાં આપેલા નિયમ પ્રમાણે)

સુખી માણસોની સુખની ઇચ્છા સુખના ભોગથી વારંવાર વધે છે. **सुखभाजां सुखेऽभिलाषः सुखस्य भोगेन बहु वर्धते** રામ વૈભવી અયોધ્યા નગરીમાં રહ્યો. **रामः श्रीमत्यामयोध्यायां नगर्यामवसत्।**

પાઠ ૨૬ મો.

નરજાતિ કે નારીજાતિનાં નામોના અંત્ય **अन्**ની પૂર્વે જોડાક્ષર હોય અને તે જોડાક્ષરનો છેલ્લો અક્ષર **म्** કે **व्** હોય તો તે નામોનાં રૂપ **आत्मन्** જેવાં લેવાં અને નહીં હોય તો **राजन्** જેવાં લેવાં.

આ પ્રમાણે **अश्मन्, ब्रह्मन्, यज्वन्,** અને **विश्वकर्मन्**નાં રૂપ **आत्मन्** જેવાં થાય છે. અને **अणिमन्** m smallness, **धवलिमन्** m whiteness, **प्रेमन्, मज्जन्,** marrow મજ્જા. મેદ **मूर्धन्** **लघिमन्** અને **सीमन्** નાં રૂપ **राजन्** જેવાં થાય છે.

ब्रह्मन् m, નાં રૂપ.

ब्रह्मा	**ब्रह्माणौ**	**ब्रह्माणः**
ब्रह्मन्	,,	,,
ब्रह्माणम्	,,	**ब्रह्माणः**
ब्रह्मणा	**ब्रह्मभ्याम्**	**ब्रह्मभिः**
ब्रह्मणे	,,	**ब्रह्मभ्यः**
ब्रह्मणः	,,	,,
,,	**ब्रह्मणोः**	**ब्रह्मणाम्**
ब्रह्मणि	,,	**ब्रह्मसु**

प्रेमन् m.

प्रेमा	**प्रेमाणौ**	**प्रेमाणः**
प्रेमन्	,,	,,
प्रेमाणम्	,,	**प्रेम्णः**

સાતમી એકવચન **प्रेमणि–प्रेम्णि** બાકીનાં રૂપ પણ **राजन्** જેવાં.

कर्मन् n. નાં રૂપો.

कर्म	**कर्मणी**	**कर्माणि**
कर्मन्–कर्म	,,	,,
,,	,,	,,
कर्मणा	**कर्मभ्याम्**	**कर्मभिः**
कर्मणे	,,	**कर्मभ्यः**
कर्मणः	,,	,,
,,	**कर्मणोः**	**कर्मणाम्**
कर्मणि	,,	**कर्मसु**

અંત્ય **अन्** ની પહેલાં જોડાક્ષર હોય અને તેનો છેલ્લો અક્ષર **म्** કે **व्** હોય તો નાન્યતરજાતિમાં **कर्मन्** જેવાં રૂપ લેવાય છે આથી **चर्मन्**, **जन्मन्** n. birth **पर्वन्** n. a holiday **भर्मन्** n. a house, **वर्त्मन्** તથા **सद्मन्**નાં રૂપ **कर्मन्** જેવાં લેવાય છે. **नामन्**નાં રૂપ પ્રાઇમરમાં છે તે પ્રમાણે **प्रेमन्** n, **हेमन्** વગેરે નાન્યતરજાતિનાં નામોનાં રૂપ લેવાં.

शशिन् નાં રૂપ પ્રાઇમરમાં આપેલાં છે. તે પ્રમાણે **अपराधिन्** m. **क्षयिन्** m. **उत्सङ्गवर्तिन्** m, **कञ्चुकिन्** **कुशलिन्** m.......... નાં રૂપ લેવાં.

अपराधिन् **क्षयिन्**......વગેરે વિશેષણોનું નારીજાતિ અંગ **ई** લગાડેથી થાય છે. તેનાં રૂપ **दासी** જેવાં લેવાં છેડે **इन्** વાળા આવા શબ્દોનાં રૂપ નાન્યતરજાતિમાં **भाविन्** n. જેવાં થાય છે.

उपानह् ના રૂપો.

उपानत्-द्	**उपानहौ**	**उपानहः**
,,	,,	,,
उपानहम्	,,	,,
उपानहा	**उपानद्भ्याम्**	**उपानद्भिः**
उपानहे	,,	**उपानद्भ्यः**
उपानहः	,,	,,
,,	**उपानहोः**	**उपानहाम्**
उपानहि	,,	**उपानत्सु**

क्षेत्रगामिना આમાં **क्षेत्र** ના **र्** ની પછી **न्** આવ્યો છે. અને **र्** તથા **न्** ની વચ્ચે આવી શકે એવા **अ ग् आ म् इ** અક્ષરો આવ્યા છે તો પણ **न्** નો **ण्** થતો નથી કારણ કે **क्षेत्र** અને **गामिन्** એ બન્ને સંસ્કૃત સમાસનાં નિયમ પ્રમાણે જૂદાં પદ ગણાય છે. એટલે **र्** અને **न्** એકજ પદમાં નથી.

શબ્દ અથવા પદના અંત્ય **ङ्** **ण्** કે **न्** ની પૂર્વ હ્રસ્વ સ્વર હોય અને પછી કોઈ હ્રસ્વ કે દીર્ઘસ્વર હોય તો તે **ङ्** **ण्** કે **न्** બેવડા લખાય

છે. જેમકે **प्रत्यङ्+आत्मा=प्रत्यङ्ङात्मा, सुगण्+ईश=सुगण्णीशः, सन+अच्युत=सन्नच्युतः, वसन्+अम्बरात्=वसन्नम्बरात्, श्रीमन्+उपेन्द्र=श्रीमन्नुपेन्द्र,** પણ **ग्रामान्+आगच्छन्ति=ग्रामानागच्छन्ति** કારણકે **न्** ની પૂર્વે દીર્ઘસ્વર **आ** છે.

નામ અથવા ક્રિયાપદને છેડે આવેલા **ए, ओ, ऐ** કે **औ**ની પછી કોઈ સ્વર આવે અને તેથી **ए ओ** વગેરેના **अय्, अव्** વગેરે થયા હોય તો તે **अय्, अव्** વગેરેના **य् व्** વિકલ્પે કરીને ઉડી જાય છે. અને તેમ કરવાની સાથે આવેલા એ સ્વરોની સંધિ થતી નથી. જેમકે **विष्णे+आकाशः=विष्णयाकाशः** or **विष्ण आकाशः, लक्ष्म्यै+उद्यमः=लक्ष्म्यायुद्यमः** or **लक्ष्म्या उद्यमः, नरौ+आगच्छतः=नरावागच्छतः** or **नरा आगच्छतः** વાક્યો.

યોગીઓ ફળાહારી હોય છે. Ascetics are fruit-eaters.

ગુન્હેગારને માફ ન કર. Do not thou forgive the offender.

भर्ता अनुजीविने कुप्यति । શેઠ નોકરપર ગુસ્સે થાય છે. The master becomes angry with his servant.

દશરથના છોકરાનું નામ રામ છે. The son of Dasaratha is Rama by name.

બ્રહ્માથી પ્રજા ઉત્પન્ન થાય છે. People are born of the creator.

હે રાજા સુખી થા. King be thou happy.

કંચુકી રાજાઓના જનાનખાનામાં અધિકારવાળો પુરૂષ છે. The Kanchuki is a man authorised in the king's harem.

जनः भाविनः अनर्थान् ज्ञातुम् समर्थः न अस्ति । માણસ ભવિષ્યનાં દુઃખો જાણવા સમર્થ નથી. Man is not able to know future evils.

પત્થરોથી ઘોડાની ચાલ અટકાયલી છે. The motion of the horse is impeded by stones.

જગત્ કર્તાનાં ઐશ્વર્યોનું ફળ (—ના પ્રતાપ) સર્વત્ર જણાય છે. The effect of the great powers of the Creator of the world is seen everywhere.

મેં તીર્થે જવાને રસ્તે જતા જાત્રાળુને જોયો. I saw a pilgrim going by the way leading to a holy place.

લોકના કલ્યાણને માટે મહેનત કરતા રામથી જીવ ક્લેશમાં નંખાયો. The Soul was subjected to grief by Rama, striving for the good of the people.

તે પોતાના છોકરાઓનું કામોમાં કુશળપણું વખાણે છે. He praises the skill of his own sons in actions. [આ વાક્યના સંસ્કૃત વાક્યમાં વપરાયલા **आत्मन्** નો પ્રયોગ ગુજરાતી 'પોતે'ના જેવો થાય છે, એ શબ્દ હમેશ નરજાતિમાં અને એકવચનમાંજ વપરાય છે. જેમકે અમે **પોતાના** (our) પાઠ ભણીએ છીએ. **आत्मनः पाठान् पठामः** તેણી **પોતાના** (her) પાઠ ભણે છે. **आत्मनः पाठं पठति,** તે બે છોકરીઓ **પોતાના** (their) પાઠ ભણે છે. **कुमार्यौ आत्मनः पाठं पठतः**, તેઓ પોતાને(themselves)ધિક્કારે છે. **आत्मानमवधीरयन्ते,**

કૃષ્ણ વસુદેવના ઘરમાં રહેતાં આકાશમાંથી ઉતરતા નારદને જોતો હતો. Krishna living in the house of Vasudeva saw Narada descending from the sky.

श्री कृष्णस्य राज्ञः महिषी स्वप्ने सूर्यम् चन्द्रम् च आत्मनः उत्सङ्गगतौ अपश्यत्। શ્રીકૃષ્ણ રાજાની રાણી સ્વપ્નામાં સૂર્યને તથા ચંદ્રને પોતાના ખોળામાં બેઠેલા જોતી હતી. The crowned queen of king Shri Krishna saw, in her dream, the sun and the moon resting on her lap.

(her—**आत्मनः** ધ્યાનમાં રાખો.)

राजानः अपराधिनः पुरुषान् दण्डयन्तु। રાજાઓ અપરાધી પુરુષોને શિક્ષા કરે. Let kings punish guilty persons.

दुष्टानाम् हृदयम् अश्मना निर्मितम् इव परकीयस्य दुःखस्य श्रवणेन कदापि न द्रवति। દુષ્ટોનું હૈયું પત્થરથી ઘડ્યું હોય તેમ પારકાના દુઃખને સાંભળવાથી કદી પણ પીગળતું નથી. The heart of the wicked, as if made of stone, never melts at hearing the misery of another.

શુભ કર્મોનો આરંભ કલ્યાણને માટે છે. The beginning of good works leads to prosperity.

साधुः आत्मानम् जगता कुटुम्बिनम् मन्यते । સત્પુરૂષ પોતાને જગત વડે કુટુંબવાળો ગણે છે—આખી દુનિયાને પોતાનું કુટુંબ ગણે છે. A sage considers himself a family man by the world.

પ્રાણીઓના કલ્યાણને માટેજ સત્પુરૂષોનું જગતમાં જીવન છે. The life of sages in the world is only for the doing of good to animals.

प्रियवादिनाम् प्रियवादित्वम् शठैः दैन्यम् गण्यते । મિઠું બોલનારાઓનું મિઠું બોલવાપણું લુચ્ચાઓથી ગરીબડાપણું ગણાય છે. The kindness of speech of men speaking sweetly is regarded as a lack of spirit by rogues.

राज्ञा दशरथेन व्याली इव कैकेयी अज्ञानात् केवलम् आत्मनः विनाशाय एव आत्मनः सद्मनि निवेशिता । રાજા દશરથથી વાઘણ જેવી કૈકેયી અજ્ઞાનથી માત્ર પોતાના વિનાશને માટે પોતાના ઘરમાં રખાઈ હતી. Kaikeyi like a tigress was kept in his house by king Dasaratha only for his own destruction through ignorance.

भवतः अन्तरात्मा प्रसन्नः । આપનો જીવ રાજી થયો છે. Your heart is pleased.

वृक्षाणाम् छायाः दिनस्य पूर्वार्धे आरम्भे गुर्व्यः क्रमेण च क्षयिण्यः परार्धे तु पुरा लघवः पश्चात् च वृद्धिमत्यः । ઝાડોના છાંયડા દિવસના પહેલા ભાગમાં શરૂઆતમાં વધારે હોય છે, અને ધીમે ધીમે ઘટે છે, પાછલા ભાગમાં તો પહેલાં થોડા હોય છે અને પાછળથી વધારે હોય છે. In the first half of the day the shades of trees are large in the beginning and gradually lessening, while in the latter half, first they are short and lengthening afterwards.

हि हेम्नः विशुद्धिः वा श्यामिका अपि अग्नौ संलक्ष्यते કારણ કે સોનાનું ચોખ્ખાપણું અથવા નરસાપણું પણ દેવતામાં જણાય છે. Because the purity, or impurity even of gold is tested in fire.

દેવદત્ત બુદ્ધિમાન છે. **देवदत्तो मेधावी ।**

બાપ છોકરાને પ્રેમથી ભેટયો. **पिता पुत्रं प्रेम्णाकुस्यत् ।**

નળ વિશ્વકર્માનો છોકરો હતો. **नलो विश्वकर्मणस्तनयः ।**

પક્ષિઓ આકાશમાં ઉડે છે. **पक्षिणोऽम्बरे डयन्ते ।**

ચાકરો પોતાના શેઠને અનુસરે છે. **अनुजीविनः स्वामिनमनुसरन्ति ।**

પહાડોપર ઝાડો ઉગે છે. **शिखरिषु तरवो रोहन्ति ।**

હું છોકરાઓના નામો સંભારતો નથી. **कुमाराणां नामानि न स्मरामि।**

જોડા ચામડાના બને છે. **उपानहश्चर्मणा क्रियन्ते ।**

હરિનો વિનાશ તેના કર્મનું ફળ છે. **हरेर्नाशः कर्मणां परिणामः ।**

અપરાધીનું મન હંમેશા વહેમ ખાતું હોય છે. **अपराधिनश्चित्तं सर्वदा साशङ्कम् ।**

રાજા અને રાણીનો સંદેશો કંચુકીથી લઈ જવાયો. **राजानं राज्याः संदेशः कञ्चुकिनाहृतः ।**

મિઠું બોલું છું પણ સાચું બોલું છું. **प्रियवाद्यपि सत्यं वदामि ।**

આખી સૃષ્ટિ બ્રહ્માથી ઉત્પન્ન થઈ. **अखिला सृष्टिर्ब्रह्मणो जाता ।**

માણસો ઘણીવાર ભવિષ્યની વાતો જાણવાને આતુર હોય છે. **मनुष्या बहुशो भाविनोऽर्थाञ् ज्ञातुं सोत्कण्ठाः अर्थान्+ज्ञातुम्=अर्थाञ् ज्ञातुम् ।**

શિવ યોગીઓથી હૃદયને વિષે શોધાય છે. **शूली योगिभिर्हृदये मृग्यते।**

રાજાથી શત્રુઓના માથાપર પગ મૂકાયો. **राज्ञा शत्रूणां शीर्षेषु पादो निहितः ।**

વિદ્વાન પુરૂષ સદાચારની મર્યાદા ઓળંગતો નથી. **सुविनीतः पुरुषः सदाचारस्य सीम्नो न लङ्घयते ।**

દૂર દેશમાં પોતાના કુશળ છોકરાઓની ખબર સાંભળીને તે ખુશ થયો. **दूरे देशे कुशलिनां पुत्राणां वार्तां श्रुत्वामोदत ।**

પશુ થકી પણ બાળકોને માટે પ્રેમ કરાય છે. **पशुभिरपि वत्सेषु प्रेमाविष्क्रियते ।**

જંગલમાં ફળાહારિઓથી સહેલથી ગુજરાન થાય છે. **वने फलाशिभिः सुखेन जीविका लभ्यते ।**

તેણે પોતાને ઘેર પરોણાને દેવ તરીકે પૂજ્યા. **भर्मण्यतिथीन् देवानिवापूजयत् ।**

બુદ્ધિની મહત્તાથી માણસ પ્રખ્યાત થાય છે. **बुद्धेर्महिम्ना जनो यशस्वान् भवति । महिमन्** એ નામ **महत्** પરથી પડ્યું છે

પ્રજાનો વિશ્વાસ સારા રાજાપર વધે છે. **प्रजाया विश्वासः (शुभराजनि) सुराजनि वर्धते ।**

માણસોનું હલકાપણું તેમના પોતાના કૃત્યોથી બહાર પડે છે. **मनुष्याणां लघिमात्मनः कर्मभिराविष्क्रियते । लघिमन्** એ નામ **लघु**પરથી પડ્યું છે.

બ્રહ્માએ પ્રાણી, પત્થરો અને આકાશ સરજ્યાં. **ब्रह्मा प्राणिनोऽश्मनोऽम्बरं चासृजत् ।**

પાઠ ૨૭ મો.

જે નામને છેડે **वस्** હોય છે તેના રૂપ **विद्वस्** જેવાં થાય છે. પણ જેમાં અંત્ય **वस्**ની પહેલાં **इ** હોય છે તેમાં, જ્યાં **विद्वस्** નાં રૂપમાં **उस्** ને બદલે **उष्** થાય છે ત્યાં, **इवस्** ને બદલે **उष्** કરવો જેમકે **विद्वस्** નું **विदुषः** તેમ **सेदिवस्** નું **सेदुषः**

अध्यूषिवस् m. નાં રૂપો.

अध्यूषिवान्	**अध्यूषिवांसौ**	**अध्यूषिवांसः**
अध्यूषिवन्	"	"
अध्यूषिवांसम्	"	**अध्यूषुषः**
अध्यूषुषा	**अध्यूषिवद्भ्याम्**	**अध्यूषिवद्भिः**
अध्यूषुषे	"	**अध्यूषिवद्भ्यः**
अध्यूषुषः	"	"
"	**अध्यूषुषोः**	**अध्यूषुषाम्**
अध्यूषुषि	"	**अध्यूषिवत्सु**

विद्वस् નું નારીજાતિ અંગ **वस्** ને બદલે **उषी** કરવાથી **विदुषी** થાય છે. **अध्यूषिवस्**નું **इवस्**ને બદલે **उषी** કરવાથી **अध्यूषुषी** થાય છે.

अध्यूषुषी નાં રૂપ **दासी** પ્રમાણે.

अध्यूषिवस् n. નાં રૂપો.

अध्यूषिवत्-द्	अध्यूषुषी	अध्यूषिवांसि

આ રૂપો ૧લી ૨જી અને સંબોધનના રૂપો છે. બાકીનાં નરજાતિ જેવાં.

तस्थिवस् m. નાં રૂપો.

तस्थिवान्	तस्थिवांसौ	तस्थिवांसः
तस्थिवन्	,,	,,
तस्थिवांसम्	,,	तस्थुषः
तस्थुषा	तस्थिवद्भ्याम्	तस्थिवद्भिः
तस्थुषे	,,	तस्थिवद्भ्यः
तस्थुषः	,,	,,
,,	तस्थुषोः	तस्थुषाम्
तस्थुषि	,,	तस्थिवत्सु

तस्थिवस्નું નારીજાતિ અંગ **तस्थुषी** એનાં રૂપ **दासी** પ્રમાણે.

तस्थिवस् n. નાં રૂપ પ્રાઇમરમાં આપ્યાં છે.

सेदिवस् m. નાં રૂપો.

બીજી બ. વ. **सेदुषः** ત્રિ. દ્વિ. વ. **सेदिवद्भ्याम्.** સા૦ બ૦ વ૦ **सेदिवत्सु** બાકીનાં બધાં પણ **तस्थिवस्** પ્રમાણેજ.

जगन्वस् m. નાં રૂપો.

जगन्वान्	जगन्वांसौ	जगन्वांसः
जगन्वन्	,,	,,
जगन्वांसम्	,,	जग्मुषः
जग्मुषा	जगन्वद्भ्याम्	जगन्वद्भिः
जग्मुषे	,,	जगन्वद्भ्यः
जग्मुषः	,,	,,
,,	जग्मुषोः	जग्मुषाम्
जग्मुषि	,,	जगन्वत्सु

जग्मिवस् m. નાં રૂપો.

जग्मिवान्	**जग्मिवांसौ**	**जग्मिवांसः**
जग्मिवन्	,,	,,
जग्मिवांसम्	,,	**जग्मुषः**
जग्मुषा	**जग्मिवद्भ्याम्**	**जग्मिवद्भिः**
जग्मुषे	,,	**जग्मिवद्भ्यः**

સા० બ० વ० **जग्मिवत्सु.**

એ પ્રમાણે બીજાં રૂપ પણ **जगन्वस्** જેવાં કરી લેવાં **जगन्वस्** અને **जग्मिवस्** એ બે શબ્દો એકજ ધાતુમાંથી નીકળેલા છે, એમનું નારીજાતિ અંગ **जग्मुषी** એકજ છે, તેનાં રૂપ **दासी** જેવાં લેવાય છે.

जगन्वस् n. નાં રૂપો.

जगन्वत्–द्	**जग्मुषी**	**जगन्वांसि**

૧ લી, ૨ જી, અને સંબોધનનાં એ રૂપો છે. બાકીના નરજાતિ જેવાં.

जग्मिवस् n. નાં રૂપો.

जग्मिवत्–द्	**जग्मुषी**	**जग्मिवांसी**

૧ લી, ૨ જી, અને સંબોધનનાં રૂપો છે. બાકીનાં નરજાતિ જેવાં.

चकृवस् m. નાં રૂપો.

चकृवान्	**चकृवांसौ**	**चकृवांसः**
चकृवन्	,,	,,
चकृवांसम्	,,	**चकृषः**
चकृषा	**चकृवद्भ्याम्**	**चकृवद्भिः**
चकृषे	,,	**चकृवद्भ्यः**
चकृषः	,,	,,
,,	**चकृषोः**	**चकृषाम्**
चकृषि	,,	**चकृवत्सु**

चकृवस्+ई=चकृ+उष्+ई=चकृषी f. નાં રૂપો **दासी** જેવાં.

चकृवस् n. નાં રૂપો.

चकृवत्–द्	**चकृषी**	**चकृवांसि**

આ ૧ લી, ૨ જી અને સંબોધનનાં રૂપો છે. બાકીના નરજાતિ જેવાં.

જે વિશેષણોને છેડે **यस्** હોય તેમનાં રૂપ નરજાતિમાં **श्रेयस्** જેવાં.

નારીજાતિમાં ई લગાડીને **दासी** જેવાં અને નાન્યતરજાતિમાં **मनस्** જેવાં જે નામોને છેડે **वस्** કે **यस्** ન હોય પણ અંત્ય **अस्** હોય છે. જેવાં કે **दिवौकस्, दुर्वासस्, रजस्, वयस्** તેમનાં રૂપ નરજાતિમાં **चन्द्रमस्** જેવાં થાય છે અને નાન્યતરજાતિમાં **मनस्** જેવાં થાય છે. **कनीयस्, ज्यायस्, प्रेयस्, भूयस्, श्रेयस्**, વગેરે વગેરે શબ્દો Comparative degree નાં વિશેષણો છે. Comparative degree વાળાં વાક્યમાં જેનાથી ચઢતાપણું અથવા ઉતરતાપણું બતાવ્યું હોય છે. અર્થાત્ જે શબ્દના ઇંગ્રેજી શબ્દની પહેલાં than, to વગેરે મુકાય છે તે શબ્દની પાંચમી વિભક્તિ આવે છે, જેમકે:—

Krishna is younger *than Rama* **कृष्णः रामात् कनीयान् ।**

The father is dearer *than the Mother* **पिता मातुः प्रेयान् ॥**

Knowledge is superior to learning **ज्ञानं विद्यायाः श्रेयः ।**

The Narmada is longer than the Taptee. **नर्मदा ताप्त्याः द्राघीयसी ।**

दुर्वासस् m. the sage Durvasas નાં રૂપો.

दुर्वासाः	दुर्वाससौ	दुर्वाससः
हे दुर्वासः	,,	,,
दुर्वाससम्	,,	,,
दुर्वाससा	दुर्वासोभ्याम्	दुर्वासोभिः
दुर्वाससे	,,	दुर्वासोभ्यः
दुर्वाससः	,,	,,
,,	दुर्वाससोः	दुर्वाससाम्
दुर्वाससि	,,	दुर्वासःसु-दुर्वासस्सु

चक्षुस् નાં રૂપો.

चक्षुः	चक्षुषी	चक्षूंषि
,,	,,	,,
,,	,,	,,
चक्षुषा	चक्षुर्भ्याम्	चक्षुर्भिः

चक्षुषे	,,	चक्षुर्भ्यः
चक्षुषः	,,	,,
,,	चक्षुषोः	चक्षुषाम्
चक्षुषि	,,	चक्षुःषु–चक्षुष्षु

એજ પ્રમાણે **धनुस्** તથા **जनुस्** n. birth નાં રૂપો થાય છે.

हविस् નાં રૂપો.

हविः	हविषी	हवींषि
,,	,,	,,
,,	,,	,,
हविषा	हविर्भ्याम्	हविर्भिः
हविषे	,,	हविर्भ्यः
हविषः	,,	,,
,,	हविषोः	हविषाम्
हविषि	,,	हविःषु–हविष्षु

समीप n. proximity, vicinity.

વાક્યો.

ઋષિઓ વનવાસી હતા. Sages were forest-dwellers.

દેવોને સ્વર્ગના રહેનારા કહે છે. They call gods residents of heaven.

તું નાનાભાઈને બોલાવ. Call your younger brother.

કુશ લવનો મોટો ભાઈ થાય. Kusha is Lava's elder brother.

कृष्णः प्रेयसः जनान् स्मरति કૃષ્ણ અતિ પ્રિય જનોને સંભારે છે. Krishna remembers the people who are very dear to him.

ઉગતા ચંદ્રમાને જો. See the rising moon.

અંધારાથી આકાશ વ્યાપેલું છે. The sky is covered with darkness.

कन्यया वाससी परिहिते । છોકરીથી બે વસ્ત્રો પહેરાય છે. Two clothes are worn by the girl.

તે કલ્યાણને માટે યત્ન કરે છે. He strives for welfare.

તે શત્રુઓને માથામાં મારે છે. He beats the enemies on their heads.

તે મનવડે હરિ કને જાય છે He goes to Hari by his mind. એટલે તેનું મન હરિમય થાય છે. હરિમાં લીન થાય છે.

તેને તપોનું ફળ મળો. May he enjoy the fruit of his religious austerities.

દુર્વાસા પાંડવોના મુકામપર ગયા. Durvasas went to the residence of Pandavas.

अत्र भूयांसः धान्यस्य राशयः वर्तन्ते । અહીં ઘણા મોટા અનાજના ઢગલા છે. Here are very great heaps of corn.

રામે રાક્ષસોને હણીને કીર્તિ મેળવી. Rama having killed the Rakshasas obtained fame.

ગંગાના પાણી ધોળાં છે એમ સમજાય છે. It is heard that the waters of the Ganges are white.

વિદ્વાનોથી બોધાયેલા દશરથ યજ્ઞ કરતા હતા. Dasharatha advised by the learned men performed a sacrifice

ભીમથી છાતીમાં મરાયેલો કીચક મૂર્છા ખાતો હતો. Kichaka struck by Bhima on the breast, fainted.

अग्नौ बहूनि हवींषि प्रास्यति । તે દેવતામાં ઘણાં બલિદાન નાંખે છે. He throws many offerings in the fire.

પાસે પડેલું રાજાનું લશ્કર જોયું. I saw the king's army encamped in the proximity of the town.

સૂર્યના તાપથી તપેલો મુસાફર છાંયે જાય છે. The traveller, oppressed by the heat of the Sun, resorts to the shade.

દ્વારકામાં રહેનાર લોકને સંપત્તિ મનનો પણ અવિષય હતી.(એટલે તે સંપત્તિને મન પણ પહોંચી શકતું નહોતું મન ધારે તે કરતાં પણ વધારે-કળાય નહીં એટલી હતી) The riches of the people that dwelt at Dwarka were not even the object of thought.

વસિષ્ઠનાં વચનો સાંભળીને વિશ્વામિત્રની સાથે રામનું જવાનું દશરથ કબુલ રાખતા હતા. Having heard the words of Vasishtha, Dasharatha consented to Rama's departure with Vishvamitra.

विश्वामित्रः विश्वं मित्रं यस्य અથવા **विश्वस्य मित्रम् गुणिषु गुणाः पूजास्थानम् च लिङ्गम् न च वयः न ।** ગુણવંત પુરૂષોમાં ગુણો માનનાં કારણ છે, જાતિ અને વય પણ નહીં In the meritorious, merits are the object of reverence (but) neither sex nor age.

ગાર્ગીએ સભામાં પ્રવેશ કીધો છે. ત્યારે માત્ર યાજ્ઞવલ્ક્યનેજ પુરૂષ તરીકે સ્વીકાર્યા છે. અન્ય અનેક મનુષ્યો કરતાં ગાર્ગી સ્ત્રી અધિક માન પામી છે. તેમજ શુકદેવ ૧૬ વર્ષની ઉમ્મરે ઋષિઓની સભામાં પધાર્યા ત્યારે બધા વૃદ્ધ ઋષિઓ ઉઠીને ઉભા થયા હતા. અર્થાત્ ગુણવંત મનુષ્યોમાં લિંગ એટલે જાતિ તેથી પુરૂષ હોય તોજ માન પામે અને સ્ત્રી હોય તો ન પામે એમ નથી. તેમજ વય એટલે મોટી વયનોજ માન પામે અને નાની વયનો હોય તો ન પામે એમ નથી.

कैकेय्याः दारुणम् वचः श्रुत्वा महाराजः दशरथः सहसा भूमौ अपतत् च निश्चेष्टः अभवत् । કૈકેયીનું ભયંકર વચન સાંભળીને મહારાજ દશરથ એકદમ ભૂમિપર પડ્યા અને જડ જેવા થઈ ગયા. Having heard the dreadful speech of Kaikeyi, King Dasharatha fell on the ground at once and became motionless.

હરિએ વાણીવડે માને શાંત કરી. **हरिर्वचसा मातरमसान्त्वयत् ।**

નારાયણનો નાનો ભાઈ કાશીમાં છે. **नारायणस्य कनीयान् भ्राता काश्यां वर्तते ।**

પાણિનિ વેદોને છંદસ્ કહે છે. **पाणिनिर्वेदांश्छन्दांसि वदति ।**

પાણિનિઋષિએ અષ્ટાધ્યાયી નામનું વ્યાકરણશાસ્ત્ર રચ્યું છે. એમણે સદાશિવ કનેથી વ્યાકરણનું જ્ઞાન મેળવ્યું છે.

પવન ફુલોમાંથી પરાગ આણે છે. **मरुत् पुष्पेभ्यो रज आनयति ।**

રાણીનો યશ પૃથ્વીમાં પસરો. **राज्ञ्या यशः पृथ्व्यां प्रसरतु ।**

પ્રિયવંદા દુર્વાસા કને ગઈ અને માફી માગતી હવી **प्रियवंदा दुर्वाससमगच्छत् क्षमाम् चायाचत ।**

હરિએ ઘોડા હાંકતા સારથીને આંખોથી જોયો. **हरिरश्वान् नुदन्तं सव्येष्टारं चक्षुर्भ्यामपश्यत् ।**

રામ નાના ભાઈઓથી સેવાયો. **रामः कनीयोभिर्भ्रातृभिरसेव्यत ।**

વનવાસી ઋષિઓનાં આશ્રમો ઝાડોનાં પાંદડાંના તથા ડાળાનાં બનાવાયા હતા. **वनौकसामृषीणामाश्रमास्तरूणां पर्णैः शाखाभिश्च निरमीयन्त ।**

ભગીરથે વેધસને તપથી પ્રસન્ન કીધા. **भगीरथो वेधसं तपोभिरप्रीणयत् ।**

તળાવોના પાણીમાં કમળો છે. **सरसां पयस्सु कमलानि सन्ति ।**

રાજા વિદ્વાન માણસોને પૂજે છે. **राजा विदुषः पूजयति ।**

જેમ માણસ જુનાં કપડાં છોડીને નવા ધારણ કરે છે તેમ. જીવ જુનાં શરીરોને તજીને નવામાં પેસે છે. **यथा नरो जीर्णानि वासांसि त्यक्त्वा नवानि धारयति तथात्मा जीर्णानि शरीराणि त्यक्त्वा नवानि प्रविशति (वासांसि जीर्णानि यथा विहाय नवानि गृह्णाति नरोऽपराणि । तथा शरीराणि विहाय जीर्णान्यन्यानि संयाति नवानि देही ।)**

આનુંજ ભાષાન્તર પ્રાઇમરમાં અંગ્રેજીમાં અપાયું છે.

રઘુએ કામઠાં તથા તીરવડે પૃથ્વી જિતી. **रघुर्धनुर्भिरिषुभिश्च महीमजयत् ।**

અગ્નિમાં નાખેલાં બળીદાન અગ્નિથી દેવો કને લઈ જવાય છે. **अग्नौ अस्तानि हवींषि अग्निना दिवौकसः नीयन्ते।**
अग्नावस्तानि हवींष्यग्निना दिवौकसो नीयन्ते।

અયોધ્યામાં વસનાર લોકો સુખી હતા. **अयोध्यामध्यूषिवांसो जनाः कुशलिन आसन्।**

('અયોધ્યા'ની સાતમી ન વાપરતાં બીજી વાપરી છે.)

वस् ની સાથે **अधि** ઉપસર્ગ વાપરવાથી **अध्यूषिवस्** શબ્દ થયો છે. અને **वस्** ની સાથે **उप, अनु अधि,** કે **आ** ઉપસર્ગ વપરાય છે. ત્યારે જ્યાં વસવાનું હોય તે જગાના નામની બીજી વિભક્તિ આવે છે. **उप+अनु+अधि+आङ्+अस्:--उपान्वध्याङ्वसः** આ સૂત્ર છે તે યાદ રાખવું. અંધારૂં અજવાળા પાછળ આવે છે. **तमस्तेजोऽनुसरतितेजश्च तमोऽनुसरति।**

જાળને કાંટાપર મુકીને પક્ષિઓ આકાશમાં ઉડયાં **जालं कण्टकेषु मुक्त्वा पक्षिणो नभस्युदडयन्त।**

ગરીબોનું ધન લઈ લેવામાં બહુ મોટું પાપ છે. **दरिद्राणां धनस्य हरणे भूयः पापम्।**

गमन, चलन, द्रवण, धावन, मनन, स्मरण, हरण, આ શબ્દો ધાતુઓપર પ્રત્યય **अन** લગાડવાથી થયા છે એ નાન્યતર જાતિના છે.

યોદ્ધાઓ કીર્તિને માટે મોતને પણ ગણતા નથી. **योधा यशसे मृत्युमपि न गणयन्ति।**

નાનો ભાઈ મોટા ભાઈની પાછળ ગયો. **कनीयान् भ्राता ज्यायांसं भ्रातरमन्वगच्छत्।**

તેણે દેવતાઓ કનેથી ઘણાં વરદાન મેળવ્યાં. **दिवौकोभ्यो बहून् वरानलभत।**

પુણ્યવંતોને જીંદગી કરતાં સત્ય વહાલું છે. **पुण्यवतां प्राणेभ्यः सत्यं प्रेयः।** than life **प्राणेभ्यः** than કરતાં-the fifth case.

ઈશ્વર ભક્તોથી નિશ્ચલ મનથી શોધાય છે. **ईश्वरो भक्तैरविचलितैश्चित्तैर्मृग्यते।**

વિદ્વાન બધે પુજાય છે. **विद्वान् सर्वत्र पूज्यते।**

પાઠ ૨૮ મો.

भोस् શબ્દની પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે તો **भोस्**નો **स्** ઉડી જાય છે. જેમકે **भोस्+आचार्य=भो आचार्य, भोस्+महात्मन्=भो महात्मन्.**

potential mood=**विधिलिङ्**=વિધ્યર્થ.

પ્રાઇમરમાં **वसेयम्, वसेव**......વગેરે પરસ્મૈદના તથા **युध्येय, युध्येवहि**......વગેરે આત્મપદનાં potential રૂપો આપેલાં છે તે તૈયાર કરો.

वसेयम्, वसेव......પ્રમાણે પહેલા ગણના પરસ્મૈદી ધાતુનાં રૂપ લેવાં.
पुष्येयन्, पुष्येव......પ્રમાણે ચોથા ગણના પરસ્મૈપદી ધાતુનાં રૂપ લેવાં.
विशेयम्, विशेव......પ્રમાણે છઠ્ઠા ગણના પરસ્મૈપદી ધાતુનાં રૂપ લેવાં.
चोरयेयम्, चोरयेव...પ્રમાણે દશમા ગણના પરસ્મૈપદી ધાતુનાં રૂપ લેવાં.
ईक्षेय, ईक्षेवहि, ईक्षेमहि......પ્રમાણે પહેલા ગણના આત્મનેપદી ધાતુનાં રૂપ લેવાં.
युध्येय, युध्येवहि...પ્રમાણે ચોથા ગણના આત્મનેપદી ધાતુનાં રૂપ લેવાં.
विन्देय, विन्देवहि...પ્રમાણે છઠ્ઠા ગણના આત્મનેપદી ધાતુનાં રૂપ લેવાં.
अवधीरयेय, अवधीरयेवहि......પ્રમાણે દશમા ગણના આત્મનેપદી ધાતુનાં રૂપ લેવાં.

passive forms of **पा** to drink.

Present.

पीये	**पीयावहे**	**पीयामहे**
पीयसे	**पीयेथे**	**पीयध्वे**
पीयते	**पीयेते**	**पीयन्ते**

Imperfect.

अपीये	**अपीयावहि**	**अपीयामहि**
अपीयथाः	**अपीयेथाम्**	**अपीयध्वम्**
अपीयत	**अपीयेताम्**	**अपीयन्त**

Imperative.

पीयै	पीयावहै	पीयामहै
पीयस्व	पीयेथाम्	पीयध्वम्
पीयताम्	पीयेताम्	पीयन्ताम्

Potential.

पीयेय	पीयेवहि	पीयेमहि
पीयेथाः	पीयेयाथाम्	पीयेध्वम्
पीयेत	पीयेयाताम्	पीयेरन्

passive 3rd, pers. sing. forms of खन्, गै, जि, दो; ध्यै, ध्वस्, यज्, वप्, वस्, वह्, सृ, स्था, स्मृ, ह्वे, अस्, to be जन्, प्रच्छ्, चुर्, तड्, नि–सूद्.

Present. 3rd pers. sing.	Imperfect. 3rd pers. sing.	Impera. 3rd pers. sing.	Potential. 3rd pers sing.
खन्यते	अखन्यत	खन्यताम्	खन्येत
खायते	अखायत	खायताम्	खायेत
गीयते	अगीयत	गीयताम्	गीयेत
जीयते	अजीयत	जीयताम्	जीयेत
दीयते	अदीयत	दीयताम्	दीयेत
ध्यायते	अध्यायत	ध्यायताम्	ध्यायेत
ध्वस्यते	अध्वस्यत	ध्वस्यताम्	ध्वस्येत
इज्यते	ऐज्यत	इज्यताम्	इज्येत
उप्यते	औप्यत	उप्यताम्	उप्येत
उष्यते	औष्यत	उष्यताम्	उष्येत
उह्यते	औह्यत	उह्यताम्	उह्येत
स्त्रियते	अस्त्रियत	स्त्रियताम्	स्त्रियेत
स्थीयते	अस्थीयत	स्थीयताम्	स्थीयेत
स्मर्यते	अस्मर्यत	स्मर्यताम्	स्मर्येत
हूयते	अहूयत	हूयताम्	हूयेत

अस् to be નાં રૂપ.

भूयते	अभूयत	भूयताम्	भूयेत
जन्यते	अजन्यत	जन्यताम्	जन्येत
जायते	अजायत	जायताम्	जायेत
पृच्छ्यते	अपृच्छ्यत	पृच्छ्यताम्	पृच्छ्येत
चोर्यते	अचोर्यत	चोर्यताम्	चोर्येत
ताड्यते	अताड्यत	ताड्यताम्	ताड्येत
निषूद्यते	न्यषूद्यत	निषूद्यताम्	निषूद्येत

Potential mood નીચેના અર્થોમાં વપરાય છે.

(1) Probability સંભવ, બની શકે એવું, હોવાપણું.

(2) Capability શક્તિ, સામર્થ્ય.

જેમકે **जनः समुद्रं तरेत् किंतु सज्जनतां नानयेत्** માણસથી સમુદ્ર તરાય નહિં એવું છે તોપણ કોઇ તરે એમ સંભવે છે પણ દુર્જનમાં સજ્જનતા આણિ શકે નહીં. **तरेत्** એ સંભવ બતાવે છે. અને **आनयेत्** એ 'શક્તિ' બતાવે છે **ग्रन्थं रचयेत्** He can compose a book ગ્રંથ રચવા સમર્થ છે. આ વાક્યમાંનું **रचयेत्** પણ શક્તિ બતાવે છે.

(3) Cammand શાસ્ત્ર અથવા સત્પુરૂષની આજ્ઞા.

सत्यं वदेत् one should speak the truth.

जनो न परकीयं द्रव्यं चोरयेत् માણસે પારકો પૈસો ચોરવો નહીં.

(4) Prayer પ્રાર્થના **मोदकं लभेय** મને લાડુ મળે I pray I get sweetmeat.

(5) Wish or hope ઇચ્છા અથવા આશા I wish I may live long **चिरं जीवेयम्** બહુ જીવું એવી ઇચ્છા અથવા આશા છે મુખ્ય વાક્યોની પેઠે પેટા વાક્યો (dependent clauses)માં પણ અથવા અર્થોમાં Potential વપરાય છે. તેમજ જો આમ થાય, તો આમ થાય. જો આમ હોત તો આમ થાત આવાં conditional sentences માં પણ Pot. વપરાય છે જેમકે **यदि हरिः विमार्गात् निवर्तेत शोभनं भवेत.** જો હરિ આડે રસ્તેથી પાછો ફરે તો સારૂં થાય.

વાક્યો.

विपदा अभिभूतः अपि धर्मम् त्यजेयम् न। દુઃખથી અકળાયલો હોઉં તો પણ મારે ધર્મ તજવો જોઇએ નહીં. Though overpowered by misery I should not abandon my duty.

इच्छामि भवान् सोमम् पिबेत्। હું ઇચ્છું છું કે આપ સોમરસ પિઓ. I wish your honour may drink soma juice.

કેમ ? અરે ! નૃત્ય શિખું કે ગાયન ? What ? oh ? may I learn dancing or singing ?

તારે ઘણી મહેનતથી સત્ય જાણવું જોઇએ. Thou shouldst know the truth with much effort છોકરાએ સત્કર્મોથી માબાપને પ્રસન્ન કરવા જોઇએ. Sons should please their parents by their good actions. આપણે બંને ઇશ્વિરની પુજાથી શાંતિ મેળવીએ. We two may get peace by the worship of God. તમારે દોરડીને સાપ ગણવો નહીં. You should not regard a rope as serpent.

नरि दुर्दशाम् गते क्षुद्रः अपि अहितम् आचरेत्। માણુસ નબળી અવસ્થામાં આવે છે ત્યારે હલકો માણુસ પણ તેનું ભુંડું કરે છે. When a man is in misfortune even a mean fellow does him injury.

વધતા રોગને અને જય મેળવતા શત્રુને જોયા ન કરવો. One should not neglect a growing disease and a conquering enemy.

પંડિતોની સભામાં મૂર્ખાએ મૌન સેવવું–ચુપકી પકડવી. The illiterate should resort to silence in the assembly of the learned.

તારે ફુલોથી સુગંધવાળી હવેલીમાં મુસાફરીનો થાક ઉતારવો. Thou shouldst remove the fatigue of thy journey in a mansion fragrant with flowers.

પ્રજાની પ્રસન્નતા માટે રાજાઓએ મહેનત કરવી. **Kings should strive to please their subjects.**

સારા રાજાનો પ્રજાએ દ્રોહ ન કરવો. **Subjects should not bear malice towards their good king.**

જો હરિ ખોટે રસ્તેથી પાછો ફરે તો સારૂં થાય. **It would be good if Hari turns from the bad path.**

ધર્મમાં ચુસ્ત ડાહ્યા પુરૂષો હરિને જોશે. **Wise men devoted to religion will see Hari.**

છોકરાઓ તમારે બંનેએ માતુશ્રીની આજ્ઞા પાળવી. Two children, you should obey the command of your mother.

તારે હિંમત રાખીને શત્રુઓની સાથે લડવું. Thou shouldst fight with thy enemies having resorted to(with)courage.

નારાયણના આળસથી દળદર આવશે. Poverty will result from the idleness of Narayana.

गुरुः शिष्यस्य अविनयम् न सहेत । શિક્ષકે શિષ્યની અસભ્યતાને સહન કરવી નહીં. The tutor should not endure his pupil's immodesty.

આપત્તિમાં ડાહ્યા માણસે મૂઢ બની જવું નહીં અથવા ધર્મ તજવો નહીં. A wise man should neither be silly nor abandon his duty in adversity.

इच्छामि पुनर् अपि... ... ...

इति सीता रामम् अवदत् । હું ચાહું છું કે આપણે બંને ફરીથી પવિત્ર ગંગામાં સ્નાન કરીએ એમ સીતાએ રામને કહ્યું. "I wish that we two should bathe again in the holy Ganges"–so said Sita to Rama.

[**विमुखः भवेत्** ફેરવેલા મ્હોવાળો થાય=મ્હોં ફેરવે.] આશ્રયને માટે મિત્ર આવે ત્યારે પહેલાનાં સારાં કામ સંભારીને હલકો માણસ પણ મ્હોં ફેરવે નહીં. When a friend seeks refuge, even

a mean fellow would not turn away his face from him remembering his previous good actions.

तृषिताय जलम् यच्छेत् दीनस्य च आपदम् हरेत् । તરસ્યાને પાણી આપવું અને ગરીબનું દુઃખ મટાડવું. One should give water to the thirsty and remove the distress of the poor.

निच्चैराख्यम् गिरिम् तत्र विश्रामहेतोः अधिवसेः । નીચૈસ્ નામના પર્વતપર તારે ત્યાં વિસામો લેવા બેસવું. Thou shouldst sit upon the mountain named *Nichais* to rest there.

सूर्ये तपति लोकस्य दृष्टेः आवरणाय तमिस्रा कथम् कल्पेत । જ્યારે સૂર્ય તપતો હોય ત્યારે લોકોની દ્રષ્ટિને રોકવાને રાત્રિ કેવી રીતે સમર્થ થાય ? How should night be able to obstruct the sight of people when the sun is shining.

જ્યારે તમે બે ઘેર પાછા જાઓ ત્યારે તમારે હાથ પગ ધોવા. **यदा गृहं निवर्तेथे तदा हस्तौ पादौ च** (or **हस्तपादं**) **क्षालयेतम् ।**

માણસોએ મિત્રોને ભૂલી જવા નહીં. **जना मित्राणि न विस्मरेयुः ।**

જો તું ઝેર ચાખે તો મરી જાય. **यदि विषं स्वादेथा म्रियेथाः ।**

બે ચોપડીઓ બે હાથમાં લઈ જવાય. **पुस्तके हस्तयोर्नीयेयाताम् ।**

તમારે બે એ તમારા ગુરૂઓથી ન્યાય શિખવા. **गुरोर्न्यायं शिक्षेयाथाम् ।**

અહીં ઝાડની છાયામાં આપણે બેશીએ. **अत्र तरोश्छायायां निषीदेम ।**

રાજાઓએ પ્રજાને નુકશાનમાંથી બચાવવી. **राजानः प्रजा अपायाद्रक्षेयुः ।**

આપણે ઈશ્વરને પવિત્ર અંતઃકરણથી પૂજવા. **ईश्वरं पूतेन हृदयेन यजेम ।**

તારે ગરીબ માણસોને ધન આપવું જોઇએ. **दरिद्रेभ्यो द्रव्यं यच्छेः ।**

તમારા ધર્મમાં તમારે ન ચુકવું. **स्वकृत्येभ्यो न प्रमाद्येत ।**

કારણ વગર માણસોએ અકળાવું નહીં. **कारणं विना जना न क्षुभ्येयुः ।**

કોઈ માણસે બીજાનું ધન તકાસવું નહીં. **जनः परकीयं धनं न लुभ्येत् ।**

બે લુચ્ચાઓ મરાય એવો રાજાએ હુકમ કીધો. **शठौ ताडयेयातामिति राजादिशत् ।**

જો આપણે આપણા દેશના રક્ષણમાં મરીએ તો કીર્તિ મેળવીએ.
यदि देशस्य रक्षणे म्रियेमहि यशो लभेमहि ।

સાક્ષિઓએ ઇનસાફની કચેરીઓમાં હંમેશાં સાચું બોલવું. **साक्षिणो न्याय सभासु नित्यं सत्यं भाषेरन् । न्यायसभासु=न्यायस्य सभासु ।**

જો હું કાશી જાઉં તો બહુ સંસ્કૃત ચોપડીઓ આણું. **यदि काशीं गच्छेयं बहूनि संस्कृतपुस्तकान्यानयेयम् ।**

જો તમે જુઠું બોલો, તો શેઠથી મરાઓ. **यद्यसत्यं भाषेध्वं भर्तृभिस्ताडयेध्वम । असत्यम्=न सत्यम् ।**

રાજા સિપાઇઓને શહેરની બહાર લઈ ગયો, જેથી કરીને તે પોતાના શત્રુ સાથે લડે. **नृपः सैनिकान् नगराद्बहिरनयद्यथा शत्रुण । युध्येत ।** અથવા **शत्रुणा युध्येतेति नृपः सैनिकान् नगराद्बहिरनयत् ।**

જો હું પાપ કરતો જણાઉં તો શેઠોથી દંડાઉં. **यदि पापं कुर्वन् दृश्येय भर्तृभिर्दण्डयेय ।**

જો ગરીબ બ્રાહ્મણો શહેરમાં માગે તો કંઈ ધન તેઓ મેળવે ખરા ? **यदि दरिद्रा ब्राह्मणा नगरे याचेरन् किंचिद् धनं लभेरन् किम् ।**

મારા માબાપ રાજી થાય એટલા માટે મેં મારી બેનોને બહુ ધન આપ્યું. **पितरौ तुष्येतामिति स्वसृभ्यो बहु धनमयच्छम् । माता च पिता च=पितरौ,**

પતિ પત્નિએ દરરોજ ઘરમાં અગ્નિને પૂજવો જોઇએ. **जायापती प्रतिदिनं गृहेऽग्निं पूजयेताम् । जाया च पतिः च=जायापती.**

માણસે ફરજ બજાવવામાં શ્રમને ગણવો નહીં. **जनो धर्मस्यानुष्ठानयायासं न गणयेत् । अनुष्ठाने+आयासम.**

નિશાળીઆઓએ ગુરૂને નમવું. **शिष्या गुरुं वन्देरन् ।**

વિઘ્નોથી નડાઓ તો પણ તમારે આરંભેલું કામ તજવું નહીં. **विघ्नैः प्रतिहता अप्यारब्धं कार्यं न त्यजेत ।**

પાઠ ૨૯ મો.

सर्व=બધું, સઘળું. **तद्**=તે પેલો. **यद्**=જે. **किम्**=કોણ, શું, કયું, **अस्मद्**, હું, અમે **युष्मद्** તું, તમે, **इदम्**=આ **अदस्**=આ પેલું

સર્વનામનાં ઘણું ખરૂં સંબોધનમાં રૂપ લેવાતા નથી.

तद् m નાં રૂપો.

सः	तौ	ते
तम्	,,	तान्
तेन	ताभ्याम्	तैः
तस्मै	,,	तेभ्यः
तस्मात्	,,	,,
तस्य	तयोः	तेषाम्
तस्मिन्	,,	तेषु

तद् f. નાં રૂપો.

सा	ते	ताः
ताम्	,,	,,
तया	ताभ्याम्	ताभिः
तस्यै	,,	ताभ्यः
तस्याः	,,	,,
,,	तयोः	तासाम्
तस्याम्	,,	तासु

तद् n.

तद्	ते	तानि

આ રૂપો ૧લી અને ૨જીનાં છે. બાકીનાં નરજાતિ જેવાં.

यद् નાં રૂપ માટે **य** નાં નરજાતિમાં **सर्व** ની પેઠે અને **या** નાં નારીજાતિમાં **सर्वा** ની પેઠે લેવાં. **किम्** નાં રૂપ માટે એજ પ્રમાણે **क** અને **का** નાં લેવાં.

નાન્યતરજાતિમાં **यद्** અને **किम्** નાં રૂપ પ્રાઇમરમાં આપ્યાં છે.

एतद् m. નાં રૂપો.

एषः	एतौ	एते
एतम्–एनम्	एतौ–एनौ	एतान्–एनान्
एतेन–एनेन	एताभ्याम्	एतैः
एतस्मै	,,	एतेभ्यः
एतस्मात्	,,	,,

एतस्य	**एतयोः–एनयोः**	**एतेषाम्**
एतस्मिन्	,,	**एतेषु**

एतद् *f.* નાં રૂપો.

एषा	**एते**	**एताः**
एताम्–एनाम्	**एते–एने**	**एताः–एनाः**
एतया–एनया	**एताभ्याम्**	**एताभिः**
एतस्यै	,,	**एताभ्यः**
एतस्याः	,,	,,
,,	**एतयोः–एनयोः**	**एतासाम्**
एतस्याम्	,,	**एतासु**

एतद् *n* નાં રૂપો.

एतद्	**एते**	**एतानि**
एतद्–एनद्	**एते–एने**	**एतानि–एनानि**

બાકીનાં નરજાતિનાં જેવાં.

વાક્યમાં **सः** અને **एषः** ની પછી વ્યંજન આવે તો એમનો વિસર્ગ ઉડી જાય છે.

तद्, यद्, અને **किम्** એકલાં સર્વનામ તરીકે વપરાય છે અથવા વિશેષણની પેઠે પણ વપરાય છે. એટલે એમનાં રૂપની પછી વિશેષ્ય નામ આવે છે. જેમકે **य आगच्छत्**–જે આવ્યો **यः** અને **पुरुषः** જે માણસ **यस्मात् पतति** જેમાંથી પડે છે અને **यस्मात् कूपात्** જે કુવામાંથી **स गच्छति** તે જાય છે અને **स पुरुषो गच्छति** તે માણસ જાય છે **सा गता**–તે ગઈ, અને **सा नगरी रम्या**–તે શહેર સુંદર છે, **क आगतः** કોણ આવ્યો ? અને **कः पुरुषः आगतः** કયો માણસ આવ્યો ? **कस्याः श्रुतम्**–કોની તરફથી સાંભળ્યું ? અને **कस्याः कुमार्याः श्रुतम्**–કઈ છોકરી તરફથી સાંભળ્યું ?

નીચે આપેલાં **किंचित्** નાં રૂપો **किम्** નાં બધાં રૂપમાં **चित्** ઉમેરવાથી થાય છે.

किञ्चित् *m.*

कश्चित्	**कौचित्**	**केचित्**
कंचित्	,,	**कांश्चित्**

केनचित्	**काभ्यांचित्**	**कैश्चित्**
कस्मैचित्	"	**केभ्यश्चित्**
कस्माच्चित्	"	"
कस्यचित्	**कयोश्चित्**	**केषांचित्**
कस्मिंश्चित्	"	**केषुचित्**
	किंचित् f.	
काचित्	**केचित्**	**काश्चित्**
कांचित्	"	"
कयाचित्	**काभ्यांचित्**	**काभिश्चित्**
कस्यैचित्	"	**काभ्यश्चित्**
कस्याश्चित्	"	"
"	**कयोश्चित्**	**कासांचित्**
कस्यांचित्	"	**कासुचित्**
	किंचित् n.	
किंचित	**केचित्**	**कानिचित्**

આ ૧ લી અને બીજીનાં રૂપો છે. બાકીનાં નરજાતિ જેવાં.

किम् નાં રૂપોમાં **चन** અને **अपि** પણ આ પ્રમાણે ઉમેરાય છે. અને તે રૂપોના અર્થ પણ **किंचित्** ના જેવાજ થાય છે. **किंचित्** any **केचित् जनाः** some men **केषांचित् देवानाम्** of some gods. **कस्यैचित् नार्यै** for some woman. **केचन पुरुषाः** some men **काभिरपि नारीभिः** by some woman **केभ्यश्चन बालेभ्यः** for some children **केषामपि ग्रामाणाम्** of some villages.

एक one એ સર્વનામ છે. એનાં રૂપ **सर्व** જેવાં લેવાય છે. દ્વિવચનમાં ઘણું ખરૂં એ વપરાતું નથી, બહુવચનમાં એનો અર્થ some કેટલાક થાય છે. જેમકે **एके मन्यन्ते** some believe.

अन्य other બીજું આ શબ્દ સર્વનામ છે, એનાં રૂપ **सर्व**ની પેઠે લેવાય છે. માત્ર નાન્યતરજાતિમાં પહેલી તથા બીજીના એકવચનમાં એનું **अन्यम्** રૂપ ન થતાં **अन्यत्** થાય છે

उभ both આનાં રૂપ દ્વિવચનમાંજ લેવાય છે. નરજાતિ **उभौ, उभौ, उभाभ्याम्**......વગેરે, તથા નારીજાતિ **उभे, उभे, उभाभ्याम्**

......વગેરે **सर्व** all નાં દ્વિવચન જેવાં **इयत्** એટલું this much, **एतावत्** તેટલું that much, **कियत्** કેટલું how much **यावत्** જેટલું that much અને **तावत्** તેટલું as much આ સર્વનામોનાં રૂપ ત્રણે જાતિમાં **भगवत्** જેવાં થાય છે.

तद् નાં રૂપ બે વાર વપરાય ત્યારે તેનો અર્થ various થાય છે. **तेषु तेषु शास्त्रेषु**=in the various shastras **तानि तानि मित्राणि** various friends **तेभ्यः तेभ्यः पुरुषेभ्यः** for various men.

यद् ની સાથે **किम्** નાં રૂપ આવે અને **किम्** નાં રૂપમાં **चित्**, **चन** કે **अपि** ઉમેર્યું હોય અથવા ન ઉમેર્યું હોય તો તેનો અર્થ 'ગમે તે' થાય છે.

यः कः चित् 'ગમે તે' **येन केन चित्** ગમે તેણે **यस्मात् कस्मात् चित् पुरुषात्** ગમે તે પુરૂષ તરફથી **यत्र कुत्र निषीदति** ગમે ત્યાં બેસે છે. sits anywhere.

यः कोपि भवामि अहम् whoever I may be હું ગમે તે હોઉં.

महत् *m.* નાં રૂપો.

महान्	महान्तौ	महान्तः
महन्	,,	,,
महान्तम्	,,	महतः
महता	महद्भ्याम्	महद्भिः
महते	,,	महद्भ्यः
महतः	,,	,,
,,	महतोः	महताम्
महति	,,	महत्सु

महती *f.* નાં **दासी** જેવાં રૂપો.

महत् *n.*

महत्	महती	महान्ति

दिश *f.* (દિશા) નાં રૂપો.

दिक्-ग्	दिशौ	दिशः
,,	,,	,,
दिशम्	,,	,,

दिशा	दिग्भ्याम्	दिग्भिः
दिशे	,,	दिग्भ्यः
दिशः		,,
,,	दिशोः	दिशाम्
दिशि	,,	दिक्षु

કોણ અહીં આવેલો છે ? Who has come here ?

કોનાં આ પુસ્તકો છે ? Whose are these books ?

કોના (કઈ સ્ત્રીના) છોકરા આ છે. Whose sons are these ?

મેં જે પુરૂષને ગઈ કાલે જોયો છે તેનેજ હું બોલાવું છું. I call the very man whom I saw yesterday.

તે છોકરી કંઈ બોલી નહીં. That female child spoke nothing.

મેં તે બ્રાહ્મણોને દક્ષિણા આપી. I gave dakshina to those Brahmins.

કયા શહેરમાંથી જાસુસ આવેલો છે ? From which town has the messenger come ?

એમને જે જે ઈષ્ટ (ગમતું) હોય તે તે કરાઓ. Let whatever is desired by these be done.

જે કથાઓ પુરાણોમાં સંભળાય છે તેજ આ માણસો ભજવે છે. These men dramatically represent the same stories that are heard in the Puranas.

તેજ આ દેશ છે જેમાં હું પ્રિયા સાથે ઘણો વખત રહ્યો. This is the same country where I lived long with my beloved.

येन एतद् अखिलम् जगत् निरमीयत तस्मै ईश्वराय नमः જેનાથી આ આખું જગત પેદા થયું તે ઈશ્વરને પ્રણામ. Bow to that God by whom this whole universe was created.

તે તે શાસ્ત્રોમાં કુશળ પંડિતોની સાથે રાજા બોલ્યો. The king spoke with learned men well-versed in those respective sciences (or in the various sciences)

ક્યા બે જણના તે કપડા છે ? Whose are these two clothes ?

यया वसिष्ठः आत्मानम् पूतम् मन्यते ताम् अरुन्धतीम् वन्दस्व । Bow to that Arundhati by whom Vasishtha thinks himself purified.

राजपुत्रः सर्वासु कलासु प्रावीण्यम् उपगतः । રાજાનો છોકરો સઘળી કળાઓમાં નિપુણતાને પામ્યો છે. The Prince has gained proficiency in all arts.

જેનાથી મહિષાસુર રાક્ષસ હણાયો તે દુર્ગા (કાળકા, મહાકાળી) દેવીને પ્રણામ. Bow to that Durga goddess by whom Mahishasura was killed. તે બે નદીઓ પ્રયાગમાં મળે છે. Those two rivers join at Prayaga.

જે બે જણાથી ચોરી કરાઈ તે માણસોને રાજાએ શિક્ષા કીધી. The king punished those two persons by whom theft was committed.

આ જંગલમાં અગાઉ બ્રહ્મને જાણનાર ઋષિઓ રહેતા હતા. The sages knowing Brahman formerly dwelt in this forest.

જેમનાથી પૃથ્વી ખોદાઈ હતી અને જે કપિલના ક્રોધથી બળી ગયા હતા તે સગર ઋષિના છોકરાઓને ભગીરથે ગંગાના જળથી ઉદ્ધાર્યા. Bhagiratha saved, by means of the water of the Ganges, those sons of Sagara by whom the earth was excavated and who were burnt by the anger of the sage Kapila.

જેમના વિવાહ પોતાના છોકરાઓની સાથે થયા હતા તે જનકની છોકરીઓની સાથે રાજા દશરથ અયોધ્યા ગયા. King Dasharatha went to Ayodhya joined with those daughters of Janaka whose marriages took place with his own sons.

अत्र कोऽपि न दृश्यते रुदनम् तु श्रूयते । અહીં કોઈ જણાતું નથી રૂદન તો સંભળાય છે. None appears here, however weeping is heard.

पुरा यानि वस्तूनि महता श्रमेण साध्यानि आसन् तानि अधुना यन्त्राणाम् सामर्थ्यात् अल्पेन एव आयासेन साध्यानि। અગાઉ જે ચીજો ઘણી મહેનતે થાય એવી હતી તે હમણાં સાંચાના બળથી થોડીજ મહેનતથી થાય એવી છે. Those things which could formerly be done with great labour can now be done with only little trouble by the help of machines.

यस्याः दुग्धम् न उपलभ्यते तया धेन्वा किम क्रियते। જેનાથી (-જેનું) દુધ ન મળે તે ગાયથી શું કરાય-તે ગાયનું શું કામ છે? What is to be done with, what is the use of-that cow from whom (-whose) milk is not obtained?

यस्य वित्तम् अस्ति सः नरः कुलीनः सः पण्डितः स श्रुतिमान् गुणज्ञः सः एव वक्ता च सः दर्शनीयः सर्वे गुणाः काञ्चनम् आश्रयन्ते। જેની કને પૈસા હોય તે માણસ ઉંચા કુળનો. તે પંડિત, તે વેદ જાણનાર, તે ગુણની ખુજ જાણનાર, તેજ ભાષણ કરનાર અને તેજ ખુબસુરત; સઘળા ગુણો સુવર્ણમાં રહે છે. That man who has wealth, is highly born, he is a learned man; he is one who knows the Vedas, he is appreciative, he alone is a speaker and he is handsome. All good qualities resort to gold.

એઓ કોણ છે? **एते के।**

તેઓનો ધંધો શો છે? **का तेषां वृत्तिः।**

તે હરિની છોકરી છે. **सा हरेर्दुहिता।**

શું તેણીનું નામ છે? **किं तस्या नाम।**

કોને રામે એવું કહ્યું? **कस्मै राम एवमवदत्।**

so=**एवम्. इति,** વપરાય નહીં **इति** નો શબ્દ સમૂહ (phrase) અથવા વાક્યને અંતે વપરાય છે જેમકે **स मूर्खः अस्ति इति अहम् अकथयम.**

I said 'he is a fool.' **संपदः पदम् आपदाम् इति अहम् बोधामि** I know 'riches are the abode of miseries.'

તે ગોવિંદનો ભાઈ છે. **स गोविन्दस्य भ्राता ।**

હું તેની સાથે નિશાળે ગયો. **तेन सह पाठशालामगच्छम् ।**

તેણે નારાયણને તે છોકરાઓની સાથે રમતો જોયો. **स नारायणं तैः कुमारैः सह रममाणमैक्षत ।**

પોતાના કયા મિત્રને તે સંભારે છે. **आत्मनः किं मित्रं स स्मरति ।**

તે નદીમાં માછલાં છે. **तस्यां नद्यां मत्स्याः सन्ति ।**

તે તેણીનાથી અનુસરાય છે. **स तयानुस्त्रियते ।**

તે ગામોમાંથી આવેલા માણસો ક્યાં છે? **तेभ्यो ग्रामेभ्य आगता नराः कुत्र ।**

જે દેશનો રાજા શૂદ્રક છે તેમાંથી તેઓ આવે છે. **यस्य देशस्य राजा शूद्रकोऽस्ति तस्मात्तयागच्छन्ति ।**

પોતાની જે દાસીઓ સમીપમાં હતી તેને પોતાને માટે ફુલો લાવવાને રાણીએ હુકમ આપ્યો. **आत्मनः या दास्यः संनिधौ आसन् ताः आत्मने कुसुमानि आनेतुम् राज्ञी आदिशत् । आत्मनो या दास्यः संनिधावासंस्ता आत्मने कुसुमान्यानेतुं राज्ञ्यादिशत् ।**

મહારાષ્ટ્રીઓનો રાજા તે ઘરમાં રહ્યો. **महाराष्ट्रीयाणां राजा तस्मिन् गृहेऽवसत ।**

તે છોકરીઓમાંની કઈ ગાય છે? **तासां कुमारीणां का गायन्ति ।**

કોનાથી આ ગ્રંથ અહીં મૂકાયો? **केनैष ग्रन्थोऽत्र निहितः ।**

આ અવિકારી આત્માના સામર્થ્યથી આકાશ અને પૃથ્વી ટકી રહ્યાં છે. **एतस्याक्षरस्यात्मनः सामर्थ्येन द्यावापृथिव्यौ विधृते ।**

તે બેથી કંઇ મોટું કામ કરાયું નથી. **ताभ्यां किमपि महत् कार्यं न कृतम् ।**

હું તે વનમાં ઘણીવાર સુધી રહ્યો. **तस्मिन्नरण्ये चिरमवसम् ।**

કઇ દિશામાંથી તે લુચ્ચો ગયો? **कया दिशा स जाल्मो गतः ।**

તે દેવાલયમાં લક્ષ્મીની સુંદર પ્રતિમા છે. **तस्मिन् देवायतने लक्ष्म्याः सुन्दरा मूर्तिरस्ति ।**

હરિએ તેને ન મનાય એવી વાત કહી. **हरिस्तमश्रद्धेयां कथामकथयत् ।**

જેને લક્ષ્મી ઇચ્છે છે તે તેણીને મેળવવો કઠણ કેમ થાય ? **यं लक्ष्मीः प्रार्थयते स तया दुरापः कथं भवेत् ।** or **श्रियादुरापः कथमीप्सितो भवेत्** એટલે **श्रिया ईप्सितः दुरापः कथम् भवेत् ।**

વાકયો પાઠ ૩૦ મો.

when=જ્યારે=**यदा** when=ક્યારે=**कदा.**

अस्मद् અને **युष्मद्** નાં રૂપ પ્રાઇમરમાં આપેલાં છે તે ત્રણે જાતિમાં લાગુ પડે છે. **अहम् आगतः** હું આવ્યો **अहम् आगता** હું આવી.

त्वम् प्रज्ञः તું ડાહ્યો છે. **त्वम् सुकन्या** તું સારી છોકરી છે.

अहम् अपराधी न । હું અપરાધી નથી. I am not guilty.

रघुनाथः आवयोः स्निह्यति । રઘુનાથ અમારા બન્નેના ઉપર હેત રાખે છે. Raghunath feels affection for us both.

मे पुत्रकः कुत्र अस्ति । મારો છોકરો ક્યાં છે ? Where is my dear son ?

पुत्रक માં **क** એ તદ્ધિત પ્રત્યય છે, **क** જુદા જુદા અર્થમાં ઉમેરાય છે તે માટે નીચે થોડા દાખલા તૈયાર કરો.

वृक्ष a tree અને **वृक्षक** a small tree.

पुत्रकः a dear son. **अश्वक** a bad horse.

આ દાખલા પરથી જણાશે કે **क**– 1 small, 2 dear, 3 bad, આમ ત્રણ અર્થો થાય છે.

દેવિ, તને હું વંદુ છું. Goddess, I bow to thee.

अस्मान् मा अवधीरय। અમને વખોડ નહીં. Do not despise us.

વિષ્ણુ તમને રક્ષો. May Vishnu protect you.

હું તારી સાથે બાગમાં જવાને ચાહું છું. I wish to go to the garden with thee.

आर्ये ते भूतार्थम् कथयामि । પૂજ્ય સ્ત્રિ, હું તને સત્ય કહું છું. Venerable woman, I tell the truth to thee.

(**ते** ચોથી અથવા છઠ્ઠી વિભક્તિ છે)

તુ મને પૈસો આપતો નથી. Thou dost not give me wealth.

શંકર તમારા કલ્યાણને માટે હો=તમારૂં કલ્યાણ કરો. May God Shiva be for your welfare !

એ બાળકો, તમારા પિતા ક્યાં છે ? You two children, where is your father ?

पृथ्वीम युष्मासु रक्षत्सु नः भयम् कुतः । પૃથ્વીને તમે રક્ષો છો ત્યારે અમને ભય ક્યાંથી હોય ? When you are protecting the earth, whence can there be fear to us ?

હું તમારી કનેથી મળેલી ખબર સૌને કહું છું. I tell the news obtained from you to all.

તેનું દુઃખ ટાળવાને અમારાથી ધરાયલો ઉપાય નિષ્ફળ થયો. The remedy contemplated by us to take away his pain became fruitless.

तव...प्रतनु यतःआवाम् दीर्घम् कालम् सुखम् न अन्वभवाव । તારૂં પુણ્ય મારી માફક થોડું છે કારણ કે આપણે બંનેએ ઘણા વખત સુખ ભોગવ્યું નહીં. Thy good action is small like mine because we both did not enjoy happiness for a long time.

मम मनः अध्ययनाय त्वरते । મારૂં મન ભણવાને તલપે છે. My mind is impatient for study.

एषः अस्माकम् अश्वः । આ અમારો ઘોડો છે. This is our horse.

ते माता क्व गता । તારી મા ક્યાં ગઈ ? Where is thy mother gone ?

एतस्य वृत्तान्तस्य श्रवणेन आवयोः मनः पर्याकुलम् । આ વૃત્તાંત સાંભળવાથી અમારા બંનેનું મન [illegible] છે. The mind of both of us is agitated by hearing this account.

क्रुद्धः दशरथः कैकेयीम् अपृच्छत् [illegible] किम् पापम् कृतम् । ખીજવાયલા દશરથે કૈકેયીને પૂછ્યું, હે પાપી સ્ત્રી ! રામે અથવા મેં તારૂં શું પાપ કર્યું...બગાડ્યું ? Dasharatha

being provoked asked Kaikeyi 'Oh sinful woman.' what offence is done by Rama or myself against thee? केन निमित्तेन एवम् तस्य अनर्थाय अद्य त्वम् उद्यता। શા કારણથી આ પ્રમાણે તેના અહિતને માટે તું તૈયાર થયલી છે? Why art thou prepared to do him harm thus to-day?

भवतः अस्मासु दीनेषु एतादृशः स्नेहः। આપનો અમારા ગરીબપર આવો પ્રેમ છે. Your honour has such affection for us who are humble.

પવનથી વાદળાનાં સમૂહની પેઠે, પ્રારબ્ધથી અમારા સઘળાના મનોરથ ઉડી ગયા–નિષ્ફળ ગયા. All our desires are scattered by fate like a collection of clouds by the wind.

मानिनि मयि कम् अपराधलवम् पश्यसि यतः दासजनम् त्यजसि। હે અભિમાની સ્ત્રિ! મારામાં કઈ કસુરને જુએ છે કે જેથી તું તારા સેવકને તજે છે. Oh proud woman, what small fault dost thou see in me that thou abandonest the man who is thy slave?

नन्दिनि येषाम् कुलेषु सविता गुरुः च वयम् (गुरवः) तेषां पार्थिवानाम् त्वम् वधूः। હે પુત્રિ, જેમનાં કુળમાં સૂર્ય ગુરૂ એટલે મૂલ પુરૂષ છે અને અમે ગુરુ છીએ તે રાજાઓની તું વહૂ છે.

રાજાઓની=રાજાઓને ત્યાં વહૂ=છોકરાઓની વહૂના અર્થમાં.

હેતમાં વૃદ્ધ પુરુષો નાની છોકરીને 'દીકરી' 'પુત્રી' કહે છે તે અર્થમાં नन्दिनि=પુત્રિ. Oh girl, thou art the daughter-in-law of those kings, in whose family the Sun is the progenitor and we are the preceptor, or in whose family the Sun and we are the venerable heads.

यूयम् वयम् वयम् यूयम् इतिआवयोः मतिः आसीत् अधुना किम् जातम् येन यूयम् यूयम् वयम् वयम्। તમે તે અમે અને અમે તે તમે એમ આપણું બંનેનું માનવું હતું; હવે શું થઈ ગયું કે તમે તે

તમે અને અમે તે અમે ? You are we and we are you, such was the feeling of us both; what has become now that you are you and we are we ?

अस्मद् અને **युष्मद्**નાં **मा, मे, नौ, नः त्वा, वाम्, वः, ते** એ ટુંકાં રૂપો વાક્યને આરંભે, શ્લોકની લીટીને આરંભે, સંબોધન રૂપ પછી. તેમજ **च, वा, एव** અને **हा** એ અવ્યયોની પહેલાં વપરાતા નથી, જેમકે **मम गृहम् काश्याम् अस्ति** એ વાક્યને આરંભે **मे गृहम्** નહીં વપરાય.

वेदैः अशेषैः संवेद्यः
अस्मान् कृष्णः सर्वदा अवतु ।
} આ અર્ધા શ્લોકના બીજા ભાગને આરંભે **अस्मान्** ને બદલે **नः** નહીં વપરાય.

हे कृष्ण नः पाहि આ ખોટું છે પણ **हे कृष्ण अस्मान् पाहि** એમ વપરાય કારણ કે **कृष्ण** સંબોધનમાં છે.

तव मम च पुस्तके આમાં **च** ની પહેલાં **मे** નહીં વપરાય. **तव मे च पुस्तके** એ ખોટું છે.

तव मम वा कार्यम् । तव मे वा कार्यम् આ ખોટું છે.

तव एव पुस्तकम् તારૂંજ પુસ્તક આને બદલે **ते एव पुस्तकम्** નહીં થાય.

हा मम दुर्भाग्यम् આને બદલે **हा मे दुर्भाग्यम्** નહીં થાય.

युवयोर्गृहं रक्षतु प्रभुः એમાં **वां गृहं** ન થાય.

તુ ડાહ્યો માણસ છે. **त्वं बुधः ।**

હું અણભરોસાદાર માણસ છું એવો તું વહેમ રાખે છે ? **अहमविश्वास्य इति त्वं शङ्कसे किम् ।**

Do you think him to be a fool ?

Do you suspect him to be a thief ?

Do yon think him to be a wise man ?

આવાં વાક્યોનો તરજુમો કરતી વખતે એ વાક્યોને આ પ્રમાણે ફેરવી નાંખવાં.

Do you think that he is a fool ? **स मूर्ख इति मन्यध्वे किम्।**

Do you suspect that he is a thief **स स्तेन इति शङ्कध्वे किम् ।**

Do you think that he is a wise man **स प्राज्ञ इति मन्यध्वे किम् ।**

જ્યારે તમે પહાડપર ચઢ્યા ત્યારે તમારો ભોમિયો કોણ હતો? **यदा यूयं गिरिमारोहत तदा युष्माकं मार्गदर्शकः क आसीत् ।**

કોણે તને આ વાત કહી? **कस्त्वामेतां कथामकथयत् ।**

મારા પિતા કાશીએ ગયા હતા; અને તે જ્યારે પાછા આવ્યા ત્યારે તેણે ઘણાં પુસ્તકો આણ્યાં, અને તે મને આપ્યાં. **मम पिता काशीमगच्छत् । यदा स न्यवर्तत तदा स बहूनि पुस्तकान्यानयत्तानि मह्यमयच्छच्च ।** આ વાક્યને આરંભે **मम** ને બદલે **मे** નહીં વપરાય.

ત્યાં જે થયું તે અમને કહે, **तत्र यदापतितं तदस्मान् कथय ।**

મારું પુસ્તક ક્યાં છે એમ મેં તમને પૂછ્યું. **मम पुस्तकं क्वास्तीत्यहं युष्मानपृच्छम् ।**

અમારાથી છુટા પડવામાં દલગીર ન થાઓ. **अस्माभिर्वियोगे मा शोच ।** **वियोग** ની સાથે જેનાથી છૂટા પડવાનું હોય તેના નામની તિજી વિભક્તિ આવે છે.

તારી કૃપાથી સઘળા સંકટો તરી ગયા. **तव कृपया वयं सर्वाणि संकटान्यपारयाम ।**

તમારાથી તે વખતે જે કરાયું તે મને યાદ છે **युष्माभिः एतस्मिन् काले यत्कृतं तदहं स्मरामि ।**

સાક્ષીઓ મારાથી સોમવારે આવવાને ફરમાવાયા. **साक्षिणो मया सोमवासरे आगन्तुमादिष्टाः ।**

જ્યારે તમે ઘેર આવ્યા ત્યારે મેં તમને અનાજના ઢગલા આપ્યા. **यदा यूयं मम गृहमागच्छत तदाहं युष्मभ्यं धान्यस्य राशीनयच्छम् ।**

તું હાર્યો તેથી તારા સીપાઇઓ જિતનારને શરણે ગયા. **त्वयि पराजिते तव सैनिका जेतारं शरणमगच्छन् ।**

I submit to God. હું ઈશ્વરને શરણે જાઉં છું. **ईश्वरं शरणं गच्छामि.** submit to the master. ગુરૂને શરણે જા. **गुरुं शरणं गच्छ** આવાં વાક્યોમાં **ईश्वरस्य, गुरोः** વગેરે છઠ્ઠી વિભક્તિનાં રૂપો ન વપરાય.

અમે બેએ ઘણા ઋષિના આશ્રમો જોયા. **आवां बहूनामृषीणामाश्रमानैक्षावहि ।**

આ ફુલો અમારા બેથી અણાયાં છે. **एतानि कुसुमान्यावाभ्यामानीतानि।**

તેણે તે ખબર મારા તરફથી મેળવી. **स तां वार्तां मदविन्दत ।**

તમે બે બધાં માણસોને વખોડો છો. **युवां सर्वान् जनान् निन्दथः ।**

હું તને ઇનામ આપું છું. **अहं तुभ्यमेतत् पारितोषिकं यच्छामि ।**

તારા તરફથી ડાહ્યા પુરૂષોનો માર્ગ મેં જાણ્યો. **त्वत्प्रज्ञानां मार्गो मया ज्ञातः ।**

ઋત્વિજોએ મને ભૂલ વગર માર્યો. **ऋत्विजो मामपराधं विनाताडयन् ।**

હે દયાળુ પિતા, અમે તારાં છોકરાંપર ક્રોધે ભરાતા નહી. **कारुणिक पितरस्मभ्यं तव बालेभ्यो मा कुप्य ।**

અમે (કે જે) તેના દોસ્તદારો (તેના) થી તે દૂર ભટક્યો. **अस्मत्तस्य सुहृद्भ्यः स दूरमाटत् ।।**

તે કૂતરાને મારવામાં તારાથી અયોગ્ય કામ કરાયું છે. **तस्य सारमेयस्य ताडने त्वयानुचितं कार्यं कृतम् ।**

તું રક્ષક છે તો તારી પ્રજા કેવી રીતે દુઃખ ભોગવે ? **त्वयि रक्षितरि तव प्रजाः कथं दुःखमनुभवेयुः ।**

અમારામાં હરિ શ્રેષ્ઠ છે. **अस्मासु हरिः श्रेष्ठः ।**

પાઠ ૩૧ મો.

इदम्નાં રૂપો પ્રાઇમરમાં આપ્યાં છે તેમાં નીચે પ્રમાણે વધારો કરવો:—

इदम् *m.*

Acc.	इमम्	इमौ	इमान्
	एनम्	एनौ	एनान्
Instr.	अनेन एनेन		
Gen.		अनयोः एनयोः	
Loc.		,,	

इदम् f.

Acc.	इमाम् एनाम्	इमे एने.	इमाः एनाः
Instr.	अनया एनया		
Gen.		अनयोः एनयोः	
Loc.		”	

इदम् n.

Acc.	इदम् एनद्	इमे एने	इमानि एनानि
Instr.	अनेन एनेन		

બાકીનાં બીજાં રૂપો નરજાતિ જેવાં લેવાય છે તેમ છઠ્ઠી સાતમીનું એ રૂપવાળું દ્વિવચન પણ લેવાશે.

इदम् અને **एतत्** નાં **एनम्, एनेन, एनयोः** વગેરે વિકલ્પે થનારાં રૂપો તેમનાં મુખ્ય રૂપો વપરાયા પછી વપરાય છે. જેમકે:—

एतम् कुमारम् आह्वय। एनम् अहम् द्रष्टुम् इच्छामि। एतयोःकन्ययोःमाता क्वास्ति। एनयोःपितुः समीपे किम्। अयम अहम् आगच्छामि। આ હું આવું છું–આવ્યો. Here I come. **एषः अस्मि આ** રહ્યો. હાજર છું. Here am I **एषा आगच्छति तव माता આ** તારી મા આવે છે. *Here* comes thy mother. **अयं स ते संगमोत्सुकः तिष्ठति આ** તને મળવાને આતુર થઈને ઉભો છે. *Here* he stands eager for thy union. આ વાક્યોપરથી **एतद्** તથા **इदम्** નાં પહેલી વિભક્તિનાં રૂપોનું ભાષાંતર ગુજરાતી આ' અને અંગ્રેજી here' થાય છે તે લક્ષમાં લો.

अमी શબ્દનો છેલ્લો **ई** એની પછીના સ્વર સાથે જોડાતો નથી. જેમકે **अमी अश्वाः अमी इषवः**

इदम् आसनम् भवता अलंक्रियताम् આ આંસન આપનાથી શોભાઓ Let this seat be adorned by your honour.

હરણની ઝડપની અદેખાઈથી હોયની તેમ આ ઘોડા દોડે છે. These horses run as if by jealousy of the speed of the deer.

अयम् ग्रन्थः अनया रीत्या व्याख्येयः આ ગ્રંથ આ રીતે સમજાવવો જોઇએ. This book should be explained in this way.

वत्स अस्मात् साहसात् विरम । છોકરા આ આવચારી કામથી અટક. Child desist from this adventure.

यौ तरू ह्यः अपश्यम् तौ अमू । જે બે ઝાડ મેં ગઈ કાલે જોયાં તે આ. These are the two trees which I saw yesterday.

આ વિદ્વાન બ્રાહ્મણને દક્ષિણા આપ. Give *dakshina* to this learned Brahmana.

આ બે છોકરીઓની સોબત મને ગમે છે. The companionship of those two girls pleases me. આ સારંગ પક્ષિને પ્રિયાની ખબર માટે વિનવું છું. I request this *saranga* bird for intelligence about my beloved.

भीरु यतः अवधीरणाम् विशङ्कसे सः ते संगमोत्सुकः अयम् तिष्ठति । હે બીકણ સ્ત્રી, જેના તરફથી તું તિરસ્કારનો વહેમ ખાય છે તે તને મળવાને આતુર અહીં ઉભો છે. Here stands he eager for union with thee from whom, oh timid woman, thou apprehendest repulsion **अयम्** આ. here.

अमुम् देवदारुम् पुरः पश्यसि असौ वृषभध्वजेन पुत्रीकृतः । તું આ દેવદારુ વૃક્ષને આગળ જુએ છે, એ શિવથી પુત્રરૂપે સ્વીકારાયો છે. Thou seest this pine tree in front, it is adopted as a son by Shiva.

यूथे इयम वशा तव प्रियतमा स्त्रीरत्नेषु मम उर्वशी । જેમ ટોળામાં આ તારી સહચરી તને અત્યંત વહાલી છે તેમ રત્નરૂપ અત્યંત સુંદર સ્ત્રીઓમાં મારી ઉર્વશી મને છે. Of all female beauties Urvasi is the dearest to me, as in the whole herd this mate is to thee.

मधुकर तस्याः मदिराक्ष्याः प्रवृत्तिम् शंस अथवा असौ मे वरतनुः त्वया दृष्टा न एव । હે ભમર, તે મોહક ચક્ષુવાળી સ્ત્રીની ખબર કહે અથવા તે મારી સુંદરી તારાથી દેખાઇ નથીજ. Oh bee, tell the news of that lady with fascinating eyes, or that my beautiful mistress is never seen by you.

हंस मे कान्ताम् प्रयच्छ अस्याः गतिः त्वया हृता । હે હંસ, મારી પ્રિયા આપ. એની ચાલ તારાથી હરાઈ છે. Oh swan, give me my beloved her gait has been stolen by you.

अस्मिन् एव लतागृहे त्वम् अभवः । આજ વેલાના માંડવામાં તું હતો. Thou wast in this very bower of creepers.

अस्य एव महति शिखरे गृध्रराजस्य वासः आसीत् । આનાજ મ્હોટા શિખરપર જટાયુનો નિવાસ હતો. The residence of Jatayu the lord of vultures was on the top of this very mountain.

गृध्राणां राजा इति गृध्रराजः

पुष्पधारिणः अमी वृक्षाः मनोहरा दृश्यन्ते । ફુલવાળાં આ વૃક્ષો મોહક જણાય છે. These trees bearing flowers look charming.

अमुया वीथ्या अगच्छत् दासि अमूम् द्रुतम् आनय । તે આ રસ્તે ગઈ, હે દાસિ, તેને જલદી લાવ. **अमूम्** fem. She went by that way, Oh maid bring her soon.

or

दासी अमूया वीथ्या अगच्छत् अमूम् द्रुतम् आनय । The maid-servant went by this way bring her soon

एभिः तव किम् अप्रियम् कृतम् यद् एषाम् अनिष्टम् कर्तुम् उद्यतः असि । એમણે તારૂં શું ભૂંડું કીધું છે કે એમનું નુકશાન કરવાને તું તૈયાર થયો છે. What offence is given by those men to thee that thou art prepared to do harm to them?

अयम्: असौ अमीषाम् पादान् प्रणतः ततः अमुष्य भद्रम् अमीभिः कार्यम् જેથી આ માણસ તેમનાં ચરણમાં નમ્યો છે માટે એનું ભલું તેમનાથી થવું જોઈએ. As this man has fallen at their feet, his good should be done by them.

આવાં વાક્યોમાં **पादान्** ને બદલે **पादौ** પણ વપરાય છે.

જેમકે **पादाभ्याम् धावन्ति बालाः** બાળકો પગે દોડે છે.

એમાં **पादाभ्याम्** દ્વિવચન વાપર્યું છે તેમ.

पुरा अस्याम् पुर्याम् कवीशः न्यवसत् यः किल नाम्ना कालिदासः अभवत् । અગાઉ આ શહેરમાં એક કવીશ્વર રહેતા હતા જે નામે કાલિદાસ હતા. In this town there lived in former times a lord of poets who was Kalidasa by name.

यदि भगवति प्रसन्ना इमम् वरम् याचे । જો દેવી પ્રસન્ન થાય તો હું આ વરદાન માંગું If the deity be pleased, I shall ask this boon.

अस्मिन् लोके यत् क्रियते तस्य फलम् अमुष्मिन् लोके अनुभूयते । આ લોકમાં જે કરાય છે તેનું ફળ પેલા લોકમાં અનુભવાય છે. The fruit of that which is done in this world is experienced in that (the next) world.

एभिः वचोभिः मे दुःखिताम् भार्याम् सान्त्वय । આ વચનોથી મારી દુઃખીયારી સ્ત્રીને શાંત કર. With these words comfort my distressed wife.

हे सीते इमौ ते पुत्रौ । હે સીતા, આ બે તારા છોકરાઓ છે. Oh Sita these are thy two sons.

આ મારો ગ્રંથ છે. **अयं मे ग्रन्थः ।**

આ મનુષ્યો રાજાના જયમાં હરખાય છે. **इमे मनुष्या राज्ञो विजये मोदन्ते ।**

આ છોકરીઓ નૃત્ય શિખે છે. **इमाः कुमार्यो नृत्यं शिक्षन्ते ।**

આ ગામોમાં ઘણા વિદ્વાન પુરૂષો રહે છે **एषु ग्रामेषु बहवो विद्वांसः सन्ति ।**

હું આ આંખોથી જોતો નથી. **अहमाभ्यां चक्षुर्भ्यां नेक्षे ।**

આ ઝાડપર વાંદરો છે. **अस्मिंस्तरौ वानरो वर्तते ।**

આ નદીઓમાં ઘણું પાણી છે. **आसु नदीषु प्रभूतं वार्यस्ति ।**

આ પહાડોમાંથી ઘણા પથરા પડ્યા છે. **अमीभ्यो गिरिभ्यो बहवो दृशदः पतिताः सन्ति ।**

મે આ લાકડાઓથી ચોરને માર્યો. **अहमेभिर्लगुडैः स्तेन (लगुडैस्तेन** or **लगुडैस्स्तेन) मताडयम ।**

મેં શિવાલયમાં આ સ્ત્રીઓને જોઈ. **अहं शिवालये इमा नारीरैक्षे ।**

આ નદીઓનાં મૂળ હિમાલયમાં છે. **आसां नदीनां प्रभवा हिमालये सन्ति ।**

આ છોકરાઓને અને પેલી છોકરીઓને થોડો લાડુ આપ **अमीभ्यः कुमारेभ्योऽमुभ्यः कुमारीभ्यश्च कञ्चिद् मोदकं यच्छ ।**

તે પર્વતનાં શિખરપરથી ઉતરી આવતો વાઘ મેં જોયો. **अमुष्य पर्वतस्य शिखरादवतरन्तं व्याघ्रमहमैक्षे ।**

આ બે ચોરોથી મેં મારૂં સોનું બચાવ્યું. **अमूभ्यां स्तेनाभ्यामहं मम सुवर्णमरक्षम् ।**

મેં તે સિપાઇને રણભૂમિમાંથી નાસતો જોયો. **अहं तं सैनिकं रणभूमेर्धावन्तमपश्यम् ।**

મુસાફર તે રસ્તે ગયો. **पान्थस्तेन वर्त्मनागच्छत् ।**

આ બે ખાડાને માટીથી ભરો. **इमे गर्ते मृदा पूरय ।**

હું કંજુસ તરફથી દક્ષિણા ધારતો નથી. **अहं कदर्याद् दक्षिणां नापेक्षे ।**

રાજાનો મહેલ આ નદીથી બે કોશપર છે. **राज्ञः प्रासादोऽस्या नद्याः क्रोशौ (क्रोशयोः) ।**

તે સ્વાદિષ્ટ કેરી મને આપ. **तत्स्वाद्वाम्रं मह्यं यच्छ ।**

આ હરણથી શો અપરાધ કરાયો છે? **अनेन हरिणेन कोऽपराधः कृत ।**

આ બે નદીઓનો સગમ પવિત્ર છે. **अमुयोर्नद्योः संगमः पवित्रः ।**

આ વસ્ત્રથી ઢંકાયલો હું અદૃશ્ય થાઉં છું. **अनेन वाससाच्छन्नोऽहमदृश्यो भवामि ।**

આ બે છોકરીઓ પણ લગ્નમાં આપી દેવાની છે. **इमे कन्ये अपि प्रदेये ।**

પાઠ ૩૨ મો.

વિદ્વાનપણું અને રાજાપણું કદી પણ બરોબર નથીજ. રાજા પોતાના દેશમાં પૂજાય છ. વિદ્વાન્ તો સઘળે પૂજાય છે. Learning and royalty are never equal; a king is worshipped in his own country, while a learned man is worshipped everywhere. એક ગુણવાન્ છોકરો સારો, સેંકડો મૂરખ હોય તો તે નહીં ચંદ્રમા એકલો અંધકારનો નાશ કરે છે અને તારાઓનો ઝુમખો તે

કરતો નથી. One meritorious son is better and not even hundreds of fools; a single moon dispels darkness and not even a constellation of stars.

सुपुत्रेण कुलम् यथा एकेन अपि पुष्पितेन सुगन्धिना सुवृक्षेण तत् सर्वम् वनम् वासितम् । સારા છોકરાથી આખા કુળની પેઠે એક પણ ફુલવાળા સુગંધમય સારા વૃક્ષથી તે આખું વન બહેક બહેક મારતું થાય છે. Just as a race (is made famous) by a good son, so, the whole forest is rendered fragrant even by a single good tree which bears flowers and which is fragrant.

यः उत्सवे व्यसने दुर्भिक्षे शत्रुविग्रहे राजद्वारे च एव श्मशाने तिष्ठति सः बान्धवः । જે ઉત્સાહમાં, આપત્તિમાં, દુષ્કાળમાં, શત્રુ સાથે લડાઈમાં, રાજદરબારમાં, અને શ્મશાનમાં ટકી રહે તે સંબંધી જાણવો. He who stands on a festive occasion, in difficulty, in famine, in hostility with enemies, at king's court and at the burning place is a relation (or a friend).

દુષ્ટ માણસ મીઠું બોલનારો છે એ કંઈ તેનામાં વિશ્વાસ મૂકવાનું કારણ નથી. તેના જીભના ટેરવાપર મધ છે, પણ હૈયામાં તો હળાહળ ઝેર છે. That a wicked person is a sweet speaker is no reason for confidence (in him) there is honey on the tip of his tongue. but deadly poison in his heart.

दुर्जनः विद्यया अलंकृतः सन् अपि परिहर्तव्यः सर्पः मणिना भूषितः किम् असौ भयंकरः न । દુર્જન જ્ઞાનથી શણગારેલો હોય તો પણ તજી દેવો. સર્પ રત્નથી શણગારેલો છે તેથી શું તે ભયપ્રદ નથી? A wicked man though adorned with learning ought to be shunned; a serpent is adorned with a jewel-is he not dreadful ?

કુળવાનોની સાથે સંબંધ, પંડિતોની સાથે દોસ્તી અને સગાંવહાલાંની સાથે સરખો મેળ અર્થાત્ સંપ રાખનાર વિનાશને પામતો નથી. One who associates himself with men of good family and makes friendship with the learned and equal union with his relations, never perishes.

જે નિશ્ચિતને છોડી દઈને અનિશ્ચિતને સેવે છે તેની નિશ્ચિત વસ્તુઓ જતી રહે છે અને અનિશ્ચિત તો નાશ પામીજ છે. The certain things of that man who having abandoned certain things resorts to an uncertain thing perish, and the uncertain thing has perished indeed.

વૃક્ષોને ભયનો હેતુ પવન છે. કમળોને ભય ઉપજાવનાર ઠંડી ઋતુ છે તેમ પહાડોને ઇંદ્રનું વજ્ર, અને સજ્જનોને દુર્જનો ભયદાતા છે. Wind is the source of fear to trees the cold season to lotuses, the thunderbolt to mountains and a wicked man to good men.

વાવાઝોડાથી વૃક્ષો પડી જાય છે. તેથી વૃક્ષોને પવનનો ભય કહ્યો છે. અસલ પહાડોને પાંખો હતી અને ઉડતા હતા પણ પછી ઇંદ્રિ પોતાના વજ્રવતી તે પાંખો કાપતા હતા. આથી પહાડોને ઇંદ્રના વજ્રનો ભય કહ્યો છે

तस्मात् भूतिम् इच्छता स्वविषये रक्षा कर्तव्या रक्षणात् यथा स्वर्गः प्राप्यते यज्ञैः न अवाप्यते । તે માટે સંપત્તિ ઇચ્છનારે પોતાના રાજ્યમાં રક્ષણ કરવું જોઇએ. રક્ષણથી જેવી રીતે સ્વર્ગ મળે છે તેવી રીતે યજ્ઞોથી મળતું નથી. As heaven is not obtained by sacrifices as through protection so one who wishes prosperity should protect his own dominion.

यथा पक्कानाम फलानाम् पतनात् अन्यत्र भयम् न एवम् जातस्य नरस्य मरणात् अन्यत्र भयम् न । જેમ પાકા ફળોને પતન શિવાય બીજા કશામાં ભય નથી તેમ જન્મેલા પુરૂષને મરણ શિવાય બીજામાં ભય નથી. As there is no other fear than that

of falling down to ripe fruits, so there is no other fear than that of death to a born being.

હું મરણથી ભય ધરતો નથી માત્ર કલંકિત કીર્તિથી (બીહું છું); નિષ્કલંકિત એવા મને મરણ પુત્રના જન્મતુલ્ય છે. I am not afraid of death, I fear only polluted fame; death to me who am pure is verily like the birth of a son.

નિષ્પાપ પુરૂષોનાં કુળમાં જન્મેલા મારામાં પાપ નથી. જો પાપ છે એમ જણાય તો શુદ્ધ એવા મને તેથી શું છે ? There is no sin in me who am born in a family of sinless persons, if it is thought possible, what has it to do with me who am sinless ?

પૈસાને હમેશાં દુઃખનું કારણ ગણ, ખરે તેમાં સુખનો અંશ નથી. શ્રીમંતોને છોકરાથી પણ ભય હોય છે, આ વાત બધેજ દૃઢ થઈ છે. Always consider wealth as evil. Indeed there is not an atom of happiness in it. There is fear to the rich even from their sons. This is the established way everywhere.

કોણ તારી સ્ત્રી છે. કોણ તારો છોકરો છે. આ સંસાર ઘણો વિચિત્ર છે. કોનો તું, અથવા ક્યાંથી આવ્યો છે. તે માટે. હે બાળ, આ તત્ત્વનું ચિંતન કર. Who is thy wife ? Who is thy son ? this world is very curious. Whose art thou! or whence hast thou come ! Therefore oh friend? think about this real thing.

यदि त्वम् अचिराद् सत्त्वम् वाञ्छसि शत्रौ मित्रे पुत्रे बन्धौ विग्रहसन्धौ यत्नम् मा कुरु सर्वत्र समचित्तः भव। જો તું સત્વર સત્ય વસ્તુને પામવા માંગતો હોય તો શત્રુ, મિત્ર છોકરા અને સગાવહાલાંમાં લડાઈ કે સલાહને માટે પ્રયાસ કર નહીં. સઘળામાં સમબુદ્ધિ રાખ. If you desire the real thing soon, do not make efforts for war and peace, with thy

enemy. friend, son and relation. Be even-minded every where. આ શરીરરૂપી હોડી તારાથી ભારે પુણ્યરૂપી કીંમત વડે દુ:ખના દરિયાને પેલે પાર જવાને ખરીદાઇ છે. એ ભાંગે તે પહેલાં તરી જા. This vessel of the body is brought by thee for a great religious merit as price in order to go over to the other shore of the ocean of misery. Cross (by means of it) as long as it is not broken.

दुःखोदधेः=दुःखस्य उदधेः

ધૈર્ય જેના પિતા છે, જેની ક્ષમા માતા છે. દીર્ઘકાલીન શાંતિ જેની સ્ત્રી છે, સત્ય જેનો પુત્ર છે, દયા બેન છે, ભાઇ મનનો જય છે, ભૂમિનું તળીયું પથારી છે, દિશાઓ પણ વસ્ત્ર છે. જ્ઞાન રૂપી અમૃત ખાવાનું છે, એ જેના કુટુંબીઓ છે તે યોગિને હે મિત્ર ક્યાંથી ભય હોય તે કહે. Say, friend! 'where is fear to that ascetic whose family members are these:-whose father is courage mother is forgiveness, wife is continued peace. son is the truth, sister is mercy. brother is control over mind, bed is the surface of the earth. cloth is even the directions and food is the nectar of knowledge.

વિપત્તિમાં ધૈર્ય, સંપત્તિમાં ક્ષમાગુણ, સભામાં વકતાપણું, યુદ્ધમાં શુરાતન, કીર્તિપર પ્રેમ, વેદપર ખાસ નિષ્ઠા, આ સર્વ મહાત્માઓમાં સ્વભાવથી સિદ્ધ હોય છે. Courage in adversity, forgiveness in prosperity, cleverness in speech in an assembly, valour in war, liking for fame, assiduous devotion to the Vedas-this is naturally existing in great men.

આળસ એ મનુષ્યોના શરીરમાં રહેલો મહાન્ શત્રુ છે, ઉદ્યોગ સરખો કોઈ મિત્ર નથી. જે (ઉદ્યોગ) કરવાથી કોઇ વિનાશ પામતો નથી. Idleness is a great enemy of men, living, in the

body (itself). There is no friend like industry doing which one does not perish.

બ્રહ્મારણ્યમાં કર્પૂરતિલક નામનો એક હાથી હતો. There was an elephant named Karpuratilaka in the Brahamaranya forest.

તેને જોઈને સઘળા શિયાળોએ વિચાર્યું કે જો આ કોઈ ઉપાયથી મરી જાય તો આપણું એના શરીરથી ચાર મહીનાનું ભોજન થશે. All the jackals seeing him thus contemplated–If this dies by any means, then our food of four months would be (secured) by his body."

તેમનામાંથી એક ઘરડા શિયાળે સંકલ્પ કીધો કે મારાથી બુદ્ધિબળે એનું મરણ સધાશે. From them and old jackal took a vow "His death should be brought about by me by the power of my talent."

પછી તે લુચ્ચો કર્પુરતિલકની પાસે જઈને આઠ અંગપર પડી નમીને (સાષ્ટાંગ દંડવત્ પ્રણમીને)બોલ્યો હે દેવ! દૃષ્ટિની કૃપા કર.Afterwards that cheat having approached Karpuratilaka and bowed with prostration(on the eight bodily limbs) said 'Lord, do me the favour of a gracious look.

जानुभ्यां च तथा पद्भ्यां पाणिभ्यामुरसा धिया ।
शिरसा वचसा दृष्ट्या प्रणामोऽष्टांग ईरितः ॥

સાષ્ટાંગ પ્રણામ આઠ અંગથી થાય છે તે આઠ અંગો:—

૧ **जानु**=the knee બંને ઘુંટણ, ૨ **पद्**=બંને પગ, ૩ **पाणि**=બંને હાથ, ૪ **उरस्**=છાતી, ૫ **धी**=બુદ્ધિ, ૬ **शिरस्**=શીર્ષ; માથું, ૭ **वचस्**=વાણી, ૮ **दृष्टि**=આંખ; નજર.

હાથી બોલ્યો 'તું કોણ છે? કયાંથી આવ્યો છે? The elephant said, "who art thou? whence hast thou come.

सकाश=समीप

તે બોલ્યો હું શિયાળ છું, સઘળાં વનવાસિ પશુઓથી મળીને હું આપના સમીપ મોકલાયો છું. રાજા વગરનું રહેવું યોગ્ય નથી માટે આ વનના રાજ્યમાં રાજ્યાભિષેક કરવા માટે સ્વામિના સઘળાં લક્ષણોથી યુક્ત આપ શોધી કઢાયા છો તેથી જેમ શુભ વેળા વહી ન જાય તેમ કરીને આપ સત્વર પધારો. He said, "I am a jackal sent to your honour by all the beasts dwelling in the forest assembled together. Since it is not proper to live without a lord your honour endowed with all the qualities of a lord is selected to be crowned as king to this forest dominion. Therefore may your honour speedily come so that the auspicious time may not pass away."

એમ કહીને ઉઠીને ચાલ્યો.So saying he got up and walked.

પછી તે રાજ્યના લોભથી તણાયલો કર્પુરતિલક શિયાળને રસ્તે દોડતાં ઘણા કાદવમાં પડ્યો. Then that Karpuratilaka drawn by the desire of Royalty plunged into deep mud while running by the path of the jackal ત્યારે હાથી બોલ્યો ભાઈ શિયાળ હવે શું કરવું ? કાદવમાં પડેલો હું મરીજાઉં છું. ફરીને જો. Then the elephant said, Friend jackal what should be-done now ? Fallen in the mud I perish. Turn back and look at me."

શિયાળે હસીને કહ્યું સ્વામિન! મારા પુંછડાંનો આશ્રય લઈને ઉઠો The jackal laughing contemptuously said, lord, having taken hold of my tail, xise up."

તેં મારા વચનમાં વિશ્વાસ મુક્યો તો ઓસડનાર ન મળે એવું દુઃખ ભોગવજો. As confidenco was placed by you in my words, let irremediable misery be experienced by you.

WORKS BY THE SAME AUTHOR.

(1) Bhakta's Guide to Sans. Second Book Part I, Lesson 1 to 12 Price 11 annas.

(2) Bhakta's Guide to Sans. Second Book Part II, Lessons 13 to 20, Pages 405 Price Rs. 1-10 as.

CAN BE HAD FROM.

(1) Messrs Karsandas Narandas & Sons,
Booksellers, Nanavat, Surat.

and

(2) All well known booksellers, Bombay.